ॐ

શ્રી પરમાત્મને નમઃ

શ્રીમદ્ ભગવત્ શ્રી સમન્તભદ્રાચાર્ય દેવ પ્રણીત

# શ્રી સ્તુતિ-વિદ્યા

( જિન શતક )

શ્રીમદ્ વસુનન્દિ આચાર્યકૃત સંસ્કૃત ટીકાના હિન્દી અનુવાદનો ગુજરાતી ભાવાર્થ – મૂળ પદ સાથે.

પ્રકાશક

શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ
જેતપુર (સૌરાષ્ટ્ર)

પ્રકાશક

દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ
જેતપુર (સૌરાષ્ટ્ર)

પ્રથમ આવૃત્તિ
પ્રત : ૫૦૦

વીર સં. ૨૫૦૩ સંવત. ૨૦૩૩

મુદ્રક

જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પ્રસ્તાવના

શ્રીમદ્ ભગવંત કુન્દકુન્દાચાર્ય તથા શ્રીમદ્ આચાર્યદેવશ્રી સમન્તભદ્ર સ્વામી એ બન્ને મહાત્માઓ વર્તમાન દિગંબર જૈન સાહિત્યના પ્રાણપ્રતિષ્ઠાપક છે. તેઓશ્રીની અમર રચનાઓ વડે જૈન સાહિત્યની શ્રીવૃદ્ધિ સાથે આચાર્યપ્રવર ઉજ્જવલ કીર્તિ ધરાવે છે. પ્રસ્તુત શાસ્ત્ર સ્તુતિ-વિદ્યા (જિન શતક) એક શબ્દાલંકાર પ્રધાન કાવ્ય ગ્રંથ છે જેમાં યમક આદિ વિવિધરૂપે ચિત્રાલંકારવડે આચાર્યદેવનું અગાધ કાવ્યકૌશલ્ય સહજ જણાઈ આવે છે. આ ગ્રંથ જિન-સ્તુતિ વિષયક છે. વૃષભ આદિ ચોવીસ જિનોની અલંકાર ભાષામાં અજોડ-અનુપમ કલાત્મક સ્તુતિ કરવામાં આવી છે જે મૂળ પદ્યો સહિત અત્રે ગુજરાતીમાં ભાવાર્થ સાથે પ્રકાશિત કરવામાં આવેલ છે. મુરજબંધ, અર્ધમુરજબંધ, અર્ધભ્રમ, ચક્રવૃત્ત વગેરે અનેક અલંકારો સહિત શબ્દ અલંકાર, અર્થઅલંકાર, અને ચિત્ર અલંકારરૂપ અનેક ભેદ-પ્રભેદોવડે અલંકૃત આ શાસ્ત્રની રચના થયેલ છે.

આચાર્યપ્રવર સ્વામી સમન્તભદ્રદેવનો કવિ, ગમક, વાદિ, વાગ્મિત્વ ગુણાલંકૃત વિશેષણો દ્વારા કવિત્વ, ગમત્વ, વાદિત્વ અને વાગ્મિત્વ એવા મહાન ગુણોથી અલંકૃત, શ્રીમદ્ ભગવંત જિનસેન આચાર્યદેવે આદિપુરાણમાં ઉલ્લેખ કર્યો છે. જૈન સમાજના પ્રતિભાશાલી અન્ય આચાર્યો તથા સમર્થ વિદ્વાનો અને સુપૂજ્ય મહાત્માઓમાં સ્વામી સમન્તભદ્ર આચાર્યનું પદ બહુ ઉચ્ચતમ છે. તેઓશ્રી સ્યાદ્વાદવિદ્યાના નાયક, એકાંતમતના પ્રતિષેધક, તથા અબાધિત શક્તિશાળી, સાતિશયયોગી, સાતિશયવાદી અને વાગ્મિ હતા. કવિ બ્રહ્મા, ઉત્તમ ગમક, અને સદ્ગુણોની મૂર્તિ, પ્રશાન્તચિત્ત, ગંભીર, ઉદારચિત્ત અને સિદ્ધસારસ્વત હતા, હિત-મિત ભાષી—લોકના અનન્યપ્રેમી એવા અર્હંત ભક્ત હતા. અર્હંતના ગુણોની અનન્ય પ્રીતિને લઈ તેઓશ્રીએ ભાવિ તીર્થંકર થવા યોગ્ય સાતિશય પુણ્ય ઉપાર્જન કર્યાનું વિધાન અનેક શાસ્ત્રોમાં છે. તેઓ-શ્રીને પદર્ધિકઋદ્ધિ અર્થાત્ ચારણઋદ્ધિની પ્રાપ્તિ થઈ હતી એવું વિધાન પણ શિલાલેખ આદિમાં કરવામાં આવેલ છે જેમ કે : જિનશાસન પ્રણેતા, સ્યાદ્-વાદ વિદ્યાગ્રગુરુ, સ્યાદ્વાદવિદ્યાધિપતિ, સ્યાદ્વાદ માર્ગાગ્રણી, સ્યાદ્કાર મુદ્રાંકિત,

તત્વદીપ, વાદિસિંહ, વાગ્મિ[illegible], [illegible]નિકુંજર, મહાકવીશ્વર, [illegible]ાસ્વાન્, મહાનકવિવેધા, સુતર્કશાસ્ત્રામૃતસારસાગર, વજ્રાંકુશસૂક્તિજાલ, મુનિવંદ્ય, જનાનંદ, સરસ્વતી સ્વૈરવિહારભૂમિ, દુર્વાદિવાદકંડુનાં, શમનૈકમહોષધિ, ભવ્ય કૈરવ–ચંદ્રમા, આદિ ઉચ્ચપદોના ઉલ્લેખ ભગવંતશ્રી જિનસેન આચાર્ય, શ્રીમદ્‌પૂજ્યપાદ આચાર્ય, શ્રી અકલંક સ્વામી આદિ પ્રસિદ્ધ મહાત્માઓએ તેઓના ગ્રંથોમાં આદર સહિત કરેલ છે; વસ્તુતઃ તેવા અનેક પૂજ્ય મહાત્મા-ઓમાં ભગવાનશ્રી સમન્તભદ્ર સ્વામીનું પદ ઘણું ઊંચું છે. તેઓશ્રી કવિઓમાં આદ્ય અનુપમ સ્તુતિકાર છે. તેમની કૃતિઓમાં—આપ્તમીમાંસા, યુક્ત્યનુશાસન, સ્વયંભૂસ્તોત્ર, જિન સ્તુતિશતક (સ્તુતિવિદ્યા) રત્નકરંડશ્રાવકાચાર, જીવસિદ્ધિ, તત્વાનુશાસન, પ્રાકૃત વ્યાકરણ, પ્રમાણ પદાર્થ કર્મ, પ્રાભૃત ટીકા, ગંધહસ્તિ મહાભાસ્ય, વગેરે મહાન શાસ્ત્રોની રચનાઓ પ્રસિદ્ધ છે.

અર્હંત ભક્તિ અને લોકહિત સાધનાની ઉત્કૃષ્ટ ભાવના વડે થનાર એ ભાવિ જિનને નમો નમઃ

શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ
જેતપુર (સૌરાષ્ટ્ર)



# મંગલાચરણ

તીર્થં સર્વપદાર્થ તત્ત્વ-વિષય સ્યાદ્વાદ-પુણ્યોદધે-
ભવ્યાનામકલંક ભાવ-કૃતયે પ્રાભાવિ કાલે કલૌ ।
યેનાચાર્ય સમન્તભદ્ર-યતિના તસ્મૈ નમઃ સન્તતં
કૃત્વા તન્સ્વધિનાયકં જિનપતિં વીરં પ્રણૌમિ સ્ફુટં ।।

(અષ્ટશતી)

યેનાऽશેષ-કુનીતિ-વૃત્તિ-સરિતઃ પ્રેક્ષાવતાં શોષિતાઃ
યદ્વાચોऽપ્યકલંક નીતિ-રુચિરાસ્તત્ત્વાર્થ સાર્થ-દ્યુતઃ ।
સ શ્રી સ્વામિસમન્તભદ્ર-યતિભૃદ્ ભૂયાદ્વિભુર્ભાનુમાન્
વિદ્યાનંદ-ઘન-પ્રદોऽનઘધિયાં સ્યાદ્વાદ-માર્ગાગ્રણીઃ ।।

યચ્ચેતોજર્લધેર્જાતં સ્તુતિવિદ્યા–સુધાભરમ્
નિપીય નિર્જરી જાતા વિબુધા જગતી તલે ।।૧।।
ઉદ્દન્ડ-વાદિ-વેતન્ડ-ગન્ડ-મન્ડલ-દન્ડનઃ
જીયાત્ સમન્તભદ્રોऽસૌ જિતાऽભદ્ર-તતિઃ સદા ।।૨।।

# मंगलाचरण

यच्चेतार्जलधेर्जातं स्तुतिविद्या-सुधाभरम् ।
निपीय निर्जराजाता विबुधा जगती-तले ॥१॥

उद्दण्ड-वादि-वेतण्ड-गण्ड-मण्डल-दण्डनः ।
जीयात्समन्तभद्रोऽसौ जिताऽभद्र-ततिः-सदा ॥२॥

( टीकाकारस्य मंगलाचरणम् )

नमो वृषभनाथाय लोकालोकाऽवलोकिने ।
मोहपङ्कविशोषाय भासिने जिनभानवे ॥१॥

समन्तभद्रं सद्बोधं स्तुवे वर-गुणालयम् ।
निर्मलं यद्य शस्कान्तं बभूव भुवनत्रयम् ॥२॥

यस्य च सद्गुणाधारा कृतिरेषा सुपद्मिनी ।
जिनशतकनामेति योगिनामपि दुष्करा ॥३॥


तस्या प्रबोधकः कश्चिन्नास्तीति विदुषां मतिः ।
यावत्तावद्बभूवैको नरसिंहो विभाकरः ॥४॥

दुर्गमं दुर्गमं काव्यं श्रूयते महतां वचः ।
नरसिंहं पुनः प्राप्तं सुगमं सुगमं भवेत् ॥५॥

स्तुतिविद्यां समाश्रित्य कस्य न क्रमते मतिः ।
तद्वृत्तिं येन चाड्येतु कुरुते वसुनंद्यपि ॥६॥

आश्रयाज्जायते लोके निःप्रभोऽपिमहाद्युतिः ।
गिरिराजं श्रितःकाको धत्ते हि कनकच्छविम् (विः) ॥७॥

( श्री वसुनन्दि टीका )



श्री सर्वज्ञदेवाय नमः

श्री मत्स्वामिसमन्तभद्राचार्य विरचित—

# स्तुति-विद्या

## अपर नाम जिन-शतक

## (१)

( મુરજબંધ )

ऋषभस्तुति

**श्री मज्जिन पदाऽभ्याशं प्रतिपद्याऽऽगसांजये ।**
**कामस्थान प्रदानेशं स्तुतिविद्यां प्रसाधये ॥ १ ॥**

**અર્થ :–** કામસ્થાન – ઇષ્ટ સ્થાન અર્થાત્ મોક્ષસ્થાનનું તથા ઇન્દ્રિયસુખસ્થાન-સ્વર્ગાદિકનું એ બન્નેનું અથવા ઇન્દ્રિય વિષયોના નિગ્રહરૂપ અતીન્દ્રિય સુખનું તથા સંસાર પરિભ્રમણની નિવૃત્તિરૂપ સ્વાત્મ સ્થિતિનું સુખ એમ બન્ને પ્રકારનાં સુખ પ્રદાન કરવાને સમર્થ એવા શ્રીમાન–કેવળજ્ઞાન આદિ લક્ષ્મીસંપન્ન–શ્રીજિનેન્દ્રદેવ, તેના ચરણકમળ સન્મુખ જઈ તેમનું શરણ લઈ પાપોને જીતવાને માટે અર્થાત્ મોહાદિ પાપ કર્મો અથવા હિંસાદિ દુષ્કર્મો ઉપર વિજય પ્રાપ્ત કરવાને માટે હું અત્યારે સ્તુતિવિદ્યાની પ્રસાધના કરવા ઇચ્છું છું તથા

તેને સર્વ પ્રકારે સિદ્ધ કરવા માટે ઉદ્યત-તત્પર થયો છું કેમકે ઉત્તમ એવા કામસ્થાન પ્રદાન કરવાને માટે તે સમર્થ છે અર્થાત્ એથી જ ઇષ્ટ સ્થાનની પ્રાપ્તિ થાય છે. (૧)

**ભાવાર્થ** :- સ્તુતિ વિદ્યાની સિદ્ધિ માટે સમ્યક્ પ્રકારે લીનતા થતાં જે શુભ પરિણામો ઉદ્ભવે છે તેનાથી પાપો ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત થાય છે. તથા તે વિશુદ્ધિનું ફળ કામસ્થાનની–મોક્ષની–પ્રાપ્તિ હોય છે. તેથી સ્વામી શ્રી સમન્તભદ્ર આચાર્યદેવ, જિનેન્દ્રના ચરણકમળની નિકટ જઈ તેમની વીતરાગ મુદ્રાની સન્મુખ સ્થિત થઈ અને તેમને પોતાના હ્રદયમંદિરમાં બિરાજમાન કરીને, તેમની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયાં છે. (૧)

( મુરજબન્ધ ગોમૂત્રિકાબંધશ્ચ )

**स्नात स्वमलगम्भीरं जिनामितगुणार्णवम् ।**
**पूत श्रीमज्जगत्सारं जनायात क्षणाच्छिवम् ॥ २ ॥**

**અર્થ** :- હે ભવ્યજનો ! જિનેન્દ્ર દેવનો જે અનંત-અગાધ-ગુણરૂપી સાગર છે તે અત્યંત નિર્મળ, ગંભીર, પવિત્ર, સુશોભિત, શ્રીસંપન્ન અને સંસારમાં સારભૂત છે. તમે એ સમુદ્રમાં સ્નાન કરો-એકાગ્ર ચિત્તે તેમાં નિમગ્ન થાઓ, તેના ગુણોને સંપૂર્ણપણે અપનાઓ, જેના ફળરૂપે આત્મકલ્યાણની પ્રાપ્તિ અતિ ત્વરાથી થાય છે. અર્થાત્ આરાધનાવડે તમે શિવ-પદને શીઘ્ર પામો.

**ભાવાર્થ** :- ઉપર કહ્યા એવા ગુણ વિશિષ્ટ જિન-ગુણ-સમુદ્રમાં ભક્તિપૂર્વક સ્નાન કરવાથી – શ્રદ્ધાપૂર્વક જનેન્દ્રદેવના આત્મિક ગુણ સમજી, આરાધીને આત્મિકલ્યાણની પ્રાપ્તિ શીઘ્ર થાય છે જ. માટે આચાર્યદેવે જિનગુણસાગરમાં સ્નાન માટેની સાર્થક પ્રેરણા કરી છે.



( અર્દ્ધ ભ્રમગૂઢપશ્ચાર્દ્ધ : )

**धियाये श्रितयेतार्त्या यानुपायान्वरानताः ।**
**येऽपापा यातपारा ये श्रियाऽऽयातानतन्वत ॥ ३ ॥**
**आसते सततं ये च सति पूर्वक्षयालये ।**
**ते पुण्यदा रतायातं सर्वदा माऽभिरक्षत ॥ ४ ॥ युग्मं**

**અર્થ** :- જે પીડારહિત – અનંત સુખસંપન્ન – છે, જ્ઞાનાવરણકર્મના આત્યંતિક ક્ષયથી ઉપલબ્ધ જે કેવળજ્ઞાનરૂપી બુદ્ધિ સહિત છે, એવા સર્વજ્ઞદેવને ઉપાય-ઉપગમ્ય — શેવ-નીક સમજીને ઈન્દ્ર આદિ શ્રેષ્ઠ પુરુષો નમસ્કાર કરે છે. જે પાપ-કર્મ-મલથી રહિત છે, (સંસારસાગરનો) જે પાર પામી ચૂકયા છે, અર્થાત્ જેણે સર્વ પદાર્થો જાણી લીધા છે અને જે શરણાગત ભવ્ય પુરુષોને લક્ષ્મી વડે વિસ્તૃત કરે છે – કેવળજ્ઞાન આદિ લક્ષ્મી વડે સંયુક્ત કરે છે — તથા જે સદા ઉત્કૃષ્ટ અને અવિનાશી એવા મોક્ષ મંદિરમાં નિવાસ કરી રહ્યા છે એવા હે કલ્યાણના પ્રદાતા જિનેન્દ્ર ભગવંત ! હું ભક્તિપૂર્વક આપના શરણે આવ્યો છું – આપની સન્મુખ ખડો છું, તો સદા મારી રક્ષા કરો જેથી ભક્તિપૂર્વક આરાધના વડે હું સ્વ આત્મવિકાસ સાધવાને સમર્થ બનું. (૩-૪)

( સાધિક પદાભ્યાસ યમક : )

**नतपीला सनाशोक सुमनोवर्षभासितः ।**
**भामण्डलासनाऽशोकसुमनोवर्षभाषितः ॥ ५ ॥**

( ગુપ્ત ક્રિયો મુરજ બંધ : )

**दिव्यैर्ध्वनिसितच्छत्रचामरैर्दुन्दुभिस्वनैः ।**
**दिव्यैर्विनिर्मितस्तोत्रश्रमदर्दुरिभिर्जनैः ॥ ६ ॥ युग्म**

**અર્થ** :– હે ઋષભદેવ ! આપ નમ્ર મનુષ્યોની સાંસારિક સર્વ વ્યથાઓને હરો છો, આપ શોક રહિત છો, આપનું હૃદય ઉત્તમ છે, આપ લોકકલ્યાણકારક ભાવનાઓથી ભરપૂર છો. હે પ્રભો ! આપ ભામંડલ, સિંહાસન, અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, મનોહર દિવ્ય ધ્વનિ, શ્વેતછત્ર, ચમર, અને દેવદુન્દુભિનાદથી શોભિત છો; તેમજ અનેક સ્તોત્રો વડે શ્રમિત, અર્થાત્ મધુર સ્વરથી દર્દુર આદિ વાદ્ય–વાજિંત્રો વડે અનેક પ્રકારે સ્તુતિ કરનારા એવા દિવ્ય આત્માઓની સાથે અર્થાત્ દેવ, દેવેન્દ્ર, વિદ્યાધર, ચક્રવર્તી આદિ મહાત્માઓની સાથે (સમવસરણ ભૂમિમાં) બિરાજમાન–સ્થિત–થયેલા હતા. અને તે સર્વેની સાથે આપે આકાશ માર્ગે વિહાર કર્યો હતો.

**ભાવાર્થ** :– ભગવંત જ્યારે સમવસરણમાં બિરાજમાન હોય છે ત્યારે તેમને તીર્થંકરનામકર્મના ઉદયે – તે ઉદયના ફળરૂપે–આઠ પ્રાતિહાર્યરૂપ વિભૂતિ પ્રગટે છે જે અત્યંત સુશોભિત હોય છે. સમવસરણમાં બેઠેલા દેવ–દેવેન્દ્ર, વિદ્યાધર, આદિ ભવ્ય જીવો અનેક પ્રકારના વાજિંત્રો બજાવી, મનોહર શબ્દો વડે તેમની સ્તુતિ કરે છે તથા જ્યારે ભગવાનનો આકાશમાર્ગે વિહાર થાય છે ત્યારે તે સર્વે પ્રાતિહાર્યરૂપ વિભૂતિઓ અને અનેક ઉત્તમ જીવો તેમની સાથે વિહારમાં સાથે રહે છે. એ સર્વે વાતો વડે અત્રે આચાર્ય શ્રી સમન્તભદ્ર સ્વામીએ ભગવાન ઋષભદેવનો અલૌકિક પ્રભાવ પ્રગટ કર્યો છે. (૫–૬)

(મુરજ બંધઃ)

**યતઃ શ્રિતોપિ કાન્તાભિર્દૃષ્ટા ગુરુતયા સ્વવાન્ ।**
**વીતચેતોવિકારાભિઃ સ્રષ્ટા ચારુધિયાં ભવાન્ ॥ ૭ ॥**



**અર્થ** :– હે પ્રભો ! જો કે આપ સમવસરણમાં અનેક નિર્વિકાર–કામેચ્છારહિત–એવી સુંદર દેવાંગનાઓ વડે સેવાને પ્રાપ્ત છો–અનેક સુંદર દેવીઓ આપની ઉપાસના કરે છે–તથાપિ આત્મવાન–જિતેન્દ્રિય આપ હોવાને લીધે–આપને મહાન, પૂજ્ય માનવામાં આવે છે. આમ તેમની નિર્મળ બુદ્ધિના ઉત્પાદક અને વિધાતા આપ જ છો.

**ભાવાર્થ** :– હે પ્રભો ! આપ સુંદર સ્ત્રીઓ વડે આરાધ્ય છો–સેવાને પ્રાપ્ત છો–આપ તે સર્વેને પિતૃભાવ–પિતાતુલ્ય ભાવથી જુઓ છો, પુત્રી પ્રત્યે પિતાની દૃષ્ટિ જેમ નિર્વિકાર હોય છે તેમ આપની દૃષ્ટિ તેઓ પ્રત્યે નિર્વિકાર હોય છે. આપ સ્વવાન એટલે જિતેન્દ્રિય અને જ્ઞાનવાન છો માટે તેઓની એવી ઉત્તમ નિર્મળ બુદ્ધિના ઉત્પાદક આપને જ માની શકાય.

**વિશેષાર્થ** :– જોકે સંસારમાં સ્ત્રીઓનો સંપર્ક ઘણું કરીને માનવીની પ્રતિષ્ઠાને ઘટાડે છે પરંતુ અહીં આપની પ્રતિષ્ઠામાં અંશે પણ ક્ષતિ થતી નથી કેમકે જે સ્ત્રીઓ આપની ભક્તિ કરી રહી છે તેઓ આપના પ્રતાપે સ્વયં વિકારરહિત જ બની જાય છે. એ સ્થિતિમાં સ્ત્રીઓ મનોહર સ્તોત્રો વડે આપની ભક્તિ કરે છે તે જરાપણ અયોગ્ય ઠરતું નથી. (આપનો પ્રભાવ જ એવો છે.)

(મુરજ બંધઃ)

**વિશ્વમેકો રુચામાऽऽકો વ્યાપો યેનાર્ય ! વર્તતે ।**
**શશ્વલ્લોકોऽપિ ચાऽલોકો દ્વીપો જ્ઞાનાર્ણવસ્યતે ॥ ૮ ॥**

**અર્થ** :– હે આર્ય ! આ સમસ્ત લોક અને અલોક આપના કેવળજ્ઞાનમાં માત્ર પ્રમેયરૂપ–એકજ્ઞેયરૂપ છે. આપનું

કેવળજ્ઞાન લોકના સમસ્ત પદાર્થોને તથા અલોકને જાણે છે, તેથી આપના જ્ઞાનસાગરમાં તે માત્ર એક દ્વીપ સમાન છે.

**ભાવાર્થ** :- જેવી રીતે વિસ્તારરૂપ વિશાળ મહાસાગરમાં નાના નાના બેટો હોય છે તેવી રીતે આપના જ્ઞાનમાં લોક અલોક ભાસે છે. દ્વીપની અપેક્ષાએ આપના જ્ઞાનનો વિસ્તાર અનંત છે તેમાં જ્ઞેય પદાર્થ દ્વીપની જેમ છે. જોકે પદાર્થો પણ અવશ્ય અનંત છે તોપણ આપના અનંતાનંત જ્ઞાનની અપેક્ષાએ તેઓ બહુ અલ્પ છે. (અનંતના પણ ભેદ અનંત હોય છે) ૮

( મુરજ બન્ધઃ )

**श्रितः श्रेयोऽप्युदासीने यत्त्वय्येवाऽश्नुते परः ।**
**क्षतं भूयो मदाहाने तत्त्वमेवार्चितेश्वरः ॥ ९ ॥**

**અર્થ** :- હે પ્રભો ! જો કે આપ ઉદાસીન છો, રાગ-દ્વેષથી રહિત છો તોપણ આપની સેવા કરનાર-વિશુદ્ધ ચિત્તથી આપનું ધ્યાન કરનાર પુરુષ કલ્યાણની જ પ્રાપ્તિ કરે છે. અહંકારથી ભરેલ રાગદ્વેષયુક્ત જે અન્ય કુદેવાદિક, તેની સેવા કરનાર જીવને માત્ર અહિતની જ-દુઃખની જ પ્રાપ્તિ થાય છે; માટે એક આપ જ પૂજ્ય છો અને ઈશ્વર છો.

**ભાવાર્થ** :- જે જીવ નિર્મળ ભાવથી આપની સ્તુતિ કરે છે અને આપનો આશ્રય લીએ છે, તેને શુભ કર્મોનો આસ્રવ થતા અનેક મંગળ પ્રસંગોની પ્રાપ્તિ થાય છે તથા જે કલુષિત ભાવથી આપની નિંદા કરીને અન્ય કુદેવ અથવા રાજામહારાજાની સેવા કરે છે તેને અશુભ આસ્રવનો બંધ થવાથી અનેક પ્રકારે અમાંગલિક, દુઃખોના જ પ્રસંગોનો



ઉદય થાય છે. જોકે આપ તો આપની સ્તુતિ કે નિંદા કરનાર બન્ને પ્રત્યે સમભાવથી-સમાન દૃષ્ટિથી-દેખો છો. ( કોઈને સારા કે કોઈને બૂરા દેખતા નથી ) ૯

( ગત પ્રત્યાગતાર્દ્ધઃ )

**भासते विभुताऽस्तोना ना स्तोता भुवि ते सभाः ।**
**याः श्रिताः स्तुत ! गीत्यानुनुत्यागीतस्तुताः श्रिया ॥ १० ॥**

**અર્થ** :- હે સ્તુત ! આપની સ્તુતિ કરનાર પુરુષ જગતમાં તીર્થંકરપદ પામીને એવી સમવસરણ સભા આદિ વિભૂતિને પ્રાપ્ત થઈ અત્યંત શોભાને પામે છે, જે સભા અષ્ટ મહાપ્રાતિહાર્ય રૂપ લક્ષ્મીથી સુશોભિત છે, જેનું વર્ણન સંગીતમય સ્તોત્ર વડે કરવામાં આવે છે, શ્રેષ્ઠ પુરુષો જેને પૂજ્ય ગણે છે અને નમસ્કાર કરે છે. આવી ધર્મસભા વડે અન્ય સર્વ સભાઓ ઝાંખી પડે છે-તિરસ્કૃત બને છે.

**ભાવાર્થ** :- આપના સ્તવન-ભક્તિ-વડે મનુષ્યો તીર્થંકરપદની પ્રાપ્તિ કરે છે જેમાં તેઓ સમવસરણ સભા આદિ અંતરબાહ્ય લક્ષ્મીને પ્રાપ્ત થઈ આપની સમાન શોભાને પામે છે. આવી સ્થિતિ-આ વિભૂતિ-અન્ય કોઈ દેવ કે રાજામહારાજાના આશ્રય-ભક્તિ વડે પામી શકાતી નથી કારણ કે તીર્થંકરપ્રકૃતિ (નામકર્મ)નો આસ્રવ માત્ર કેવળી અથવા શ્રુતકેવળીની સમક્ષ જ બંધાય છે-તેની સમીપ રહેનારને તે પ્રકૃતિ બંધાય છે ( જિન થઈ જિન આરાધે સોહી જિનવર હોવે રે ) ૧૦

( શ્લોક યમકઃ ) ( બન્ને ગાથામાં સમાન શબ્દ )

**स्वयं शमयितुं नाशं विदित्वा सन्नतस्तु ते ।**
**चिराय भवते पीडयमहोरुगुरवेऽशुचे ॥ ११ ॥**
**स्वयं शमयितुं नाशं विदित्वा सन्नतः स्तुते ।**
**चिराय भवतेपीड्य महोरुगुरवे शुचे ॥ १२ ॥**

**અર્થ** :– હે સ્તુત્ય ! હે દિવ્ય ધ્વનિરૂપ કિરણોથી સુશોભિત અપૂર્વ સૂર્ય ! જે જ્ઞાની પુરુષ, વિનાશનો નાશ કરવા માટે અર્થાત્ અજર અમર પદની પ્રાપ્તિ માટે, આપને કે જે શોક રહિત તથા નિર્બાધ પ્રતાપરૂપ અને કેવળજ્ઞાન-સંપન્ન છો તેને સમ્યક્ પ્રકારે પ્રાપ્ત કરી, શુદ્ધ ભાવથી, નમસ્કાર કરે છે તેમ જ સર્વે કર્મોનો નાશ કરનાર એવા આપના સ્તવનમાં તલ્લીન બને છે તે પ્રાપ્ત દુઃખનો નાશ કરી અન્તે પુણ્ય સ્વરૂપ, અવિનાશી, એવી પરમ સુખસમાધિને પામે છે.

**ભાવાર્થ** :– જે ભવ્ય જીવ ભક્તિ પૂર્વક આપને નમસ્કાર કરે છે તેનાં સર્વે દુઃખોનો નાશ થઈ અંતિમે તે જન્મમરણનાં દુઃખોનો નાશ કરી અવિનાશી મોક્ષપદને પામે છે. ૧૧–૧૨

( પ્રથમપાદોદ્ભૂતપસ્યા ‘ક’ક્ષર વિરચિત શ્લોક )

**ततोतिता तु तेतीतस्तोतृतोतीतितोतृत: ।**
**ततोऽतातिततोतोते ततता ते ततोतत: ॥ १३ ॥**

**અર્થ** :– હે ભગવાન ! વિજ્ઞાનવૃદ્ધિ–બુદ્ધિની પ્રાપ્તિને રોકનારા એવા જ્ઞાનાવરણીય આદિ કર્મોથી આપે આપની વિશેષ રક્ષા કરી છે. જ્ઞાનાવરણ આદિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન આદિ વિશેષ આત્મીય ગુણોની પ્રાપ્તિ કરી છે તથા આપ પરિગ્રહ રહિત છો–સ્વતંત્ર છો– અને પૂજ્ય તથા સુરક્ષિત છો. વળી આપે જ્ઞાનાવરણ આદિ કર્મોના વિસ્તૃત સંબંધનો, અર્થાત્ તેના અનાદિકાળના સંબંધનો નાશ કર્યો છે માટે આપનું વિશાળપણું, પ્રભુતા સ્પષ્ટ છે. આપ ત્રણે લોકના સ્વામી છો. ૧૩





( એકાક્ષરવિરચિતૈકપાદઃ શ્લોક )

**येयायायाययेयाय नानानूनाननानन ।**
**ममाममाममामामिताततोतिततोतित: ॥ १४ ॥**

**અર્થ** :– હે ભગવાન ! આપનો આ મોક્ષમાર્ગ એવા જીવોને પ્રાપ્ત થઈ શકે છે કે જે પુણ્યબંધની સન્મુખ છે અથવા જેણે પૂર્વે પુણ્ય ઉપાર્જન કર્યું છે. સમવસરણમાં આપના ચાર મુખ દેખાય છે. આપનું કેવળજ્ઞાન પણ પૂર્ણ છે. સંસારના (અનંત) સર્વે પદાર્થોને આપ એકી સાથે (એક જ સમયમાં) દેખી જાણી રહ્યા છો. વળી જોકે આપ મમત્વ ભાવથી અને મોહપરિણામથી રહિત છો, તોપણ આપ જીવોની સંસાર સંબંધીની અનેક નાનીમોટી વ્યાધિઓનો નાશ કરી આપો છો. હે પ્રભો ! મારા પણ જન્મમરણરૂપી રોગનો નાશ કરી આપો. ૧૪

( પાદાભ્યાસસર્વપાદાન્તયમકઃ યુગ્મકયમકઃ )

**गायतो महिमायते गा यतो महिमाय ते ।**
**पद्मया स हि तायते पद्मयासहितायते ॥ १५ ॥**

**અર્થ** :– હે ભગવાન ! આપ સ્વયં માહાત્મ્યવાન છો. આપનું શરીર પણ લક્ષ્મી વડે–સૌંદર્યવડે–શોભે છે. અથવા આપ જ્યારે કમળો ઉપર વિહાર કરો છો ત્યારે દેવો આપના ચરણ તળે (સુવર્ણ)કમળોની રચના કરે છે. આપની આજ્ઞા –આપની વાણી ભવ્ય જીવોને હિતકારક છે. હે પ્રભો ! જે આપના ગુણગાન કરે છે તેની વાણીમાં પણ મહત્વ પ્રગટે છે. અર્થાત્ તેની વાણી અનેક અતિશયોવાળી બને છે, માટે હું આપના ચરણકમળોના ગુણગાનની સ્તુતિ–વિસ્તાર કરું છું.

ભાવાર્થ :- જિનેન્દ્ર દેવના ચરણકમળની સ્તુતિ કરવાથી જીવોને પોતાના વચનમાં એવી શક્તિ પ્રગટે છે કે જેના વડે સર્વોપકારી ઉપદેશ દેવામાં અર્થાત્ તેને દિવ્યધ્વનિ ખરે તેવી શક્તિ પ્રાપ્ત થવા તે સમર્થ બને છે. અત્રે પૂજ્ય આચાર્યશ્રી સમન્તભદ્રદેવ ભગવાન શ્રીઋષભનાથના ચરણોની સ્તુત કરવા પ્રવૃત્ત થયા છે. ( જે તેના ભાવિ તીર્થંકરપદ-પ્રાપ્તિની સાક્ષી પૂરે છે-સુસંગત છે )

## (૨) अजित-जिन स्तुतिः

( શ્લોક યમકઃ )

सदक्षराजराजित प्रभो दयस्व वर्द्धनः ।
सतां तमोहरन् जयन् महोदयापराजितः ॥ १६ ॥

અર્થ :- ઉત્તમ, અવિનાશી અને જરા રહિત, હે અજિતનાથ પ્રભો ! આપ ક્ષમા આદિ ગુણોથી વર્ધમાન-વૃદ્ધિ વાળા-છો, આપ સાધુ પુરુષોના અજ્ઞાન અંધકારનો નાશ કરનાર છો, આપ વિજયી છો-આપ કામક્રોધાદિ શત્રુઓના વિજેતા છો-અજિત છો-આપ કામ ક્રોધાદિ રહિત છો. હે દયાળુ ! હે દેવ ! એ દિવ્ય પ્રકાશ-તેજ, કેવળજ્ઞાન, મને આપો, ( અર્થાત્ જે જ્ઞાનપ્રકાશથી આપ પરમ પૂજ્ય ઉત્કૃષ્ટ સ્થિતિને પામ્યા છો તે જ્ઞાન મને પણ પ્રદાન કરો. ) ૧૬

सदक्षराजराजित प्रभोदय स्ववर्द्धनः ।
स तान्तमोह रंजयन् महोदयापराजितः ॥ १७ ॥

( બન્ને ગાથાના શબ્દો છૂટા પાડતાં અર્થ ફરે છે.
૧૬/૧૭ બન્ને ગાથામાં શબ્દો એ જ છે. )

અર્થ :- સમર્થ અને ચતુર રાજાઓ વડે શોભિત ! કેવળ-જ્ઞાનપૂર્ણ ! મોહ વિકારથી શૂન્ય ! હે અજિત દેવ ! આપ આત્મીયજનોને વૃદ્ધિરૂપ ઉત્કર્ષના કર્તા છો, ઉચ્ચપદે પહોંચાડનાર છો, તથા મહા ઐશ્વર્ય સહિત જે ઇન્દ્ર તેને, ચક્રવર્તી આદિને તથા કામ ક્રોધાદિ અંતરંગ શત્રુઓને આપ જીતનારા એવા મોટા મોટા ઋષિમુનિઓને, આપ, અનુરંજિત -આનંદિત-કરનાર છો. હે પ્રભો ! એવું સમ્યગ્જ્ઞાન મને પણ આપો કે જેના પ્રતાપે આપ આવી ઉત્કૃષ્ટ દશાને પ્રાપ્ત બની શક્યા છો. ( ૧૭ )



## (३) शम्भव-जिन-स्तुतिः

( અર્દ્ધ ભ્રમઃ )

नचेनो न च रागादिचेष्टा वा यस्य पापगा ।
नो वामैः श्रीयतेऽपारा नयश्रीर्भुवि यस्य च ॥ १८ ॥
पूतस्वनवमाचारं तन्वायातं भयाद्रुचा ।
स्वया वामेश पाया मा नतमेकार्च्य शंभव ॥ १९ ॥

( યુગ્મં )

અર્થ :- જેને પાપબંધ કરાવનાર રાગ આદિ ચેષ્ટાઓનો સર્વથા અભાવ થયો છે, અને જેની અપાર નયલક્ષ્મીને ભૂમિ-તલપર મિથ્યાદષ્ટિ જીવો પામી શક્યા નથી એવા તથા ઇન્દ્ર -ચક્રવર્તી આદિ પ્રધાન પુરુષોના નાયક-અદ્વિતીય પૂજ્ય હે સંભવ જિનેન્દ્ર ! આપ સર્વેના સ્વામી છો-રક્ષક છો, માટે આપના દિવ્ય પ્રકાશ વડે મારી પણ રક્ષા કરો. મારા આચાર પવિત્ર અને ઉત્કૃષ્ટ છે અને હું સંસારના દુઃખોથી ડરીને દેહ સહિત આપની સમક્ષ-આપના શરણે-આવ્યો છું ( મારી રક્ષા કરો. )

**ભાવાર્થ** :– હું કોઈનું ભલું કે બૂરું કરું એવી રાગ-દ્વેષથી ભરેલી ઇચ્છા અને તે મુજબની ક્રિયા વીતરાગદેવને હોતી નથી, તથાપિ વીતરાગની ભક્તિ વડે ભક્ત જીવોનું સ્વતઃ ભલું થઈ જાય છે કેમકે વીતરાગની ભક્તિથી શુભકર્મનો અનુભાગ (રસ) અધિક પડે છે અને પરિણામે પાપકર્મનો રસ ઘટી જાય છે, સંક્રમણ પામે કે મંદ પડી જાય છે, તેની સાથેનું અંતરાયકર્મ બાધક ન રહીને ઇષ્ટની સિદ્ધિ સહજ પ્રાપ્ત થાય છે. એ નયદૃષ્ટિ વડે અલંકારી ભાષામાં આચાર્ય શ્રી સમન્તભદ્ર ભગવાન શ્રી શંભવનાથને પ્રાર્થના કરે છે કે હું સંસારના દુઃખોથી ડરીને આપના શરણે આવ્યો છું તેમ જ મારા આચાર પણ પવિત્ર છે અને હું આપને નમસ્કાર કરી રહ્યો છું તો હવે આપ મારી રક્ષા કરો કેમકે આ કાર્ય માટે આપજ સમર્થ છો. આપના શરણે પહોંચી જવાથી મારા રક્ષણનું કાર્ય સ્હેજે આપની ઇચ્છા વિના સ્વયં બની આવે છે.

( અર્દ્ધ ભ્રમઃ )

**धाम स्वयममेयात्मा मतयादभ्रया श्रिया ।**
**त्वया जिन विधेया मे यदनन्तमविभ्रम ॥ २० ॥**

**અર્થ** :– હે મોહ રહિત શંભવનાથ જિનેન્દ્ર ! આપ આપની અભિમત ઘણી વિશાળ લક્ષ્મી વડે જ અમેયાત્મા અર્થાત્ અનંત જ્ઞાન સ્વરૂપી આત્મા બન્યા છો માટે આપ મને પણ તે ઉત્તમ પુણ્ય અને સુખ સહિતનું ધામ–મોક્ષ-પદ–તેજ અને જ્ઞાન પ્રદાન કરો જેનો કદી અંત ન હોય.

**ભાવાર્થ** :– સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન – જ્ઞાન, અનંત સહિતના પદની ભાવના કરી છે. (૨૦)



## (૪) अभिनन्दन-जिन-स्तुतिः

( અર્દ્ધ ભ્રમઃ)

**अतमः स्वनतारक्षी तमोहा वन्दनेश्वरः ।**
**महाश्रीमानजो नेता स्वव मामभिनन्दन ॥ २१ ॥**

**અર્થ** :– હે અજ્ઞાન અંધકારથી રહિત અભિનંદનનાથ ! હે જિનેન્દ્ર ! જે આપને નમસ્કાર કરે છે તેની આપ રક્ષા કરો છો. આપ મોહ રહિત છો, આપ વંદણાના ઈશ્વર છો – આપ સર્વને માટે વંદ્ય છો–આપ અનંત ચતુષ્ટય તથા અષ્ટ-પ્રાતિહાર્યરૂપ લક્ષ્મી–વિભવ–સંયુક્ત છો. આપ અજ–અર્થાત્ ભાવિ ભવગ્રહણરૂપ જન્મથી રહિત છો. આપ નેતા છો, મોક્ષ-માર્ગના ઉપદેશક નેતા–છો તેથી મારી પણ રક્ષા કરો, મને સંસારના દુઃખોથી બચાવો. ૨૧

( ગર્ભેમહાદિશિ ચૈકાક્ષરશ્ચતુરક્ષરચક્ર શ્લોકઃ )

**नन्द्यनन्तद्र्ध्यनन्तेन नन्तेनस्तेऽभिनन्दन ।**
**नन्दनर्द्धिरनम्रो न नम्रोनष्टेऽभिनन्द्य न ॥ २२ ॥**

**અર્થ** :– સમૃદ્ધિસંપન્ન, અનંતઋદ્ધિશાલી, અને અંતરહિત – હે અભિનન્દન સ્વામિન્ ! આપને નમસ્કાર કરવાવાળા પુરુષ (–આપની સમાન–) સર્વના ઈશ્વર બની જાય છે. જેઓ મહાન ઋદ્ધિના ધારક છે તે પણ (ગણધર આદિ) આપના વિષયમાં અનમ્ર નથી રહેતા, તેઓ પણ જરૂર આપને નમસ્કાર કરે જ છે તેમાં વળી જે આપની સ્તુતિ કરીને વિનમ્ર બન્યા છે તેનો કદી પણ નાશ થતો નથી, અર્થાત્ તે અવશ્ય અવિનાશી એવા મોક્ષપદની પ્રાપ્તિ કરે છે જ.

**ભાવાર્થ** :- જે સાચા હૃદયથી ભગવાનને નમસ્કાર કરે છે, તેને અનેક મહાન ઋદ્ધિઓ પ્રગટે છે અને તેઓ અંતે સર્વ કર્મોનો ક્ષય કરી અવિનાશી મોક્ષપદની પ્રાપ્તિ કરી લીએ છે. આચાર્ય દેવે અત્રે બરાબર યોગ્ય જ કહ્યું છે કે આપને નમસ્કાર કરનાર જીવ આપના જેવો જ-સંસારનો ઈશ્વર-બની જાય છે. ૨૨

**नात्यद्भुतं भुवन भूषण भूतनाथ,**
**भूतैर्गुणैर्भुविभवन्तमभिष्टु वन्तः ।**
**तुल्या भवन्ति भवतो ननु तेन किंवा,**
**भूत्याश्रितं यः इह नात्मसमंकरोति ॥**

ભક્તામર સ્તોત્ર ( માનતુંગ આચાર્ય )

( ગર્ભે મહાદિશિ ચૈકાક્ષરચક્ર શ્લોકઃ )

**नन्दन श्रीर्जिन त्वा न नत्वा नर्द्धया स्वनन्दि न ।**
**नन्दि नस्ते विनन्ता न नन्तानऽन्तोभिनन्दन ॥ २३ ॥**

**અર્થ** :- હે અભિનંદન જિન ! આપ અનંત ચતુષ્ટયરૂપ, સમૃદ્ધિવડે સુશોભિત છો. જે સમૃદ્ધિવાન પુરુષ પ્રસન્ન ચિત્તથી સ્વવિભૂતિ સહિત આપની પૂજા કરે છે-આપને નમસ્કાર કરે છે તે જરૂર-જરૂર અનંત બની જાય છે. અર્થાત્ તે જન્મ મરણથી રહિત અનંત એવા સિદ્ધપદની પ્રાપ્તિ કરે જ છે.

( ગર્ભમહાદિશૈકાક્ષર ચક્ર શ્લોકઃ )

**नन्दनं त्वाप्यनष्टो न नष्टोऽनत्वाभिनन्दन ।**
**नन्दनस्वर नत्वेन नत्वेन स्यन्न नन्दनः ॥ २४ ॥**

**અર્થ** :- હે મધુર-હિતમિત-ભાષી અભિનંદન જિન ! આપ કેવળજ્ઞાન આદિ ગુણો સંપન્ન છો; આપને પામીને સંસારમાં કોઈપણ જીવ નષ્ટ થતો નથી, આપના ચરણ કમળનો આશ્રય પામતાં પ્રત્યેક પ્રાણી જરૂર અવિનાશી મોક્ષ-પદને પામે જ છે. સંસારમાં નષ્ટ તો એ જ થાય અર્થાત્ જન્મ મરણના દુઃખોને તો એ જ પામે કે જેણે સહૃદય આપને નમસ્કાર કર્યા નથી. હે સ્વામિન્ ! જે આપને નમસ્કાર કરી દુષ્કર્મો-પાપોનો નાશ કરે છે તે અવશ્ય જ્ઞાનાદિ ગુણો વડે વૃદ્ધિસંપન્ન થઈ સંપૂર્ણ ગુણોની પ્રાપ્તિ કરે જ છે.



**ભાવાર્થ** :- જેનું હૃદય આપની ભક્તિ વડે ઉજ્વલ બને છે તે જીવ દુષ્કર્મોનો નાશ કરી ઉચ્ચ પદની પ્રાપ્તિ કરે છે-તે પરમાત્મા બની જાય છે-સર્વ કર્મોનો નાશ કરી મુક્તિને પામે છે-સંસારના દુઃખોથી સર્વથા મુકાય છે.

## (૫) सुमति-जिन-स्तुतिः

( સમુદ્ગકયમકઃ )

**देहिनो जयिनः श्रेयः सदाऽतः सुमते ! हितः ।**
**देहि नोजयिनः यः स दातः सुमतेहितः ॥ २५ ॥**

**અર્થ** :- હે સુમતિ જિનેન્દ્ર ! કર્મરૂપી શત્રુઓને જીતવા ઇચ્છનાર પ્રાણીઓને માટે આપ ઉપાસનીય છો-જે પ્રાણી પોતાના કર્મરૂપી શત્રુઓને જીતવા ઇચ્છે છે તે અવશ્ય આપની જ ઉપાસના કરે છે ( આપની ઉપાસના વિના કર્મોનો નાશ કરી શકાતો નથી ) આપ સદા સર્વદા જીવોનું હિત કરનાર છો. આપે પ્રરૂપેલાં આગમ તથા આપની ચેષ્ટાઓ ઉત્તમ છે. આપ એજ છો-આપ જન્મમરણની વ્યથાથી મુક્ત છો; આપ સર્વના સ્વામી છો. હે દાનશીલ ભગવંત ! મને પણ મોક્ષરૂપી પરમકલ્યાણનું પ્રદાન કરો. (૨૫)

( ચક્રશ્લોકઃ )

**वर गौरतनु देव वंदे नु त्वाक्षयार्ज्जव ।**
**वर्जयार्त्तिं त्वमार्याव वर्यामानोरुगौरव ॥ २६ ॥**

**અર્થ** :- વિનાશ અને અવિવેકથી રહિત ( અર્થાત્ અવિનાશી અને આર્જવધર્મસંયુક્ત ) હે આર્ય ! હે સર્વોત્તમ ! હે અપરિમિત - વિશાલ - ગૌરવયુક્ત શ્રી સુમતિદેવ ! આપનું શરીર તપાવેલ સુવર્ણ જેવું અત્યંત ગૌરવર્ણું છે. આપનો મહિમા અનંત અને સર્વશ્રેષ્ઠ છે-આપના પ્રત્યે મારા વારંવાર નમસ્કાર છે. આપ મારા જન્મ-મરણનાં દુઃખોનો નાશ કરો, અને સંસારનાં દુઃખોથી મારી રક્ષા કરો. (૨૬)

## (૬) पद्मप्रभ-जिन-स्तुतिः

( અર્દ્ધભ્રમઃ )

**अपापापदमेय श्रीपादपद्म प्रभोऽर्दय ।**
**पापमप्रतिमाभो मे पद्मप्रभ मतिप्रद ॥ २७ ॥**

**અર્થ** :- હે પ્રભો ! આપના ચરણકમળ પૂર્વસંચિત પાપકર્મોથી રહિત છે, આપત્તિઓથી શૂન્ય છે, અને અપાર લક્ષ્મીની શોભાના આધાર છે. આપ સ્વયં અનુપમ પ્રભા વડે પ્રકાશવંત છો માટે હે સમ્યગ્જ્ઞાનના દાતા શ્રી પદ્મપ્રભ જિનેન્દ્ર ! મારા પણ પાપોનો નાશ કરી આપો.

**ભાવાર્થ** :- આપના નિષ્પાપ - પવિત્ર ચરણકમલોના આશ્રયથી મનુષ્યોને એવું સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે કે જેના વડે તે પોતાના સમસ્ત પાપકર્મોને તથા તેના ફળસ્વરૂપે ઉત્પન્ન થતી આપત્તિઓને નષ્ટ કરી પોતાને અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મીથી સંયુક્ત કરે છે; ત્યારે તેનો આત્મા અનંત પ્રકાશ વડે દેદીપ્યમાન શોભે છે.



( ગતપ્રત્યાગતપાદયમકશ્લોકઃ )

**वंदे चारुरुचां देव भो वियाततया विभो ।**
**त्वामजेय यजे मत्वा तमितांतं ततामित ॥ २८ ॥**

**અર્થ** :- હે વિભો ! આપ ઉત્તમ કાન્તિ, ભક્તિ અને જ્ઞાનથી સંપન્ન જીવોના દેવ છો-તેઓમાં આપ અત્યંત શ્રેષ્ઠ છો. આપ અંતરંગ અને બહિરંગ શત્રુઓથી અજેય છો, આપ અનંત પદાર્થોનું નિરુપણ કરનાર છો અથવા જ્ઞાન, દર્શન આદિ ગુણો વડે વિસ્તૃત છો. આમ સીમા રહિત એવા અસીમ છો. હે પદ્મપ્રભ દેવ ! હું આપને અંતર્રહિત-અવિનાશી જાણું છું છતાં ઘણી ધૃષ્ટતા-અવિવેકથી હું આપને નમસ્કાર કરું છું અને ધૃષ્ટતા પૂર્વક રહી આપની પૂજા પણ કરું છું. —( શક્તિ નથી છતાં ભક્તિવિશેષથી કરું છું. )

**ભાવાર્થ** :- આચાર્યદેવે અહીં એવા ભાવ વ્યક્ત કર્યો છે કે જ્યારે ઈન્દ્ર તથા ગણધરદેવ પણ સંપૂર્ણ વિધિથી આપની પૂજા કરી શકતા નથી તથા નમસ્કાર કરી શકતા નથી ત્યારે આપના પ્રત્યેનું મારું આ પૂજન અને નમસ્કાર છે તે તો માત્ર મારી ધૃષ્ટતા-( ધીઠાઈ-અવિવેક ) સિવાય બીજું શું કહી શકાય ! ( મોટા પુરુષો સામે મારી શક્તિ તદ્દન અલ્પ છતાં ભક્તિ મને એ કરવા પ્રેરે છે ) (૨૮)

## (૭) सुपार्श्व-जिन-स्तुतिः

( મુરજઃ )

**स्तुवाने कोपने चैव समानो यन्न पावकः ।**
**भवानैकोपि नेतेव त्वमाश्रेयः सुपार्श्वकः ॥ २९ ॥**

**અર્થ** :– હે ભગવંત શ્રી સુપાર્શ્વનાથ ! આપ સ્તુતિ કરનાર કે નિંદા કરનાર પ્રત્યે, બન્નેના વિષયમાં, સમાન છો–સમ છો, રાગદ્વેષથી રહિત છો. આપ સર્વને પવિત્ર કરનારા છો, સર્વને હિતકારક બોધ આપીને કર્મોનાં બંધનથી મુક્ત કરનાર છો. ખરેખર આપ એક અસહાય (બીજા પક્ષે પ્રધાન) હોવા છતાં પણ નેતા તરીકે સર્વ જીવોને માટે આશ્રયણીય-સેવનીય છો.

**ભાવાર્થ** :– જેવી રીતે એક જ નેતા અનેક જીવોને માર્ગ દેખાડનાર અને ઇષ્ટ સ્થાન પર પહોંચાડનાર હોય છે, એ રીતે આપ પણ અનેક જીવોને મોક્ષમાર્ગ બતાવીને ઇષ્ટ-સ્થાને–મોક્ષસ્થાને પહોંચાડી દીઓ છો. તેમજ આપ સ્વયં પણ પહોંચી જાઓ છો. એથી ખરેખર આપ સર્વના નેતા છો અને શ્રદ્ધા-ભક્તિનું ભાજન છો. (૨૯)

## (૮) શ્રી चन्द्रप्रभ-जिन-स्तुतिः

(મુરજ :)

**चन्द्रप्रभो दयोजेयो विचित्रेऽभात् कुमण्डले ।**
**रुन्द्रशोभोक्षयोमेयो रुचिरे भानुमण्डले ॥ ३० ॥**

**અર્થ** :– હે ચન્દ્રપ્રભ જિનેન્દ્ર ! આપ ચન્દ્રમા તુલ્ય પ્રભાના ધારક છો પરંતુ ચન્દ્રમામાં અને આપમાં નીચે પ્રમાણે ભેદ–હીનાધિકતા છેઃ આપ સર્વને સુખ કરનાર ને રક્ષક છો, પરંતુ ચન્દ્રમા ચકવા ચકવી આદિને દુઃખ-પીડા કરનાર છે. આપ અજેય, કોઈથી ન જીતી શકાય તેવા છો, પરંતુ ચંદ્રમા રાહુ વડે ઘેરાઈ જાય છે–ગ્રસિત થઈ જાય છે. આપ ત્રણ લોક અને અલોકમાં પ્રકાશમાન રહ્યા છો– સર્વત્ર પદાર્થોના જ્ઞાતા



છો, પરંતુ ચંદ્રમા તો માત્ર પૃથ્વીમંડળમાં જ પ્રકાશમાન રહે છે. આપની શોભા રૂન્દ્ર એટલે અતિવિશાળ છે અને ચન્દ્રમાની શોભા મર્યાદિત પ્રમાણમાં છે. આપ અક્ષય છો, અને ચન્દ્રમા ક્ષય સહિત છે, કેમકે કૃષ્ણપક્ષમાં તે ક્રમે ક્રમે ક્ષીણ થતો જાય છે. આપ અપરિમિત-અમાપ છો, અર્થાત્ આપના ગુણો અમાપ છે. અથવા આપ પ્રમાણ નયના વિષય નથી–અપ્રમેય છો; પરંતુ ચન્દ્રમા પ્રમાણગોચર છે–મર્યાદા સહિત છે. ચન્દ્રમાને સોળ કળા છે તથા તે પ્રમાણનો વિષય છે. સૂર્યમંડળ પ્રકાશતો હોવા છતાં પણ આપ દેદીપ્યમાનરૂપે શોભાસયુક્ત રહો છો, જ્યારે ચન્દ્રમા તો સૂર્યમંડળની સામે શોભા વિનાનો–હીનતેજવાળો બની જાય છે, ત્યારે આપ સદા-સર્વદા પ્રકાશી રહ્યા છો. એમ આપની શોભા અતિ વિશાલ છે.

**ભાવાર્થ** :– આ શ્લોકમાં ચંદ્રપ્રભ એ શ્લિષ્ટ વિશેષણથી પ્રથમ તો આઠમા તીર્થંકર શ્રી ચન્દ્રપ્રભુ અને ચંદ્રમા તે બન્નેનું સદૃશ્યપણું કહી ત્યાર બાદ અન્ય વિશેષણો વડે ચન્દ્રમાની અપેક્ષાએ આઠમા તીર્થંકર શ્રી ચન્દ્રપ્રભ જિનેન્દ્રમાં વિશેષપણું-તફાવત સિદ્ધ કરવામાં આવેલ છે. (૩૦)

(મુરજ :)

**प्रकाशयन् खमुद्भूतस्त्वमुद्घांककलालयः ।**
**विकासयन् समुद्भूतः कुमुद कमलाप्रियः ॥ ३१ ॥**

**અર્થ** :– હે વિભો ! આપ ચંદ્રરૂપ છો. જેમ ચન્દ્રમાનો ઉદય થતાં તે તુરત જ આકાશને પ્રકાશિત કરે છે તેમ આપ પણ (કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં) સમસ્ત લોકાકાશ અને અલોકાકાશને પ્રકાશિત કરો છો. ચન્દ્રમા જેમ હરણના મનોહર

ચિહ્નથી યુક્ત છે, તેમ આપ પણ મનોહર ચિહ્નો જે 'અર્ધચંદ્ર,' તે લક્ષણ વડે સંયુક્ત છો. જેમ ચન્દ્રમા સોળ કલાઓનો આલયધર-છે, તેમ આપ પણ કેવળજ્ઞાન આદિ અનેક કળાઓના સ્થાન છો. જેમ ચંદ્રમા નીલકમળોને વિકસિત કરતો ઉદય થાય છે, તેમ આપ પણ કુ-પૃથ્વીગત સમસ્ત જીવોને આનંદની વૃદ્ધિમાં ઉછાળો આવે તેમ ઉદય થાઓ છો-ઉત્પન્ન થાઓ છો. વળી ચંદ્રમા જેમ કમલાપ્રિય (કમળ +અપ્રિય) કમલોને માટે અત્યંત અનિષ્ટ-શત્રુ જેવો છે, કેમકે તે તેને નિમીલિત-મુગ્ધ કરી દીએ છે, તેમ આપ પણ કમલા-પ્રિય છો અર્થાત્ કેવળજ્ઞાન આદિ લક્ષ્મીને પ્રિય છો-(કમલા-પતિ=કેવળજ્ઞાન લક્ષ્મીના સ્વામી છો.)

**ભાવાર્થ** :- આપ (ચન્દ્રપ્રભુ) ચન્દ્રમાથી સદા અધિક સુશોભિત છો. કેમકે ચન્દ્રમા માત્ર અંધકારનો નાશ કરે છે. આપ અજ્ઞાન-અંધકારનો નાશ કરો છો, આકાશમાં ચંદ્રમા રાત્રે ઉદય થાય છે. આપ ત્રણે લોકમાં સદા ઉદય રૂપ છો. આ શ્લોકમાં ચન્દ્રમાનું સદૃશ્યપણું તેમજ વિદૃશ્યપણું બતાવ્યું છે તેથી શ્લોક શ્લેષાલંકાર છે. તેથી નીચે પ્રમાણે પણ અર્થ થાય છે. હે પ્રભો ! હે ચંદ્રપ્રભુ ! ચંદ્રની જેમ આપ શોભાયમાન તો છો જ, પરંતુ બન્ને વચ્ચે વિશેષતાઓ પણ છે. ચન્દ્ર તો માત્ર આકાશને પ્રકાશતો ઉદય થાય છે, આપ સમસ્ત જગતને પ્રકાશતા (દ્રવ્યાર્થિક નયે) અનાદિકાળથી જ ઉદયને પ્રાપ્ત છો. ચન્દ્રમાં કાળું ચિહ્ન છે જે કલંક છે જેથી તેને કલંકી કહેલ છે. પરંતુ આપનું ચિહ્ન "અર્ધચન્દ્ર" અંત્યત મનોહર શોભે છે. આપના શરીરમાં જે ૧૦૦૮ સામુદ્રિક ઉત્તમ લક્ષણો છે તે અત્યંત સુંદર હોય છે. ચંદ્ર તો કલાલય-કલાઓના લય-વિનાશ સહિત છે, પરંતુ આપ તો કેવળજ્ઞાન આદિ કળાઓના આલય-અર્થાત્ કલાના ઘર છો. ચન્દ્ર કુમુદ, કુત્સિત-વૈષયિક, મૃદુ-પૃથ્વી



હર્ષની અથવા દુર્જન પુરુષોને હર્ષની (પક્ષમાં કુમુદ પુષ્પની) વૃદ્ધિ કરે છે; પરંતુ આપ ઉત્કૃષ્ટ આત્મીય આનંદની અથવા સમસ્ત પૃથ્વીગત દેહધારી જીવોને આનંદની વૃદ્ધિંગત કરનાર છો-વિકસિત કરો છો. ચન્દ્રને ઉદય તથા અસ્તપણું છે, પરંતુ આપ તો સદા ઉદિત જ રહો છો-આપનો કદી અસ્ત થતો નથી. ચન્દ્ર કમળોને અપ્રિય છે-તેનો વિરોધી છે, પરંતુ આપ કમળોને અપ્રિય નથી-પક્ષમાં કમલાપ્રિય એટલે અનંત ચતુષ્ટય-રૂપ લક્ષ્મી તેને પ્રિય-તેના પતિ-છો. હે ભગવંત ! એ પ્રમાણે આપ એક અનોખા-અદ્વિતીય ચન્દ્રમા છો. (૩૧)

(મુરજ :)

**धाम त्विषां तिरोधानविकलो विमलोक्षयः ।**
**त्वमदोषाकरोस्तोनः सकलो विपुलोदयः ॥ ३२ ॥**

**અર્થ** :- હે પ્રભો ! આપ ચન્દ્રમાની માફક જરૂર શોભા-યમાન છો, પરંતુ આપ અને ચન્દ્ર વચ્ચે મોટો ભેદ-મહાન અંતર છેઃ આપ કેવળજ્ઞાન રૂપી તેજનું સ્થાન છો-પરમ તેજ-સ્વી છો અને ચંદ્રમા તો તેજથી રહિત છે. આપ વ્યવધાન (પડદો) થી અર્થાત્ અવરોધથી રહિત છો-આપને સંસારના કોઈ ભૌતિક પદાર્થ વડે આવરણ થઈ શકતું નથી, ચંદ્રમા તો મેઘ આદિ વડે છવાઈ-ઢંકાઈ જાય છે-આવૃત્ત થઈ જાય છે. આપ વિમલ છો-કર્મકલંકથી રહિત છો, ચંદ્રમા સકલંક છે-સમળ છે. આપ અક્ષય છો-વિનાશરહિત છો-આપના કેવળજ્ઞાન આદિ ગુણોનો કદી નાશ થતો નથી અને ચંદ્રમા ક્ષય સહિત છે-તેનો ઉદય થયા બાદ અસ્ત થઈ જાય છે. આપ અદોષાકર (આકર=ખાણ) અર્થાત્ આપ દોષની ખાણ નથી કેમકે આપે ક્ષુધા, તૃષા આદિ અઢાર દોષોનો નાશ કરેલ છે. પરંતુ

ચન્દ્રમા દોષાકર-અનેક દોષોની ખાણુ છે. દોષા એટલે રાત્રી. ચન્દ્રમા રાત્રે ઉદય થાય છે જ્યારે આપે તો અસર્વજ્ઞરૂપ તારાઓને અસ્ત કરી નાંખ્યા છે. આપ લોકાલોક અવભાસી સર્વજ્ઞત્વની સામે સંસારના અન્ય અલ્પજ્ઞ જીવો હરિ, હરાદિ પ્રભાવ રહિત બની જાય છે. ચન્દ્રમા પોતાથી હીન પ્રકાશવાળા તારાઓને અસ્ત કરી શકતો નથી (ચંદ્રની હાજરીમાં તારાઓ પણ ઝગમગે છે). આપ સકલ એટલે પૂર્ણ છો-આપ કેવળજ્ઞાન, સદ્દવકતૃત્વ આદિ અનેક કળાઓ સહિત છો; ચંદ્રમા વિકલ એટલે અપૂર્ણ છે-કલા રહિત છે. આપનો ઉદય મહાન છે. આપ એક સ્થાનમાં સ્થિત હોવા છતાં જ્ઞાન-ગુણ વડે આપ સંસારના સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરી રહ્યા છો-જાણી દેખી રહ્યા છો. ત્યારે ચન્દ્રમાનો ઉદય મર્યાદિત-સીમિત છે. તે હલન ચલનમાં માત્ર થોડા પદાર્થોનેજ પ્રકાશી શકે છે. (આ શ્લેષમૂલક વ્યતિરેક અલંકાર છે.) ૩૨

(મુરજ:)

यत्तु खेदकरं ध्वान्तं सहस्रगुरपारयत् ।
भेत्तुं तदन्तरत्यन्तंसहसे गुरु पारयन् ॥ ३३ ॥

**અર્થ** :- અત્યંત દુઃખદાયક મોહરૂપી અંતરંગ અને સઘન અંધકારનો નાશ કરવા જે હજારો કિરણોવાળો સૂર્ય પણ સમર્થ નથી, તે અંધકારનો આપ જડમૂળથી નાશ કરી આપો છો. (આપ અમારા મોહનો નાશ કરો).

**ભાવાર્થ** :- સૂર્ય છે તે તિમિરારિ-અંધકારનો શત્રુ જરૂર કહેવાય છે, પરંતુ તે તો પોતાના ક્ષેત્રમાં-સ્વવિષયમાં ભૌતિક અંધકારનો નાશ કરી શકે છે, ત્યારે આપ તો જીવોના



અન્તરિક મોહ અને અજ્ઞાન અંધકારનો પણ નાશ કરી શકો છો. માટે આપ સૂર્ય કરતાં અત્યંત શ્રેષ્ઠ છો. (અહીં વ્યતિરેક અલંકાર ગમ્ય છે). ૩૩

(મુરજ:)

खलोलूकस्य गोव्रातस्तमस्ताप्यति भास्वतः ।
कालोविकलगोधातः समयोप्यस्य भास्वतः ॥ ३४ ॥

**અર્થ** :- હે ભગવંત! સૂર્યના કિરણોનો સમૂહ દુષ્ટ ઘુવડને માટે તો અંધકારરૂપ પરિણમે છે તથા સર્વને સંતાપ જનક છે, પરંતુ સદા પ્રકાશિત રહેનાર આપના (જ્ઞાન) કિરણો અથવા આપની વાણીનો સમૂહ કોઈપણને માટે અંધકાર રૂપ કે સંતાપજનક હોતા નથી. આપના વચનો વડે સર્વના અજ્ઞાન અથવા મોહરૂપ અંધકારનો નાશ થઈ જાય છે. સાથે સર્વને સુખ અને આનંદની પ્રાપ્તિ થાય છે. સૂર્યનો સમય રાત્રિ વડે વ્યવહિત છે (અંતરવાળો) અથવા રાત્રિના આંતરા સહિત છે-નિયમિત છે; આપનો સમય નિરંતર છે કેમકે આપ દિન-રાત પ્રત્યેક સમયે પ્રકાશમાન જ રહો છો. સૂર્યના સમયમાં મેઘ આદિ પ્રતિપક્ષ પદાર્થો વડે તેના પ્રકાશનો ઘાત થાય છે અર્થાત્ મેઘ-વૃક્ષ-છત્રી આદિ પદાર્થો સૂર્યને તથા તેના પ્રકાશને ઢાંકી દીએ છે ને રોકે છે; પરંતુ આપના સમયના સિદ્ધાંત (આપનું શાસન-દર્શન) જેનો ઘાત સંસારના અન્ય કોઇ પણ પ્રતિવાદીઓ વડે થઈ શકતો નથી, કેમકે આપનો સ્યાદ્વાદ સિદ્ધાંત અજેય છે. સૂર્ય દિવસે ભાસ્વત્ એટલે પ્રકાશવંત રહે છે, પરંતુ આપ તો નિત્ય પ્રકાશમાન રહો છો. માટે હે ચન્દ્રપ્રભ જિનેન્દ્ર! આપ સૂર્ય કરતાં પણ વિશેષ શોભાયમાન છો. (૩૪) (અહીં વ્યતિરેક અલંકાર છે. "ગો" અને "સમય" શબ્દના શ્લેષ તેની શોભામાં વૃદ્ધિ કરી રહ્યા છે.)

(મુરજઃ)

**लोकत्रयमहामेयकमलाकर भास्वते ।**
**एकप्रियसहायाय नम एकस्वभाव ते ॥ ३५ ॥**

**અર્થ** :- સદા એકરૂપ રહેવાવાળા હે ચન્દ્રપ્રભ જિનેન્દ્ર ! આપ ઊર્ધ્વ, મધ્ય અને પાતાલલોકરૂપ અપરિમિત-વિશાલ કમલ-વનને વિકસિત કરનાર-પ્રફુલિત કરનાર એવા સૂર્યરૂપ છો. તથા સર્વેમાં પ્રધાન અને સર્વેના બન્ધુ છો-પ્રિયબન્ધુ છો, માટે આપને (અમારા) નમસ્કાર હો !

**ભાવાર્થ** :- જો કે સંસારમાં જે કોઈ અન્ય મહા-પુરુષ છે તે સાધારણ જીવોની અપેક્ષાએ ઉચ્ચપદને પ્રાપ્ત હોય છે, પરંતુ તેનું તે પદ તેના સત્કર્મોના ઉદયજનિત હોવાથી કાલાન્તરમાં નષ્ટ પણ થઈ જાય છે. (શુભનો ઉદય પૂરો થતાં ઉચ્ચપદ ટકતું નથી.) માટે તેને એક સ્વભાવ કહી શકાય નહિ. પરંતુ જિનેન્દ્ર દેવે તો જે ઉચ્ચપદ-ઉત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે તે તો કર્મક્ષયજનિત (કર્મોના અભાવપૂર્વક) હોવાથી તેનો-તે પદનો કોઈ પણ કાળે કદી નાશ થઈ શકતો નથી તેથી આચાર્યદેવ શ્રીસમન્તભદ્ર સ્વામીએ તેના પદને એક સ્વભાવ કહેલ છે. (૩૫)

(અર્દ્ધભ્રમગૂઢ દ્વિતીયપાદઃ)

**चारुश्रीशुभदौ नौमि वृद्धौ प्रपावनौ ।**
**श्रीवृद्धौतौ शिवौ पादौ शुद्धौ तव शशिप्रभ ॥ ३६ ॥**



**અર્થ** :- હે ચન્દ્રપ્રભ જિનેન્દ્ર ! આપના ચરણકમળ સુંદર છે તે સમવસરણ આદિ વિભૂતિના તથા નિઃશ્રેય (મોક્ષ) આદિ કલ્યાણના દેનાર છે, તેજસ્વી-કાન્તિમાન છે તથા અત્યંત મહા-પવિત્ર છે. તેમજ અંતરંગ અને બહિરંગ લક્ષ્મીને વરેલા છે-તેનાથી પ્રક્ષાલિત છે-અર્થાત્ ઈન્દ્ર, ચક્રવર્તી, યોગીન્દ્ર આદિ ઉત્તમ આત્માઓને કલ્યાણરૂપ છે. વળી અત્યંત શુદ્ધ છે. આપના એવા વિભૂષિત ચરણકમળમાં હું નમસ્કાર કરું છું. (૩૬)

## (૯) पुष्पदन्त-जिन-स्तुतिः

(નિરૌષ્ઠ્ય શ્લોક યમકઃ)

**शंसनाय कनिष्ठायाश्चेष्टाया यत्र देहिनः ।**
**नयेनाशंसितं श्रेयः सद्यः सन्नज राजितः ॥ ३७ ॥**
**शंस नायक निष्ठायाश्चेष्टायायत्र देहि नः ।**
**न येनांश सितं श्रेयः सद्यः सन्नजराजितः ॥ ३८ ॥**

(યુગ્મં)

(બન્ને પદમાં શબ્દો સમાન-ભાવ જુદા)

**અર્થ** :- જે અંતરંગ અને બહિરંગ લક્ષ્મી વડે શોભાયમાન છે, જે સર્વને માટે મેય એટલે સેવનીય છે તથા જે (જગતમાં અન્ય કોઈ શક્તિથી) અપરાજિત-અજેય છે એવા અત્યંત શ્રેષ્ઠ ને સદા કલ્યાણ સ્વરૂપ, જન્મ-જરા રહિત, અને જે સર્વને ઇષ્ટ મોક્ષલક્ષ્મીના પ્રસિદ્ધ નાયક છે, તેવા હે પુષ્પદંત જિનેન્દ્ર ! આપના વિષયમાં કરાયેલી મન-વચન-કાયાની નાની નાની ચેષ્ટાઓ પણ અર્થાત્ આપનું ચિન્તવન, સ્તવન અને નમસ્કાર માત્રથી પણ જીવોને જે શ્રેષ્ઠ પુણ્યનો બંધ પડે છે, તે તો અનુમાનથી સંભાવિત થઈ શકે છે અને તે

ચેષ્ટા સ્તુતિપાત્ર અર્થાત્ પ્રશંસનીય ઠરે છે. માટે હે પ્રભો ! આપ મને એ જ મોક્ષસુખ પ્રદાન કરો, કે જે સુખમાંથી ફરીને દુઃખ ન હોય.

**ભાવાર્થ** :– આપના સ્તવન આદિ વડે જીવોને જે પુણ્યનો બંધ પડે છે તે જોકે છદ્મસ્થ જીવને સ્વાનુભવગમ્ય નથી હોતો–તેને તે પ્રત્યક્ષ રૂપ થતું નથી, છતાં તેવા પુણ્યના ફળ રૂપ જે કાંઈ શ્રેષ્ઠ સામગ્રીની પ્રાપ્તિ થાય છે તે તો અનુમાનથી જાણી શકાય છે. જોકે અનુમાન પદ્ધતિથી સંપૂર્ણપણે તે પુણ્યનું જ્ઞાન થતું નથી, છતાં જેટલો તે બંધનો બોધ થાય છે તેનો વિચાર કરતાં તે પણ પ્રશંસનીય જ ઠરે છે. કેમકે તે પુણ્ય નિમિત્તે અનેક પ્રકારની આલોકની તથા પરલોકની સુખરૂપ ફળની પ્રાપ્તિ થતી દેખાય છે. એ રીતે હે ભગવંત ! આપના સંબંધમાં કરાયેલ મન–વચન–કાયાની આ સાધારણ પ્રવૃત્તિઓ દ્વારા જીવો ઉપર તેટલો ઉપકાર થાય છે જ, તો વળી સંપૂર્ણપણે મન–વચન–કાયાની શક્તિ લગાડીને આપની ઉપાસના કરનાર જીવને કેટલો મહાન ઉપકાર થાય ! અર્થાત્ મહાન ઉપકારનું કારણ બને જ. ( ૩૭–૩૮ )

( મુરજ: )

**शोकक्षयकृदव्याधे पुष्पदन्त स्ववत्पते ।**
**लोकत्रयमिदं बोधे गोपदं तव वर्त्तते ॥ ३९ ॥**

**અર્થ** :– હે શોકનો ક્ષય કરવાવાળા ! હે વ્યાધિઓથી રહિત ! હે આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ પુષ્પદંત ભગવાન ! આપના વિશ્વપ્રકાશક જ્ઞાનમાં આ ત્રણલોક, ગોષ્પદ તુલ્ય તુચ્છ છે. અર્થાત્ કાદવમાં ગાયની ખરીનું પડેલું ચિહ્ન હોય ( તેવું આ જગત ) અલ્પ ને તુચ્છ જણાય છે.

**ભાવાર્થ** :– આપનું જ્ઞાન અમાપ છે–અનંત છે અને તેમાં આ ત્રણલોક દેખાય તે તો ગોષ્પદની સમાન અત્યંત તુચ્છ જણાય છે. પ્રમેય પદાર્થોની ઝલકથી આપના પ્રમાણજ્ઞાનનું માપ આંકી શકાય નહિ કેમકે આપનું જ્ઞાન સહજ સ્વભાવે જ અનંત અનંત છે. અર્થાત્ અનંત પદાર્થો જણાવાથી તે અનંત છે એવું નથી–સ્વભાવથી જ અનંત છે, માટે આપ જ પરમાત્મા છો. (૩૯)

( મુરજ: )

**लोकस्य धीर ते वाढं रुचयेपि जुषे मतम् ।**
**नो कस्मै धीमते लीढं रोचतेपि द्विषेमृतम् ॥ ४० ॥**

**અર્થ** :– હે ગંભીર હૃદય–અતિશય ગંભીર, પુષ્પદન્ત ભગવાન ! જે ભવ્ય જીવ આપના આ પવિત્ર મતનો અર્થાત્ આગમનો આસ્વાદ કરવાથી – શ્રવણ, પઠન, ચિન્તવન આદિ કરવાથી આપનો ભક્ત હો કે વિદ્વેષી હો, પરંતુ પ્રત્યેક જીવને જ્ઞાનની વૃદ્ધિનું તથા રુચિનું જ કારણ બની જાય છે. કદાચ કોઈ એમ કહે કે આગમ તો માત્ર બુદ્ધિવાળાને જ રુચે છે પરંતુ દ્વેષ કરનારને તે કેમ રુચિ શકે ? તો તેનું સમાધાન એમ છે કે અમૃત છે તે તો બુદ્ધિવંત હોય કે દ્વેષી હોય, બન્ને માટે એક સરખું રુચિકર જ લાગે છે. એ પ્રમાણે આપનું આગમ સર્વને રોચક ને પ્રિય જ લાગે છે.

**ભાવાર્થ** :– અમૃત માટે કદાચ કોઈ પ્રેમ-રુચિ રાખે કે દ્વેષ રાખે, પરંતુ તેનું આસ્વાદન કરવાથી તે સર્વને રુચિકર ને સુખદાયક નીવડે છે; તેમ આપના પ્રત્યે કોઈ સ્નેહ--ભક્તિ કરનાર હોય કે આપનો દ્વેષી હોય, પરંતુ આપનું આગમ સર્વને

સુખદાયક નીવડે છે-સુખનો જ રસ્તો બતાવે છે, જે માટે આપની ધીરતા, ગંભીરતા, અને સ્તુતિ-નિંદા પ્રત્યે સમાનતા એજ કારણ છે. એટલા માટે "ધીર" એ વિશેષણ ને આચાર્ય દેવ શ્રી સમન્તભદ્ર સ્વામીએ આ શ્લોકમાં અંકિત કરેલ છે. (૪૦)

## (૧૦) शीतल-जिन-स्तुतिः

(મુરજ:)

**एतच्चित्रं क्षितेरेव घातकोपि प्रसादकः ।**
**भूतनेत्र पतेस्यैव शीतलोपि चपावकः ॥ ४१ ॥**

**અર્થ** :- પ્રાણીઓના નેત્રરૂપ હે પ્રાણીલોચન શીતલ-નાથ પ્રભો! આશ્ચર્ય થાય છે કે આપ જગતના-જગતના પૃથ્વીગત પ્રાણીઓના (પક્ષમાં જ્ઞાનાવરણ આદિ પુદ્ગલકર્મોના) ઘાતક છતાં પાલક ને રક્ષક પણ છો. વળી આપ શીતલ-વિશિષ્ટ શીતગુણવાળા (પક્ષમાં શીતલનાથ દશમા તીર્થંકર) ઠંડા છો (પક્ષમાં પવિત્ર કરનાર છો).

**ભાવાર્થ** :- આ શ્લોકમાં વિરોધાભાસ અલંકાર છે એટલે એક દૃષ્ટિથી તેમાં વિરોધ દેખાય પરંતુ બીજી દૃષ્ટિથી તેમાં સમાધાન થઈ જાય છે. અહીં મૂળમાં જ શ્લેષથી કહેવામાં આવ્યું છે. તેમાં "ક્ષિતિ", "શીતલ" અને "પાવક" એ શબ્દો શ્લિષ્ટ રૂપે છે. જેમકે જે પૃથ્વીના ઘાતક હોય તે પાલક કેમ હોઈ શકે? એમાં ક્ષિતિનો અર્થ કર્મરૂપ પાર્થિવ-પુદ્ગલ પરમાણુંઓ-એમ કરવાથી વિરોધ દૂર થાય છે. તે રીતે શીતલ એટલે ઠંડુ હોય તે અગ્નિપાવક કેમ હોઈ શકે?



તેમાં શીતલ એટલે તીર્થંકર શ્રી શીતલનાથ અને પાવક એટલે પવિત્ર કરનાર એમ અર્થ કરવાથી વિરોધાભાસ મટે છે. અથવા હે ભગવંત! આપ ઘાતક છો ને વળી પ્રપાલક (રક્ષક) છો, શીતલ છો છતાં અગ્નિ છો, એ વિરોધાભાસ. "ક્ષિતેરેવ= પૃથ્વીવત્ જડ જેવા મનુષ્યો એમ અર્થ છે, "ન તુ વિદુષાં" એટલે કે જ્ઞાનીજનો નહિ એમ સમજવું. (૪૧)

(મુરજ:)

**काममेत्य जगत्सारं जनाः स्नात महोनिधिम् ।**
**विमलात्यन्तगम्भीरं जिनामृतमहोदधिम् ॥ ४२ ॥**

**અર્થ** :- હે ભવ્ય જીવો! તમે જિનેન્દ્રરૂપી એવા ક્ષીર-સાગરમાં ઈચ્છા મુજબ સ્નાન કરો ને કર્મમલને ધોઈ સ્વયં પોતાને પવિત્ર કરો કે જે કાર્ય ત્રણે કાળમાં શ્રેષ્ઠ છે-કરવા યોગ્ય અને ઉત્સવરૂપ છે. વળી તેજનું સ્થાન છે-વિમલ છે કર્મ આદિ કીચડથી રહિત છે, તથા અત્યંત એટલે વિનાશ રહિત અનંત છે, પાર રહિત અપાર ને ગંભીર છે, તેમજ ધીર, વીર અને ગહન છે.

**ભાવાર્થ** :- રૂપ અલંકારથી અહીં શ્રી જિનેન્દ્રદેવ અને ક્ષીરસમુદ્રને અભેદ રીતે વર્ણવ્યા છે. તેમાં ઘણાખરા વિશેષણો તો શ્લેષમય હોવાથી બન્ને પક્ષમાં અર્થ બરાબર બંધ બેસતા છે. જિનેન્દ્રદેવ જેમ ત્રણ લોકમાં સારભૂત છે, તેમ જ ક્ષીરસમુદ્ર સારભૂત છે. જિનેન્દ્રદેવ જેમ અનંત જ્ઞાન અનંત પરાક્રમ આદિ તેજના ભંડાર છે, તેમ ક્ષીરસાગર પણ દેવકૃત અનેક ઉત્સવોનો ભંડાર છે. જેમ જિનેન્દ્રદેવ કર્મમલથી રહિત હોવાને લીધે વિમલ છે, તેમ ક્ષીરસમુદ્ર પણ કાદવ, શેવાળ આદિ

મલથી રહિત હોવાથી વિમલ છે. જિનેન્દ્રદેવ જેમ અંતર્રાહત –અનંત છે, તેમ ક્ષીરસાગર પણ પાર રહિત–અપાર–અત્યંત વિસ્તૃત છે. વળી જિનેન્દ્રદેવ જેમ ગંભીર છે ને રાગદ્વેષ રહિત હોવાથી ધીર–વીર છે, તેમ ક્ષીરસમુદ્ર ગંભીર–ગહન છે, એવા જિનેન્દ્રરૂપી ક્ષીરસમુદ્રમાં સ્નાન કરવાથી–ભક્તિ પૂર્વક તેનું ધ્યાન–ચિન્તવન કરવાથી, સર્વે કર્મમળનો નાશ થઈ જાય છે, અને આચાર્યદેવ શ્રીસમન્તભદ્ર સ્વામી ભવ્ય જીવોને એવા અનુપમ ક્ષીરસમુદ્રમાં સ્નાન કરવા આદેશ ને પ્રેરણા આપે છે. (૪૨)

## (૧૧) શ્રેયોજિન-સ્તુતિ:

( અર્દ્ધભ્રમનિરૌષ્ઠ્યગૂઢ ચતુર્થપાદ : )

**हरती ज्याहिता तान्तिं रक्षार्थायस्य नेदिता ।**
**तीर्थादे श्रेयसे नेताज्याय: श्रेयस्ययस्य हि ॥ ४३ ॥**

અર્થ :– શ્રી શીતલનાથના તીર્થધર્મનો વિચ્છેદ થઈ જતાં અને તેથી તીર્થની આદિમાં થયેલ ( આદિતીર્થંકર ) જરારહિત હે શ્રેયાંસનાથ ભગવંત ! આપ સદા અજર છો. પ્રયત્નપૂર્વક સમીપીકૃત અર્થાત્ અનન્યપણે ચિન્તવનથી, અને મન–વચન–કાયાની એકાગ્રતાથી કરવામાં આવેલ આપની પૂજા, સાંસારિક સંતાપોનો નાશ કરે છે અને પુણ્યની રક્ષા કરે છે, તેમજ અનેક પ્રકારના કલ્યાણની પ્રાપ્તિ કરાવે છે. તેથી ખરેખર આપ એકલા જ જગતના શ્રેષ્ઠ નાયક છો–અન્ય કોઈ નહિ.

( અર્દ્ધ ભ્રમ : )

**अविवेको न वा जातु विभूषापन्मनोरुजा ।**
**वेशा मायाज वैनो वा कोपयागश्च जन्म न ॥ ४४ ॥**



અર્થ :– ( સર્વજ્ઞ અવસ્થાની પ્રાપ્તિ થતાં ) હે સર્વજ્ઞ દેવ ! આપમાં કદી અજ્ઞાન ન હતું. આપના દેહ ઉપર કદી આભૂષણો ન હતાં તથા આપત્તિ–શરીરપીડા કે માનસિક વ્યથા અને અનેક પ્રકારના વેષ કે છળકપટ, પાપ, ક્રોધ, અપરાધ, તથા જન્મ આદિ આપમાં કદી ન હતાં માટે આપ જ સર્વેના નાયક છો.

ભાવાર્થ :– સાંખ્ય, બૌદ્ધ તથા નૈયાયિક દર્શનવાળા ઈશ્વરને જ્ઞાન સ્વરૂપ માનતા નથી, પણ જ્ઞાન ગુણના આધાર માને છે. તેનું અહીં નિરાકરણ કરતા કહ્યું કે આપમાં કદી અવિવેક ન હતો– આપ સદા જ્ઞાન સ્વરૂપે જ રહો છો. કેટલાંક મતાવલંબી તેમના દેવ–દેવતાઓને અનેક પ્રકારના આભૂષણો, વેષવિન્યાસ, શત્રુઓને મારવાની ચિંતા, ને છળ-કપટ, ક્રોધ–પાપાચાર વગેરે અનેક પ્રકારના અસ્ત્ર–શસ્ત્રોને ધારણ કરનાર માને છે. વળી કેટલાક જીવો એમ પણ માને છે, કે અમારા ઈશ્વર એક વખત મુક્તિ પામ્યા બાદ અધર્મી લોકોના નિગ્રહ માટે અને સજ્જનો–ભક્તોના ઉપકાર માટે તથા સત્ ધર્મની સ્થાપના માટે ફરીને જન્મ ધારણ કરે છે-પુનર્જન્મ લીએ છે ને ફરીને સંસારના દુઃખોની પ્રાપ્તિ કરે છે, તે માટે આ શ્લોક દ્વારા અન્ય એવા સમસ્ત વિશેષણોથી તે મતોનું નિરાકરણ થઈ જાય છે. (૪૪)

( મુરજ : )

**आलोक्य चारू लावण्यं पदाल्लातुमिवोर्जितम् ।**
**त्रिलोकी चाखिला पुण्यं मुदा दातुं ध्रुवोदितम् ॥ ४५ ॥**

અર્થ :– હે પ્રભો ! હર્ષપૂર્વક પુણ્યપ્રદાન કરવાથી હંમેશાં પ્રકાશમાન અને વિસ્તૃત એવા આપના ચરણકમળોનું

મનોહર સૌન્દર્ય દેખીને તે કારણે તેને પ્રાપ્ત કરવાને માટે જ માનો કે આ ત્રણ લોકના જીવો આપને નમસ્કાર કરી રહ્યા છે.

**ભાવાર્થ** :- ભવ્ય જીવ લોકોત્તર સૌન્દર્યથી અંજાઈ જઈને જિનેન્દ્રદેવના ચરણોમાં પોતાનાં મસ્તક નમાવે છે; એ તો માનો કે તેઓ આપના ચરણકમળનું સૌન્દર્ય લેવાને માટે નમસ્કાર કરે છે. હે પ્રભો ! મારી રક્ષા કરો. ( આ ઉત્પ્રેક્ષાલંકાર છે. ) ( ૪૫ )

( શ્લોક યમક : )

**अपराग समाश्रेयन्ननाम यमितोभियम् ।**
**विदार्य सहितावार्य समुत्सन्नज वाजितः ॥ ४६ ॥**
**अपराग स मा यन्ननामयमितोमियम् ।**
**विदार्यसहितावार्य समुत्सन्नजवाजितः ॥ ४७ ॥**

યુગ્મં

**અર્થ** :- હે વીતરાગ ! હે સર્વજ્ઞ દેવ ! આપ સુર-અસુર-કિન્નર આદિ સર્વને માટે આશ્રયયોગ્ય અને સેવ્ય છો. સર્વે આપનું ધ્યાન કરે છે. આપ સર્વના કલ્યાણકર્ત્તા છો. સ્વહિતાર્થે જિજ્ઞાસુ જીવો આપને સદા ઘેરીને રહે છે-અર્થાત્ આપની સદા ભક્તિ-વંદના-આદિ કર્યા કરે છે. આપના શરણે આવેલ જીવ-તેવા ભક્તને ભયનો સર્વથા નાશ થઈ જાય છે-તે નિર્ભય થાય છે ને તેના હર્ષથી રોમાંચ ઉલ્લસે છે.

આપ પરાગથી એટલે કષાય રજથી રહિત છો-વીતરાગ છો, આપ સર્વજ્ઞ છો; અનેક મુનિજન સદા આપની સેવામાં ઉપસ્થિત રહે છે. આપ જ્ઞાનવાન એવા શ્રેષ્ઠ પુરુષોના



સંગવાળા છો. આપ પૂજ્ય છો, આપ રાગદ્વેષના સંગ્રામ પ્રત્યેથી દૂર થયા છો, તે માટેનો આપનો વેગ નાશ પામ્યો છે. હું આપના દર્શન માત્રથી જ આરોગ્યતા અને નિર્ભયતા પામ્યો છું. હે શ્રેયાંસનાથ ! મારી રક્ષા કરો. ( ૪૬-૪૭ )

( બન્ને ગાથાના શબ્દ એક જ-બન્નેની ટીકાના ભાવ ભિન્ન )

## ( ૧૨ ) वासुपूज्य-जिन-स्तुतिः

( અવન્તરપાદ મુરજબંધઃ )

**अभिषिक्तः सुरैर्लोकैस्त्रिभिर्भक्तः परं नं कैः ।**
**वासुपूज्य मयीशेशस्त्वं सुपूज्यः क ईदृशः ॥ ४८ ॥**

**અર્થ** :- હે પ્રભો ! જ્યારે વૈમાનિક દેવોએ ( સુમેરુ પર્વત ઉપર લઈ જઈને ) આપનો અભિષેક કર્યો અને ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક દેવો અને મનુષ્યતિર્યંચ આદિ ત્રણ લોકના જીવોએ આપની સેવા કરી તો પછી અન્ય એવો કોણ હોઈ શકે કે જે આપની સેવા ન કરે ? માટે હે વાસુપૂજ્ય ! આપ મારા માટે તો ઈશ્વરના ઈશ્વર-સર્વશ્રેષ્ઠ ઈશ્વર આપ જ છો; આપ જ પૂજ્ય છો, આપના જેવા અર્હંત પુરુષ ( પૂજ્ય પુરુષ )થી ભિન્ન અન્ય કોણ છે કે જે મારા સ્વામી બની શકે ? અન્ય કોઈ મારો સ્વામી નથી.

( મુરજઃ )

**चार्वस्यैव क्रमेजस्य तुंगः सायो नमन्न भात् ।**
**सर्वतो वक्त्रमेकास्यमंगं छायोनमप्यभात् ॥ ४९ ॥**

**અર્થ** :- શ્રી "સર્વજ્ઞ" વાસુપૂજ્ય સ્વામીના ચરણ-કમળમાં નમસ્કાર કરનાર જીવ નિશ્ચયપૂર્વક પુણ્યવાન અને

ઉચ્ચ બને છે. તથા અત્યંત શોભાયમાન થાય છે. ભગવંતનું શરીર જોકે એક મુખવાળું હોય છે, છતાં તેમાં ચારે તરફથી મુખ દેખાય છે તેથી તેને ચતુર્મુખ કહેલ છે. વળી તે શરીર છાયા-કાન્તિ એટલે પડછાયાથી રહિત હોય છે અને અત્યંત શોભાયમાન હોય છે.

**ભાવાર્થ** :– આ શ્લોકમાં વિરોધાભાસ અલંકાર છે. જે ચરણોમાં નમે તે ઉચ્ચ કેમ હોઈ શકે ? અર્થાત્ ઉચ્ચ હોય છે, તે કોઈના ચરણમાં નમ્રતાપૂર્વક નમસ્કાર કરતો નથી કેમકે તે તો લોકગત વિરુદ્ધ છે. પરંતુ ભગવાન વાસુપૂજ્ય તો લોકત્તર પુરુષ છે, એટલે લોકગત વિરોધનું તેને માટે સ્થાન નથી. તેમના ચરણકમળમાં નમસ્કાર કરનાર જીવ નિશ્ચયે-ખરેખર-સાતિશય પુણ્યનો બંધ કરી ફળમાં ઉચ્ચ-પદની જ પ્રાપ્તિ કરે છે જ. વળી જેને એક મુખ હોય તે તો સામેથી દેખાય–ચારે તરફથી દેખાય નહિ, પરંતુ ભગવાન વાસુપૂજ્ય એક મુખવાળા હોવા છતાં સર્વ દિશાઓમાંથી તેમના મુખના દર્શન થાય છે. જોકે આ વિરુદ્ધ હકીકત જેવું ગણાય, પરંતુ ભગવાનની બાબતમાં તેમ નથી, કેમકે કેવળ-જ્ઞાનના કાળમાં પ્રાપ્ત થતાં અતિશય–વિશેષોને લઈ તેમનું મુખ ચારે તરફથી દેખાય છે. વળી છાયા રહિતનું શરીર શોભે નહિ અને ભગવાનનું શરીર અત્યંત શોભે છે. તેનું સમાધાન એમ છે કે છાયા શબ્દના બે અર્થ થાય છે. ૧ કાન્તિ, ૨ પ્રતિબિંબ. કાન્તિ શબ્દથી વિરોધ આવે છે અને પ્રતિબિંબ અર્થથી વિરોધ શમે છે. ભગવાનના શરીરનો પડછાયો પડતો નથી અને છતાં શરીર કાન્તિવાળું અત્યંત શોભે છે–સુંદર હોય છે, એ રીતે વિરોધાભાસની સંઘટના થઈ શકે છે–વિરોધનું નિરાકરણ થઈ જાય છે. (૪૯)



## (૧૩) વિમલ-જિન-સ્તુતિઃ

(ઇષ્ટપાદ મુરજ બંધ :)

**क्रमतामक्रमं क्षेमं धीमतामर्च्यमश्रमम् ।**
**श्रीमद्विमलमर्चेमं वामकामं नम क्षमम् ॥ ५० ॥**

**અર્થ** :– હે ભવ્ય જીવો ! જે એક જ સમયમાં ત્રણ કાળ અને ત્રણ લોકના સમસ્ત પદાર્થોને જાણે છે, જે અતિશય શોભાયમાન છે, જે મંગળ સ્વરૂપ છે, બુદ્ધિવંત માટે જે પૂજ્ય છે, જે ખેદ રહિત અને અનંતશક્તિ સહિત છે, તથા ઈન્દ્રો, ચક્રવર્તી આદિ પ્રધાન પુરુષો જેની સેવા કરે છે – સેવા કરવા ઈચ્છે છે, તેવા અંતરંગ અને બહિરંગ લક્ષ્મીથી સંયુક્ત શ્રી વિમલનાથ જિનેન્દ્રને પૂજો – નમસ્કાર કરો; જેના તાત્કાલિક ફળ સ્વરૂપે શીઘ્ર કુશળતા, અને નિરંતરાય અનંત સુખ પ્રાપ્ત થશે. બુદ્ધિવંત પુરુષોને તો એજ પૂજ્ય છે. વળી તેમાં પરિશ્રમ નથી કે જેની મહાત્માઓ પણ નિરંતર ઈચ્છા જ રાખી રહ્યા છે.

**ભાવાર્થ** :– સંસારમાં દુઃખની પ્રાપ્તિના બે પ્રકારો છે. ૧ કષાય, ૨ અજ્ઞાન. અહીં આપણા આરાધ્ય દેવ તો વીતરાગ છે, અર્થાત્ કષાય રહિત અને સર્વજ્ઞ છે, જેથી દુઃખોનાં બન્ને કારણોનો તેમને અભાવ વર્તે છે. એમ તેઓ અનંત સુખે સંપન્ન છે. પરંતુ જે ભવ્ય જીવ સાચા અંતઃકરણ પૂર્વક તેની ભક્તિ કરે છે તે તેના જેવો વીતરાગ–સર્વજ્ઞ થાય છે જ, જેથી તેને તત્કાળ જ સુખનો અનુભવ થવા લાગે છે. અહીં આચાર્યદેવે સુખાભિલાષી જીવોને, વિનાપરિશ્રમ સુખની પ્રાપ્તિનો ઉપાય દર્શાવ્યો છે કે સુખ માટે ભગવાન શ્રી વિમલનાથને પૂજો, તેને નમસ્કાર કરો ને સુખ પ્રાપ્ત કરો.

(દ્વ્યક્ષર પાદાભ્યાસયમકઃ)

तततोमृतिमतामीमं तमितामतिमुत्तमः ।
मतोमातातिता तोत्तुं तमितामतिमुत्तमाः ॥ ५१ ॥

અર્થ :- કેમકે પૂજા અને નમસ્કાર વડે ભવ્ય જીવને તત્ક્ષણમાં અનેક કલ્યાણની પ્રાપ્તિ થાય છે, તેનું સંસાર પરિભ્રમણ પણ અટકી જાય છે, તેથી હું મારા દુઃખોના નાશ માટે અને અત્યંત હર્ષપૂર્વક, જે મૃત્યુને જીત્યા છે–જેણે સમસ્ત અજ્ઞાનનો નાશ કર્યો છે એવા શ્રી વિમલનાથ સ્વામીનું શરણું સ્વીકારું છું–ગ્રહણ કરું છું, તેની પૂજા કરું છું, તેને વંદન કરું છું, કેમકે એમ જ કરવું તે ઉત્તમોત્તમ છે. એ ભગવંત સર્વ વડે પૂજિત છે, અને પરમ અહિંસક તે છે, તે સિવાયના વિપરીત કાર્યથી તો ચતુર્ગતિ-રૂપ સંસાર પરિભ્રમણને પ્રાપ્ત થવું પડે. (માટે હું ભગવંત વિમલનાથની ઉપાસના કરૂં છું) (૫૧)

(ચક્રશ્લોકઃ)

नेतानतनुते नेनोनितान्तं नाततो नुतात् ।
नेता न तनुते नेनो नितान्तं ना ततोनुतात् ॥ ५२ ॥

અર્થ :– હે પાપરહિત વિમલનાથ જિનેન્દ્ર ! આપના શરણે આવેલ સંસારી જીવને કાંઈ પણ કષ્ટ વિના–સહજ આપ શરીર રહિતની અવસ્થા એટલે સિદ્ધદશાની પ્રાપ્તિ કરાવી આપો છો. આપને નમસ્કાર કરનાર પ્રાણી સર્વનો સ્વામી અને નાયક બની જાય છે. માટે હે ભવ્ય–જીવો ! એવા શ્રી વિમલનાથ ભગવાનને તમે જરૂર નમસ્કાર કરો. (તીર્થંકરપદ અને સિદ્ધપદની પ્રાપ્તિ થશે.)



ભાવાર્થ :– આપને નમસ્કાર કરનાર માનવી અર્હંત-પદની પ્રાપ્તિ કરી સર્વનો સ્વામી–નેતા બને છે અને અંતે પાપથી–કર્મમલથી મુક્ત થઈ, સિદ્ધને વરે છે–સિદ્ધ થાય છે–તે માટે શ્રી સમન્તભદ્ર આચાર્ય દેવે ભવ્ય જીવોને ભગવંતની ભક્તિ કરવાની પ્રેરણા કરી છે. (૫૨)

(ચક્રશ્લોકઃ)

नयमानक्षमामान न मामार्यार्त्तिनाशन ।
नशनादस्य नो येन नये नोरोरिमाय न ॥ ५३ ॥

અર્થ :– હે પ્રશંસનીય–ક્ષમાયુક્ત ! હે અહંકારશૂન્ય ! હે સાધુ પુરુષોની પીડાના નાશ કરનાર ! હે અંતરંગ કર્મ-શત્રુઓના ઘાતક ! હે સર્વશ્રેષ્ઠ ! હે વિમલ નાથ–સ્વામિન્ ! આપ મને જન્મ-મરણરૂપી વિનાશથી દૂર કરો–મારા જન્મ મરણ રૂપી દુઃખોનો નાશ કરી આપો જેથી હું પણ આપની જેમ ઉત્તમ પૂજ્યપદ–સ્વાત્મસ્થિતિ રૂપ નિર્વાણપદની પ્રાપ્તિ કરું. (૫૩)

## (૧૪) अनन्त-जिन-स्तुतिः

(ગૂઢ સ્વેષ્ટપાદ ચક્રશ્લોકઃ)

वर्णभार्यातिनन्द्याव वन्द्यानन्त सदारव ।
वरदातिनताय्यवि वर्यातान्तसाभार्णव ॥ ५४ ॥

અર્થ :– હે અનુપમ સૌન્દર્યથી સુશોભિત ! હે અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ વિભૂતિસંપન્ન ! હે સુર-અસુરો વડે વંદ-

નીય ! હે ઉત્તમ દિવ્યધ્વનિ સંયુક્ત ! હે ઇચ્છિત પદાર્થના દાતા ! હે અત્યંત નમ્ર સાધુ પુરુષોના રક્ષક ! હે શ્રેષ્ઠ ! હે ક્ષોભરહિત ! હે સમવસરણ-સમુદ્ર સંયુક્ત ! હે અનન્તનાથ જિનેન્દ્ર ! મારી રક્ષા કરો—મને સંસાર પરિભ્રમણનાં દુઃખોથી બચાવો.

( ગૂઢ દ્વિતીય તૃતીયાન્યતરપાદદ્વયક્ષરમય શ્લોક: )

नुन्नानृतोन्नतानन्त नूतानीतिनुताननः ।
नतोन्नूनोनितान्तं ते नेतातान्ते निनौति ना ॥ ५५ ॥

અર્થ :- હે એકાન્તવાદ રૂપી સમસ્ત અસત્યના નાશ કરનાર સર્વશ્રેષ્ઠ ! હે અનંતનાથ જિનેન્દ્ર ! સિદ્ધ પરમેષ્ઠીની સ્તુતિ કરવાથી જેનું મુખ પૂજ્ય માનવામાં આવે છે અને જે આપના ચરણોમાં નમ્ર ( નમેલા ) રહે છે, એવા ઇન્દ્ર, ચક્રવર્તી આદિ સમસ્ત જનનાયક પ્રધાન પુરુષો પણ મોક્ષની પ્રાપ્તિ માટે—સહજ—સ્વભાવ પ્રેરિત અને કાંઈપણ આપત્તિ વિના—વિના ક્લેશ—આપને જ નમસ્કાર કરે છે.

ભાવાર્થ :- આ શ્લોકમાં વિરોધાભાસ છે. તેનું નિરાકરણ એમ છે કે જે સ્વયં નાયક હોય તે અન્ય કોઈને પ્રણામ કેમ કરે ? તથા અન્યને પ્રણામ કરનારને નાયક કેમ કહી શકાય ? પરંતુ આપને સંસારના અન્ય સર્વ નાયક જીવો નમસ્કાર કરે છે, કેમકે તે સર્વેથી પણ આપ એકલા જ શ્રેષ્ઠ છો. વળી તે શ્રેષ્ઠતાનું કારણ પણ એક જ છે કે આપને નમસ્કાર કરવાથી (શ્રેષ્ઠપદ) મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે. (૫૫)



## (૧૫) धर्म-जिन-स्तुतिः

( ગૂઢદ્વિતીય ચતુર્થાન્યતરપાદોઽર્દ્ધભ્રમઃ )

त्वमवाध दमेनर्द्ध मत धर्मप्र गोधन ।
वाधस्वाशमनागो मे धर्म शर्मतमप्रद ॥ ५६ ॥

અર્થ :- હે બાધા-વિનાશ-રહિત ! હે ઇન્દ્રિયદમન અથવા ક્ષમાથી વૃદ્ધ ! હે પૂજ્ય ! હે ઉત્તમ ક્ષમા આદિ ધર્મોના પૂરક-ધારક ! હે દિવ્ય ધ્વનિરૂપ ધન સહિત ! હે નિર્દોષ ! હે મોક્ષરૂપ ઉત્તમ સુખના દાતા શ્રી ધર્મનાથ ભગવંત ! મારા દુઃખોનો, મારા જન્મ-મરણની બાધાનો નાશ કરી આપો. (૫૬)

( ગતપ્રત્યાગતૈક શ્લોક : )

नतपाल महाराज गीत्यानुत ममाक्षर ।
रक्ष मामतनुत्यागी जराहा मलपातन ॥ ५७ ॥

અર્થ :- હે નમ્ર મનુષ્યોના રક્ષક ! હે મત્કૃત (મારા દ્વારા કરાયેલ) સ્તુતિ વડે પૂજિત ! હે અવિનાશી ! હે દુષ્કર્મરૂપી મલનો નાશ કરનાર ! હે ધર્મનાથ મહારાજ ! મારી રક્ષા કરો—મને સંસારના દુઃખોથી બચાવી અવિનાશી એવા મોક્ષપદનું પ્રદાન કરો, કેમકે આપ જ મહાન દાતા છો—સર્વમાં શ્રેષ્ઠ દાની છો, તેમજ જન્મ, જરા આદિનો નાશ કરવાવાળા છો. ( ૫૭ )

( મુરજ : )

मानसादर्शसंक्रान्तं सेवे ते रूपमद्भुतम् ।
जिनस्योदयि सत्वान्तं स्तुवे चारूढमच्युतम् ॥ ५८ ॥

અર્થ :– હે દેવાધિદેવ ! હે ત્રૈલોકનાથ ! હું આપના એ અનુપમ, રૂપ–સૌન્દર્યની અનેક પ્રકારે ઉપાસના–સ્તુતિ કરું છું કે જે સર્વ જીવોને માટે ઘણું આશ્ચર્યકારક છે–જે સદાય ઉદયરૂપ રહે છે. જે ઉત્તમતાની પરાકાષ્ઠા છે. જે આરૂઢ–વૃદ્ધિરૂપ–છે, જે વિનાશ રહિત છે અને જે મારા મન રૂપી દર્પણમાં પ્રતિબિમ્બિત થઈને રહેલ છે. (હું એ સૌન્દર્યની ઉપાસના કરું છું.) (૫૮)

(મુરજ :)

यत: कोपि गुणानुक्त्या नावाब्धीनपि पारयेत् ।
न तथापि क्षणात् भक्त्या तवात्मानं तु पावयेत् ॥ ५९ ॥

અર્થ :– જો કોઈ કદાચ ઇચ્છે તો હોડી (નાવ) વડે સમુદ્રને પાર કરી શકે છે, પરંતુ સ્તુતિરૂપ વચનો વડે આપના ગુણોનો પાર પામી શકાતું નથી, કેમકે આપના ગુણો જ અનંત છે એ નક્કી છે છતાં ભક્ત પુરુષ ક્ષણમાત્રમાં આપની ભક્તિ વડે પોતાને જરૂર પવિત્ર બનાવી શકે છે. માટે આપની ભક્તિનું માહાત્મ્ય અચિન્ત્ય છે.

ભાવાર્થ :– હે ભગવંત ! આપના અનંત ગુણોનું વર્ણન કરવાને કોઈ પણ સમર્થ નથી, તોપણ ભવ્ય જીવ આપની ભક્તિરૂપ શુભ ભાવો વડે પોતાના આત્માને પવિત્ર બનાવી શકે છે તેમજ અશુભ કર્મોથી છૂટી જતાં પરંપરાએ મોક્ષની પણ પ્રાપ્તિ કરી લીએ છે. (શુભાશુભ રહિત થઈ પરમ શુદ્ધિ–સિદ્ધિને પ્રાપ્ત કરે છે.) (૫૯)

(મુરજ :)

रुचं बिभर्ति ना धीरं नाथातिस्पष्टवेदन: ।
वचस्ते भजनात्सारं यथाय: स्पर्शवेदिन: ॥ ६० ॥



અર્થ :– જેમ પારસમણિ પત્થરના સ્પર્શથી લોઢું સુવર્ણરૂપ બની જાય છે ને તેજને ધારણ કરે છે, અર્થાત્ સ્પર્શના ફળ સ્વરૂપે લોઢું શ્રેષ્ઠ બની જાય છે એ પ્રમાણે ભવ્ય પુરુષ આપની સેવા—આરાધનાથી અત્યંત, પ્રત્યક્ષ કેવળ-જ્ઞાન સ્વરૂપે આત્મીય તેજને ધારણ કરે છે. તેથી વિશુદ્ધ–સુસ્થિર બનતાં તેના વચનો પણ શ્રેષ્ઠ બની જાય છે.

ભાવાર્થ :– હે ભગવંત ! આપની ભક્તિ કરનાર પુરુષ કેવળજ્ઞાનની તથા સાતિશય દિવ્ય ધ્વનિની પ્રાપ્તિ કરે છે. (૬૦)

(મુરજ:)

प्राप्य सर्वार्थसिद्धिं गां कल्याणेत: स्ववामत: ।
अप्यपूर्वार्थसिद्ध्येगां कल्याणकृत भवान् युत: ॥ ६१ ॥

અર્થ :– હે કલ્પસમર્થ ! જ્યાં સર્વ અર્થના પ્રયોજન-ની સિદ્ધિ–પૂર્તિ–હોય છે એવી સર્વાર્થસિદ્ધિ નામની પૃથ્વી પ્રાપ્ત થયા બાદ (તેમાં ઉત્પન્ન થયા બાદ આયુષ્ય પૂર્ણ થતાં) ગર્ભકલ્યાણક આદિ કલ્યાણકો સહિત આપ સ્વવાન અર્થાત્ આત્મવાન (પક્ષમાં ધનવાન) બન્યા હતા, તેથી આ પૃથ્વીને પણ સર્વાર્થસિદ્ધિ–સંપૂર્ણ કાર્યોને સિદ્ધ કરનાર બનાવી હતી; એમ કલ્યાણકો સહિત આપનો જન્મ થયો. ત્યાર બાદ આપે અનંત ચતુષ્ટય રૂપી અપૂર્વ અર્થની–મહાઋદ્ધિની–સિદ્ધિ કરીને ત્યાર બાદ પણ આપે વિહાર કર્યો હતો. (હે ભગવંત ! આ સર્વ હકીકતથી એમ સ્પષ્ટ થાય છે કે "પરાર્થાહિ સતાં ચેષ્ટા"—સત્પુરુષોની સમસ્ત ચેષ્ટાઓ પરોપકાર માટે જ હોય છે.)

ભાવાર્થ :– જે પુરુષ એવા સ્થાનને પ્રાપ્ત થયેલ હોય કે જ્યાં તેના સર્વ મનોરથોની પૂર્ણતા થઈ હોય–જે

અનેક કલ્યાણકો અને માંગલિકને પ્રાપ્ત થયા હોય, સ્વ–ધનથી પણ તે સંપન્ન થયા હોય, તે સાથે તેને અનેક અપૂર્વ–અપૂર્વ વસ્તુઓની પ્રાપ્તિ થઈ હોય અર્થાત્ સંપૂર્ણરીતે તે સુખી હોય તો પછી તે જીવ ફરીને જ્યાં ત્યાં ભ્રમણ કરીને ઉપદેશ દેવા વગેરે ચેષ્ટા કરે તો તેમાં તેનો કાંઇ પણ સ્વાર્થ હોતો નથી. તેની તેવી સર્વે ચેષ્ટાઓ માત્ર પરોપકાર અર્થે જ હોય છે. ભગવાન શ્રી ધર્મનાથ પણ પૂર્વે તપશ્ચર્યા આદિ કરીને સર્વાર્થસિદ્ધિ વિમાનમાં અવતર્યા હતા. ત્યાંથી ચવીને જ્યારે તે આ પૃથ્વી ઉપર પધારવા ઉદ્યત થયા ત્યારે દેવોએ ગર્ભ અને જન્મ કલ્યાણકના મંગળ ઉત્સવો કર્યા હતા ગર્ભમાં આવવાના છ માસ અગાઉથી એમ કુલ પંદર માસ સુધી દેવોએ દરરોજ સાડા દશ કરોડ રત્નોની વર્ષા ચાલુ રાખી હતી; ત્યાર બાદ ભગવંતે જ્યારે ચારિત્ર અંગીકાર કર્યું–દીક્ષિત થયા–ત્યારે દેવોએ તપ કલ્યાણકનો ઉત્સવ કરેલ, અને જયારે તેમને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંતવીર્ય રૂપ અપૂર્વ અર્થની –અનંત ચતુષ્ટયની–પ્રાપ્તિ થઈ ત્યારે પણ દેવોએ જ્ઞાન કલ્યાણકનો મહોત્સવ કરેલ હતો. પરિણામે ભગવાન્ શ્રી ધર્મનાથ પોતાના સર્વ પ્રયોજનો સિદ્ધ કરી ચૂકયા હતા છતાં પણ તેઓશ્રીએ અનેક આર્ય દેશોમાં વિહાર કરી સર્વ જીવોને હિતકારક ઉપદેશ આપવાની ચેષ્ટા કરી તેમાં તેનો અંગત કોઈ સ્વાર્થ હતો નહીં; માત્ર સંસારમાં રસ્તો ભૂલેલાંને સન્માર્ગ–મોક્ષમાર્ગ–પર લાવવા જ વિહાર થયેલ અને વાણી છૂટેલ હતી. અહીં આ શ્લોકમાં "સર્વાર્થસિદ્ધિ", "કલ્યાણક", "સ્વ" અને "અપૂર્વાર્થ" એ પદો શ્લિષ્ટ ને દ્વિઅર્થવાળા છે તેથી ઉપર પ્રમાણે સ્પષ્ટતા કરવામાં આવી છે. આ ૬૧ મા પદની રચના કર્યા પહેલાં આચાર્યદેવની સામે અવ્યક્ત રીતે એવો પ્રશ્ન ઉપસ્થિત થયો કે જિનેન્દ્રદેવને જયારે મોહનીય કર્મનો નાશ થયો છે–પોતાની સર્વ ઈચ્છાનો નિરોધ થયો છે–તો પછી ઈચ્છા વિના, તેમને વિહાર કે ઉપદેશ કેમ હોઈ શકે? તેના સમાધાન રૂપે આચાર્યશ્રી સમન્તભદ્ર સ્વામીએ પરોક્ષ રીતે કહ્યું છે કે સ્વાર્થનો કોઈ હેતુ ન હોવા છતાં જિનેન્દ્રને વિહાર અને ઉપદેશ આદિ હોય છે તે માત્ર પરોપકાર માટે જ હોય છે. જોકે ભગવાનની ઈચ્છા તેમ પરોપકાર કરવાની હોતી નથી, કેમકે ઈચ્છાનું જે મૂળ મોહનીય કર્મ તેનો તો તેને અભાવ વર્તે છે. માટે તેમની સર્વે ચેષ્ટા–ક્રિયાઓ મેઘ–વાદળ વી·(જેવાદળા જેમ ગાજે છે ફરે ને ગાજે–વરસે છે તેવી) અને તે પણ ભવ્ય– જીવોના પુણ્યને લઈ ને હોય છે. આચાર્યદેવે શ્રી રત્નકરંડ શ્રાવકાચારમાં સ્વયં કહ્યું છે કે :

**अनात्मार्थं विना रागैः शास्ता शास्ति सतोहितम् ।**
**ध्वनन् शिल्पि-कर-स्पर्शान्मुरजः किमपेक्षते ॥ ८ ॥**

**અર્થ :**– શાસ્તા=આપ્ત તે વિના રાગ તથા વિના આત્મ-પ્રયોજન, ભવ્ય જીવોને હિતનો ઉપદેશ આપે છે, કેમકે શિલ્પીના કરનો સ્પર્શ થતાં જે મૃદંગ (નગારા)માંથી શબ્દ ઉત્પન્ન થાય છે તે માટે ત્યાં મૃદંગને કાંઈપણ રાગભાવ તથા સ્વપ્રયોજનની કાંઈ અપેક્ષા રહે છે? અર્થાત્ નથી રહેતી. તેમ "તીર્થંકરનામકર્મ પ્રકૃતિના નિમિત્તે તે કર્મના ઉદયરૂપ અને સામે ભવ્ય જીવોના પુણ્યના ઉદયે સ્વતઃ તે પ્રવૃત્તિ બને છે. રત્ન કરંડ. શ્રા. આ. ૮

(મુરજઃ)

**भवत्येव धरा मान्या सुद्यातीति न विस्मये ।**
**देवदेव पुरा धन्या प्रोद्यास्यति भुवि श्रिये ॥ ६२ ॥**

**અર્થ :**– હે દેવના દેવ! આપે જન્મ લેવાથી જ આ પૃથ્વીને પૂજ્ય ગણવામાં આવી છે, તે માટે મને કાંઈ પણ

આશ્ચર્ય નથી; કેમકે ( આપના પ્રતાપે અને ) જન્મ થયા પહેલાં જ પંદર માસ સુધી પૃથ્વી ઉપર રત્નોની વૃષ્ટિ થતાં તેને ધન્ય માનવામાં આવી છે, કેમકે ત્યારથી તે લક્ષ્મી સંપન્ન બની ગઈ છે માટે જ આપના જન્મ બાદ તેને પૂજ્ય કેમ ન માનવી! અર્થાત્ પૂજ્ય જ માનવી.

**ભાવાર્થ** :– તીર્થંકર ભગવાન જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે છ માસ અગાઉથી જ કુબેર સુંદરનગરીની રચના કરે છે. તેમાં ધન, ધાન્ય, સુવર્ણ, ચાંદી આદિ ભરપૂર ભરી આપે છે, એમ જન્મ થતાં સુધીના પંદર મહિના સુધી દરરોજ રત્નોની વર્ષા કરે છે. હે પ્રભો ! જો આપ ઉત્પન્ન થયા પહેલાં જ આ પૃથ્વી ઉત્તમ બની જાય છે, તો આપના જન્મ પછી પૃથ્વીને ઉત્તમ કેમ ન માનું ! જરૂર ઉત્તમ જ માનું છું. ( ૬૨ )

( મુરજ : )

**एतच्चित्रं पुरो धीर स्नपितो मन्दरे शरैः ।**
**जातमात्रः स्थिरोदार क्वापि त्वममरेश्वरैः ।। ६३ ।।**

**અર્થ** :– હે ધીર ! હે સ્થિર ! હે ઉદાર ! આપનો જન્મ થતાં જ સર્વથી પ્રથમ સમસ્ત દેવો સાથે ઈન્દ્રોએ જે અદ્ભુત–અત્યંત ઊંચો અને સુશોભિત–પ્રકાશમાન એ સુમેરુ પર્વત, તે ઉપર ક્ષીરસાગરના જલથી આપનો અભિષેક કર્યો તે એક આશ્ચર્યકારક પ્રસંગ છે.

**ભાવાર્થ** :– આશ્ચર્યનું કારણ એ છે કે તુરતના જન્મેલ બાળક મેરુ પર્વત ઉપર પહોંચી જાય તેવું કદી બન્યું નથી. પહેલું એ આશ્ચર્ય. બીજું તુરતના જન્મેલ બાળકને યોજન-પ્રમાણ માપના એક એક એવા એક હજાર આઠ કળશો વડે જલથી અભિષેક કર્યો તેમાં બાળક જેમનું તેમ સ્થિર રહે છે, તે આશ્ચર્ય છે. વળી જેના તીર્થમાં–શાસનમાં બતાવેલ ધર્મમાં સંસારના સર્વે પ્રાણીઓ સ્નાન કરી તેને અનુરૂપ આચરણ કરે છે ને તેથી આત્મકલ્યાણની પ્રાપ્તિ કરે છે, તેવા પુરુષનો અભિષેક કદી અન્ય કોઈએ કરવો જોઈએ તે પણ આશ્ચર્ય કહેવાય. અથવા તો લોકોત્તર, સર્વશ્રેષ્ઠ અને પ્રભાવશાલી પ્રભુશ્રીનો અભિષેક ઈન્દ્રોએ જલ જેવા તદ્દન સાધારણ દ્રવ્ય વડે કર્યો તે આશ્ચર્યવત્ છે, આમ છતાં એમ પણ છે કે જે સ્વયં-શુદ્ધ જ છે અને જેની પવિત્રતાથી બીજા જીવો પવિત્ર બની જાય છે, તેને પણ જો ઈન્દ્રો જેવા જ્ઞાનવંત જીવો અભિષેક કરી શુદ્ધ કરવાની વ્યર્થ ચેષ્ટા કરે એ પણ આશ્ચર્યજનક છે. અથવા ઈન્દ્રદ્વારે શર–તૃણ અથવા બાણ વડે આપનો અભિષેક થયો તે અસંભવિત છે અને આશ્ચર્યકારક છે. ( પક્ષમાં શર=જલ ) અત્રે કવિએ જે જે બાબતમાં આશ્ચર્ય વ્યક્ત કર્યું છે અને તેથી વિરોધ પ્રગટ કરેલ છે, તેના નિરાકરણ રૂપે “ ધીર ”, “ સ્થિર ” અને “ ઉદાર ” એ વિશેષણો યથાર્થ છે. જેમકે હે ભગવંત ! આપ એટલા ધીર અને સ્થિર છો તથા શક્તિશાળી છો, કે જન્મતાં જ નવાણું હજાર જોજન ઊંચા તે મેરુ પર્વત ઉપર અને એક હજાર આઠ વિશાળ કળશોમાં જલ વડે અભિષેક થયા છતાં આપના શરીર કે મનમાં કોઈ પણ પ્રકારની વિકૃતિ થઈ નહિ એથી આપનું અતુલ બળ ખરેખર પ્રશંસનીય છે. હે પ્રભો ! આપ એટલા ઉદાર અને મહાન છો કે અલ્પજ્ઞ જીવોએ કરેલી અસાર ચેષ્ટાઓ–ક્રિયાઓ–માટે આપને રોષ–ક્રોધ–ઉત્પન્ન થયો નહીં. આપ આપની અગાધ સમતા વડે સર્વને ક્ષમા કરો છો. ( ૬૩ )

(અનન્તર પાદ મુરજ :)

**तिरीटघटनिष्ठ्यूतं हारीन्द्रौघविनिर्मितम् ।**
**पदे स्नात: स्म गोक्षीरं तवेडित भगो श्चिरम् ॥ ६४ ॥**

**અર્થ** :– હે પૂજ્ય ! અભિષેક કરી રહ્યા બાદ ઈન્દ્રોના સમૂહે જ્યારે આપના ચરણકમળમાં નમસ્કાર કર્યો ત્યારે તેના મુકુટરૂપી ઘડામાંથી મનોહર કિરણોરૂપી દૂધ પ્રગટ થયું કે જેમાં આપના ચરણકમળોએ ઘણાં લાંબા સમય સુધી સ્નાન કર્યું, તેમ દેખાય છે.

[જન્માભિષેક પૂર્ણ થતાં ઈન્દ્રોએ જેનો અભિષેક કર્યો એ જ બાળકના ચરણોમાં મસ્તક નમાવી વંદન કરેલ છે. તેમ વંદન કરતાં ઈન્દ્રોના મુકુટના (રત્નોના) સફેદ કિરણો ભગવાનના ચરણ ઉપર પડે છે, તેથી એવો ભાસ થાય છે કે ભગવાનના ચરણો ઈન્દ્રોના મુકુટરૂપી ભાજનમાંથી ઝરતાં કિરણોરૂપી દૂધમાં તે સ્નાન કરી રહ્યાં છે. અહીં રૂપક અને ઉત્પ્રેક્ષા અલંકારથી વર્ણન કરવામાં આવેલ છે. શ્લોકમાં કહેલ "પદે" શબ્દ અને ફરીને "ચિરં" શબ્દ વિવિધ ભાવની પ્રતીતિ કરાવે છે.]

**ભાવાર્થ** :– ક્ષીરસમુદ્રનું જલ જો કે દૂધ જેવું હોય છે અને ઈન્દ્રોએ તેનાથી ભગવાનનો અભિષેક કર્યો જેથી ભગવાનનું શરીર દૂધ જેવું ધવલ બની ગયું; પરંતુ અભિષેક પૂર્ણ થયા બાદ જ્યારે ઈન્દ્રોએ ઉત્તમ વસ્ત્ર વડે ભગવાનના શરીરને પોંછી (લૂઈ) લીધા ત્યારે જો કે શરીર ઉપરની દૂધની પ્રભા તો દૂર થઈ ગઈ તોપણ ભગવંતના ચરણકમળોમાં ઈન્દ્રોએ નમસ્કાર કરતાં તેના મુકુટના રત્નોના સફેદ કિરણો વડે "ફરીને" એવી જ પ્રભા પડી રહી હતી, જેથી શરીર પોંછવા



છતાં ચરણો સફેદ ને સફેદ જ દેખાતાં હતાં. આ ઉપરથી એમ સમજાય છે કે ભગવાનના "પદે"=ચરણે, પદે (ચતુર્થ્યંત રીતે) કોઈ ઉત્તમપદ. તેની પ્રાપ્તિ માટે શરીરના અન્ય અવયવોની અપેક્ષાએ ચરણમાં લાંબા કાળ સુધી સ્નાન જ ચાલુ રહ્યું છે; અન્ય જીવોની અપેક્ષાએ જે કોઈ સ્વયં–સહજ–વિશેષ ઉત્તમ પદની પ્રાપ્તિ ઈચ્છે તેણે વિશેષ વિશેષ લીનતાથી કાર્ય કરવું પડે છે તે સ્વાભાવિક વહેવાર છે. અત્રે ચરણોએ લાંબા સમય સુધી ક્ષીરસ્નાન થતાં સ્વયં-પોતાને અત્યંત પવિત્ર કરી લીધાં છે માટે જ ઈન્દ્રો આદિ લોકોત્તર પુરુષો ભગવંતના ચરણે જ નમસ્કાર કરતા હતા–અન્ય અવયવો જેવા કે હસ્ત, ઉદર અને મસ્તક આદિ પ્રત્યે નહિ એમ સિદ્ધ થાય છે. (૬૪)

[મુરજ બન્ધ :]

**कुत एतो नु सन्वर्णो मेरोस्तेपि च संगते: ।**
**उत क्रीतोथ संकीर्णो गुरोरपि तु संमतेः ॥ ६६ ॥**

**અર્થ** :– હે ભગવંત ! અત્યાર સુધી તો મને એમ સંદેહ હતો કે મેરુ પર્વતનું આટલું વિશેષ સુંદર રૂપ કયાંથી થયું ! શું તે આપનો સંગ થતાં થયું ? કે શું ત્યાં આપનો અભિષેક થયો તેથી થયું ? અથવા તેની કિંમત આપીને તે ખરીદ કર્યો ? કે અન્ય કોઈ સુશોભિત વસ્તુનું સંકીર્ણ–મિલાવટ–થી થયું ? પ્રથમ તો એવા સંદેહ થયા પરંતુ અંતે નિશ્ચય થયો કે મેરુનું એ સુંદર રૂપ આપની આજ્ઞા અર્થાત્ સંમતિ વડે થઈ ગયું અને એ રૂપ અન્ય કોઈ વસ્તુમાંથી કે અન્ય સ્થાનમાંથી થયું નથી.

**ભાવાર્થ** :– જે બાળકનો જે પર્વત ઉપર અભિષેક થયો છે તે પર્વત સુવર્ણવર્ણ અને રત્નોની કાન્તિરૂપ અત્યંત

મનોહર બનેલ છે, તો આચાર્ય શ્રી સમન્તભદ્રદેવે ભક્તિમાં અત્યંત તલ્લીન થતાં એમ કહ્યું કે મેરુપર્વતનું એ અત્યંત સુંદર રૂપ ભગવાન શ્રી ધર્મનાથની આજ્ઞાથી—સંમતિથી—થયું છે, તો હે પ્રભો ! એ રીતે આપની સંમતિથી એક અચેતન પદાર્થનું પણ જો સદ્દવર્ણ—સુવર્ણ અથવા ઉત્તમ રૂપાંતર થઈ જાય છે તો આપના આજ્ઞાધીન—આપના સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ મનન—ધ્યાન, રૂપ ને સ્વાનુભવથી સચેતન પ્રાણીનું અર્થાત્ મારું પણ સદ્દવર્ણ—ઉત્તમ રૂપ, ઉચ્ચ કુળવાનપણું, અને ઉત્તમ યશસ્વીપણું થઈ જાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આપ ગુરુ છો, સર્વશ્રેષ્ઠ છો, મહાન છો, તથા સ્વામી છો. તો પછી આપની આજ્ઞાથી—આપની સંમતિ ( કૃપાદષ્ટિથી ) આપનો સચેતન આ શિષ્ય સુવર્ણરૂપ અને ઉત્કૃષ્ટ અક્ષર પરિજ્ઞાનને પ્રાપ્ત થાય જ તેમાં આશ્ચર્ય નથી. અર્થાત્ આપ ગુરુ છો, ઉપાધ્યાય છો, તો આપની આજ્ઞાથી શું શું પ્રાપ્ત ન બને ? સર્વ સહજ પ્રાપ્તરૂપ થાય છે– ( તીર્થંકર પદની પ્રાપ્તિ થવાની છે જ ) ( ૬૫ )

[ અનંતર પાદ મુરજ : ]

**हृदि येन धृतोऽसीन: सदिव्यो न कुतोजन: ।**
**त्वयारुढो यतो मेरु: श्रिया रूढो मतो गुरु: ॥ ६६ ॥**

**અર્થ** :- હે ભગવાન ! જે ભવ્ય જીવે આપને સ્વામી માનીને પોતાના હૃદયમાં ધારણ કર્યા છે તે જીવ પુણ્યવંત કેમ ન હોય ! અવશ્ય તે જીવ પુણ્યવાન જ છે, જેમકે મેરુ પર્વત ઉપર આપ અધિષ્ઠિત થતાં—આપ ત્યાં બિરાજતાં જ તે ગિરિ, શ્રીસમ્પન્ન અને મહાન બની ગયો ( તો અમારા હૃદયમાં આપને સ્થાપિત કરવાથી અમે પણ શ્રીસંપન્ન—મોક્ષને પાત્ર બની જ જઈએ. )



**ભાવાર્થ** :- સુવર્ણમય અને રત્નોથી વ્યાપ્ત મેરુ પર્વત શ્રીમાન—લક્ષ્મીસમ્પન્ન અને શોભાયમાન કહેવાય છે. વળી એક લાખ જોજનની ઊંચાઈના કારણે ગુરુ એટલે મહાન કહેવાય છે. અહીં આચાર્યદેવને ખાત્રી જ છે કે મેરુ પર્વતને જે બેહદ—અમાપ શ્રી—લક્ષ્મી—શોભા અને મહત્તાની પ્રાપ્તિ થઈ છે તે માત્ર આપનો અભિષેક ત્યાં થવાથી થઈ છે. કદાચ આપનો અભિષેક ત્યાં થયો ન હોત તો કદીપણ તેવો શ્રી-સંપન્ન અને મહાન બની શકયો ન હોત. એમ મેરુનો દાખલો આપીને આચાર્યદેવે એવી ભાવના ભાવી છે કે જો આપના આશ્રયથી અચેતન પદાર્થ મેરુ પણ શ્રીસંપન્ન અને મહાન બની જાય છે તો સચેતન પ્રાણી અર્થાત્ ભક્તિભાવમાં તલ્લીન ભવ્ય જીવ આપને પોતાના હૃદયમાં ધારણ કરીને—આપનું ધ્યાન ને સ્મરણ કરીને દિવ્ય બને જ, અર્થાત્ પુણ્યવાન ઈન્દ્ર અહમિન્દ્ર-આદિ દિવ્ય પદને પ્રાપ્ત કરી ક્રમે કરીને અનંત ચતુષ્ટયરૂપ શ્રીસમ્પન્ન-મોક્ષલક્ષ્મીસંપન્ન બને તથા વિશ્વમાં શ્રેષ્ઠ અને ગુરુ બને જ, તેમાં આશ્ચર્ય નથી ( બાહ્ય-અભ્યંતર વિભૂતિની પ્રાપ્તિ કરે જ ) ( તીર્થંકરપદ ને મોક્ષપદની પ્રાપ્તિ થવાના ભણકારા-અને ઉલ્લાસ વર્તે છે – નમું તે ભાવી તીર્થેશને ) ( ૬૬ )

## ( ૧ ) शान्ति-जिन-स्तुति:

( મુરજ: )

**चक्रपाणेर्दिशामूढा भवतो गुणमन्दरम् ।**
**के क्रमेणेद्दशा रूढा: स्तुवन्तोगुरुमक्षरम् ॥ ६७ ॥**

**અર્થ** :- હે પ્રભો ! આપ ચક્રવર્તી છો. રાજ્યકાળમાં આપે ચક્રરત્ન હાથમાં લઈ ને ષટ્ ખંડ—ભરતક્ષેત્રનો દિગ્વિજય કર્યો. એ ક્રમથી અર્થાત્ મુરજબંધ ચક્રવૃત્ત આદિ ચિત્રબદ્ધ

સ્તોત્રો વડે સ્તુતિ કરનાર – અવિનાશી અને મહાન ગુણોરૂપી મેરુ પર્વત જેવા આપની સ્તુતિ કરનાર કોઈ પણ પ્રસિદ્ધ પુરુષ દિશામૂઢ કેમ થાય ? અર્થાત્ દિશામૂઢ ન જ બને.

**ભાવાર્થ** :– મેરૂગિરિ દરેક જગ્યાએથી ઉત્તર દિશામાં જ દેખાય છે, અને પ્રતિક્ષણે તે દેખાયા કરે છે જેથી કોઈને કદી દિશાની ભૂલ ન થાય, દિશા ન ભૂલે. અર્થાત્ તે મેરુના લક્ષે પોતાની ઇષ્ટ દિશાએ પહોંચી જાય. અહીં આચાર્યદેવે શ્રી શાન્તિનાથ ભગવાનની સ્તુતિ કરીને રૂપકથી મેરુનું દૃષ્ટાંત આપ્યું છે. માટે એ ચોક્કસ છે કે જે જીવ ભગવાન શાન્તિનાથના ગુણો રૂપી મેરુની સ્તુતિ કરે છે તે સંસારી જીવ કદાચ સંસારની અનેક વ્યવસ્થામાં ને વિટંબણામાં પડચો હોય છતાં દૃષ્ટિમક્કમ છે અને પોતાને કરવા યોગ્ય કર્તવ્યરૂપ મોક્ષમાર્ગ ને મોક્ષની પ્રાપ્તિ કરવી છે તે વિસ્મૃત કરતો નથી - ભૂલો પડતો નથી. તે પોતાને સર્વથી ઉત્તર અર્થાત્ સર્વોત્તમ માર્ગની વિના પ્રયાસે-સહજ પ્રાપ્તિ કરી લીએ છે. જેમ રસ્તો ભૂલેલ પ્રાણી ઊંચા દેખાતા પહાડ કે વૃક્ષ દેખી રસ્તાનો નિર્ણય કરી પોતાને ઇષ્ટ સ્થાને પહોંચી જાય છે-મૂંઝાતો નથી, તેમ સંસારમાં ભૂલા પડચા જીવો માટે પણ આપ જ માર્ગદર્શક છો. માટે આ ચિત્ર-બદ્ધ સ્તોત્ર વડે હું કદી દિશામૂઢ નહિ બનું. (૬૭)

(મુજર બન્ધ:)

त्रिलोकीमन्वशास्संगं हित्वा गामपि दीक्षितः ।
त्वं लोभमप्यशान्त्यंग जित्वा श्रीमद्विवीशितः ॥ ६८ ॥

**અર્થ** :– હે પ્રભો ! આપ જોકે સમસ્ત પરિગ્રહ અને પૃથ્વીનો ત્યાગ કરી દીક્ષિત થયા છો અને નગ્ન – દિગંબર બની



વનમાં જઈને તપશ્ચર્યાદિમાં ઉદ્યત છો, તોપણ આપે તો ત્રણ લોકને અનુશાસિત જ કરેલ છે. અર્થાત્ ત્રણ લોકના જીવોને આપના ઉપદેશ વડે માર્ગપર પ્રવૃત્ત કર્યા છે. વળી અશાંતિનું મૂળ એવા લોભ કષાય ઉપર પણ વિજય પ્રાપ્ત કર્યો છે. આમ છતાં આપ લક્ષ્મીવંતો ને વિદ્વાનોના ઈશ્વર ગણાઓ છો–કહેવાઓ છો (લક્ષ્મીવંત અને વિદ્યાવંત જ્ઞાની જીવોમાં આપ મહાન–ગુરુ-ગણાઓ છો; આપનું શાસન અર્થાત્ મત અથવા આજ્ઞા ત્રણલોકમાં પ્રચલિતછે)

**ભાવાર્થ** :– આચાર્યદેવે અહીં "અપિ" શબ્દ વિરોધાભાસરૂપે વાપર્યો છે. લોકોમાં જોવામાં આવે છે કે જે પૃથ્વીના માલિક હોય, ધનધાન્યના સ્વામી હોય; તથા સૈન્ય ધરાવતા હોય એવા જીવ થોડા મનુષ્યોની ઉપર કે જે પોતાના આશ્રયભૂત દેશમાં રહેનારા હોય તે જીવો ઉપર તેનું શાસન ચાલે છે – સર્વે જીવો ઉપર નહિ; પરંતુ આપે તો શાસન ચલાવવાના સર્વે સાધનોનો ત્યાગ કર્યો – આપ અકિંચન બન્યા છતાં પણ આપ ત્રણલોકનું શાસન ચલાવો છો એ વિરોધાત્મક વાત છે; પરંતુ અત્રે શાસનનો અર્થ માર્ગનો ઉપદેશ એમ થાય છે. વળી લોભીને તૃષ્ણાવંત હોય તેની પાસે ધન-ધાન્ય આદિ લક્ષ્મી-સંપદા હોય; પરંતુ આપે લોભને જીત્યો છે છતાં આપ શ્રીમાન – લક્ષ્મીવંત કહેવાઓ છો તેનો અર્થ આપ અનંત ચતુષ્ટય રૂપ આત્મલક્ષ્મીથી પૂર્ણ છો તેવો થાય છે. એ રીતે વિરોધાત્મકનો પરિહાર-સમાધાન કે નિરાકરણ થઈ જાય છે.

(મુરજ બન્ધ:)

केवलाङ्गसमाश्लेषबलाढ्य महिमाधरम् ।
तव चांगं क्षमाभूषलीलाधाम शमाधरम् ॥ ६९ ॥

**અર્થ** :- કેવળજ્ઞાન સ્વરૂપ શરીરવાળા તથા અનંત બળના ધારક હે શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર ! આપનું પરમ ઉદારિક શરીર અત્યંત માહાત્મ્યવાળું છે, ક્ષમારૂપી આભૂષણથી સુશોભિત છે, સૌન્દર્યનું સ્થાન છે તથા શાન્તિ અને સૌમ્યતાયુક્ત ગૌરવથી પરિપૂર્ણ છે. શ્લોકમાં " ચ " શબ્દ આવે છે તેનો અવધારણ અર્થ એ છે-તેનો ભાવાર્થ એ છે, કે હે ભગવંત ! એવું શરીર આપને જ પ્રાપ્ત થયેલ હોય છે, અન્ય કોઈને પ્રાપ્ત થતું નથી જેથી આપ જ સર્વશ્રેષ્ઠ પુરુષ છો. ભગવાન શ્રી શાન્તિનાથને તીર્થંકરનું પદ તથા ચક્રવર્તીના પદ ઉપરાંત કામદેવનું પણ પદ પ્રાપ્ત થયેલ, માટે " અપિ " શબ્દ વાપર્યો છે.

(મુરજ બન્ધઃ)

**त्रयोलोकाः स्थिताः स्वैरं योजनेधिष्ठिते त्वया ।**
**भूयोन्तिकाः श्रितास्तेर राजन्तेधिपते श्रिया ॥ ७० ॥**

**અર્થ** :- હે સ્વામિન્ ! આપ જે સમવસરણમાં બિરાજમાન થયા હતા તેનો વિસ્તાર જોકે સાડા ચાર યોજન માત્ર હતો, તોપણ તેમાં ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને કલ્પવાસી દેવો, મનુષ્યો, તિર્યંચ આદિ ત્રણે લોકના જીવો અત્યંત છૂટથી-આકુળતા વિના બેસી શકે છે, અને આપની સન્મુખ, આપનો આશ્રય કરી આપનું ધ્યાન કરે છે, તેથી શીઘ્ર આપના તુલ્ય લક્ષ્મીવંત અને શોભાયમાન બની જાય છે, અર્થાત્ આપના જેવા જ પરમાત્માપદની પ્રાપ્તિ કરી જ લીએ છે-મોક્ષગામી બની જાય છે. (૭૦)

(મુરજ બન્ધઃ)

**वराद् पातुस्तवाधीशो बुधदेव भियोषिताः ।**
**दूराद्धातुमिवानीशो निधयोवज्ञयोज्झिताः ॥ ७१ ॥**



**અર્થ** :- હે વિદ્વાનોના દેવ ! સર્વશ્રેષ્ઠ જ્ઞાતા-સર્વજ્ઞદેવ ! આપ ભવ્ય જીવોના રક્ષક અને સ્વામી છો, આપે જે નવનિધિઓનો તુચ્છ સમજી તિરસ્કાર પૂર્વક ત્યાગ કર્યો એ સર્વે નિધિઓ આપને છોડવા અસમર્થ હોવાથી હવે એમ લાગે છે, કે તેઓ ભયથી દૂર દૂર છતાં આસપાસમાં જ નિવાસ કરીને ઉપસ્થિત છે.

**બીજો અર્થ** :- હે ભગવંત ! આપ જ્ઞાની જીવોના પણ દેવ-અર્થાત્ પરમાત્મા છો, ભવ્યજીવોના રક્ષક અને સ્વામી છો. હે પ્રભો ! આપે નવનિધિ અને ચૌદ રત્નોનો તુચ્છ જાણી ત્વરાથી ત્યાગ કર્યો છે, વળી ક્રોધાદિ અંતરંગ શત્રુઓ તો અસમર્થ બની જતાં આપને છોડવાને માટે જ ડરીને દૂર જઈને ઉભા છે. એમ ક્રોધાદિ અંતરંગ શત્રુઓ સ્વયં ચાલ્યા ગયા, અને નવનિધિ, ચૌદ રત્નો આદિ બાહ્ય પરિગ્રહોને આપે છોડી દીધા. એમ હે પ્રભો ! આપ જ યથાર્થ નિષ્પરિગ્રહ પરમાત્મા છો. (૭૧)

**ભાવાર્થ** :- શ્રી શાન્તિનાથ ભગવાન તીર્થંકરપદ તથા કામદેવના પદ ઉપરાંત ચક્રવર્તી પણ હતા, જેથી રાજ્ય અવસ્થામાં તેઓ નવનિધિ અને ચૌદ રત્નોના સ્વામી હતા. પરંતુ જ્યારે સંસારથી ઉદાસીન થતાં દીક્ષા લેવા તત્પર થયા ત્યારે તેણે તે નિધિઓ અને રત્નોને અસાર ને તુચ્છ સમજી તેનો શીઘ્ર ત્યાગ કર્યો. તીર્થંકરના સમવસરણમાં જે ગોપુરદ્વાર હોય છે, તેની બન્ને તરફ અષ્ટમંગળ દ્રવ્ય અને નવનિધિઓ આવે છે. તે ગોપુરદ્વાર ભગવાનના સિંહાસનથી ઘણું દૂર હોય છે, તેથી ત્યાં રાખેલ નિધિઓ દૂર થઈ છે એમ ગણાય. અહીં આચાર્ય શ્રી સમન્તભદ્રદેવ ઉત્પ્રેક્ષા કરે છે, કે ભગવાને તો નિધિઓનો તિરસ્કારપૂર્વક ત્યાગ કર્યો પરંતુ એ નિધિઓ

અન્ય ક્યાંય પોતાનું રક્ષણ નહિ દેખાવાથી તથા ભગવાનને જ સર્વના સ્વામી સાથે નિધિઓના પણ સ્વામી સમજીને તે નિધિઓ ભગવાનને છોડવા માગતી ન હોય તેમ ગોપુરદ્વાર ઉપર પોતાનો થયેલ તિરસ્કાર ભૂલીને-સમસમીને આશાથી ત્યાં જ રોકાઈ ગઈ છે એમ સમજાય છે. એમ ભગવંત અંતરંગ તથા બાહ્ય પરિગ્રહ રહિત યથાર્થ નિષ્પરિગ્રહ પરમાત્મા છે.

**વિશેષાર્થ** :- જો કોઈ એક પદાર્થ જેની રક્ષામાં-આશ્રયમાં લાંબા સમયથી રહ્યો હોય અને તેને ઉપકાર પણ ઘણો થયો હોય, તેમાં વૈરાગ્યભાવથી-રાગ ઘટાડીને જો કદાચ સામો જીવ તેનો ત્યાગ કરે-રક્ષાનો સ્વીકાર ન કરે, તેમાં ફરીને એ જ સામો જીવ કોઈ અન્ય જીવોની રક્ષા કરવાનો સ્વીકાર કરવા લાગે ત્યારે પ્રથમ ત્યાગેલો પદાર્થ વિચાર કરવા માંડે કે તે આ આત્માનું હૃદય હજુ રક્ષકનો બોજો લેવામાંથી વિરક્ત થયું નથી. જો ખરેખર વિરક્ત હોય તો મને છોડી અન્ય પદાર્થની રક્ષા કરવા કેમ લાગે ! જેથી એમ વિચારે કે રક્ષકના હૃદયમાં તેના માટે હજુ થોડું સ્થાન છે, માટે ફરી પ્રયાસ કરું. પરંતુ અગાઉ તેના પ્રત્યે આચરવામાં આવેલ તુચ્છ વહેવાર-તિરસ્કાર તેને સ્મરણમાં તાજો થાય જેથી સમસમી રહે. આમ ખરેખર તો દીક્ષા કાળે શ્રી શાન્તિનાથ ભગવાને તે નવે નિધિઓનો ત્યાગ જ કર્યો હતો કે જેના વડે-જેના સામર્થ્ય વડે તેણે છ ખંડનું સામ્રાજ્ય-ચક્રવર્તીપદ પ્રાપ્ત કરી ભરત ક્ષેત્રમાં વિસ્તાર કર્યો હતો. છતાં હવે તેની રક્ષાનો બોજો દૂર કરીને તે પ્રત્યેનો રાગ સર્વથા ત્યાગી-વીતરાગ થયા હતા, છતાં તેઓશ્રીએ પ્રાપ્ત ઋદ્ધિ સિદ્ધિ-નિધિઓ-નો ત્યાગ કર્યા બાદ અન્યત્ર રક્ષા કરવા તો લાગી ગયા છે; એટલે કે મોક્ષમાર્ગના નેતા બની સર્વ જીવોને ઉપદેશ આપે છે, જીવોને



જન્મ-મરણ રૂપી દુઃખોથી છોડાવવા રક્ષક બન્યા છે. એટલું જ નહિ, તે માટેનું તેને સંપૂર્ણ સામર્થ્ય પ્રાપ્ત થયું છે. તો વીતરાગ કહેવા છતાં તેને આ પ્રવૃત્તિ તો દેખાય છે, તેથી આચાર્યદેવે જે "પરાન્પાતુ" અને "અધીશ" વિશેષણો કહ્યાં છે. અત્રે નિધિઓ વિચારે છે કે જો ભગવંતનો વાસ્તવિક રીતે રાગ ઘટ્યો હોય તો જેમ અમારા રક્ષક ન રહ્યા તેમ અન્યના પણ ન રહે. અમારી હાજરી છતાં તે પોતાની વૈરાગ્યભાવનાને સુસ્થિર રાખી શક્યાં છે. કેમકે બાહ્ય પદાર્થો કોઈ વૈરાગ્યભાવનાનો લોપ કરી શકતાં નથી. અમારા સ્થાને ત્રણ છત્ર, ચામર, સિંહાસન, ભામંડળ આદિ પરમ વિભૂતિઓ તેમની પાસે જ છે જે હોવા છતાં તેમને વૈરાગ્યભાવ તો ટક્યો છે. તેથી હવે સમજાય છે કે તે દરેક પ્રકારે તે "અધીશ" -પોતાના ભાવોનું નિયંત્રણ કરવા સમર્થ છે. એમ હતું તો અમને શા માટે છોડી દીધા ? અમારે અન્ય કોઈ રક્ષક નથી જેથી કદાચિત્ તેના શરણે જઈએ તો અપનાવે તેવો અનુરાગ તેમના હૃદયમાં દેખાય તો છે. એ વિચારે નિધિઓ સમવસરણમાં ભગવાનની પાસે પહોંચી જવા તૈયાર થઈ ત્યારે તેને અગાઉ થયેલ તિરસ્કાર સ્મરણમાં આવતાં સમસમીને (ફરીને તેવા હાલ ન થાય તેવા ભાવે ડરીને) ત્યાં ગોપુરદ્વારે જ તે નિધિઓ અટકી ગઈ-રોકાઈ ગઈ. સમવસરણમાં નિધિઓનો સદ્ભાવ અનેક શાસ્ત્રોમાં કહ્યો છે. અહીં ઉત્પ્રેક્ષાલંકારથી કહેલ છે-અર્થાત્ કવિની કલ્પના છે. તેમાં સત્યાંશ ન હોય પરંતુ કેવી ગંભીર ઉત્પ્રેક્ષા અને કવીશ્વરની સૂઝ છે તે વિચારવું. (૭૧)

(પાદાદિ યમક શ્લોકઃ)

**समस्तपतिभावस्ते समस्तपति तद्द्विषः ।**
**संगतोहीन भावेन संगतो हि न भास्वतः ॥ ७२ ॥**

**અર્થ** :- હે પરિગ્રહ રહિત ભગવાન ! જો કે સમસ્ત પતિભાવ-સર્વસ્વસ્વામીપણું આપમાં અને સૂર્યમાં સમાનરૂપે પ્રકાશે છે; જેમ આપ સમસ્ત જગતના સ્વામી છો, તેમ સૂર્ય પણ સમસ્ત જગતનો સ્વામી છે, છતાં સૂર્યના સ્વરૂપથી આપ જુદા પડો છો – સૂર્ય આપના સમાન થઈ શકતો નથી-કેમકે આપે આપના અનેક કર્મશત્રુઓનો સર્વથા નાશ કર્યો છે તેથી આપ સંપૂર્ણ ભાવ સહિત-ઉત્કૃષ્ટા સહિત પ્રકાશો છો, પરંતુ સૂર્યને તો અંધકાર આદિ તેના શત્રુઓ વિદ્યમાન છે ને ગુફા આદિ ગુપ્ત સ્થાનોમાં અને રાત્રિમાં પણ તે હૈયાતી ધરાવે છે. તે રીતે તે હીનભાવ-અનૂઉત્કૃષ્ટ-નિર્બળ-ભાવથી સહિત છે. વળી જ્યોતિષ્કદેવોમાં પણ સૂર્યનું સ્થાન સર્વથી ઉચ્ચ નથી; તે પતીન્દ્ર છે-ઈન્દ્ર નથી. માટે આપ જ સમસ્ત પતિભાવની અપેક્ષાએ "ઈનભાવેન સંગતઃ" સૂર્ય જેવા છતાં પણ તેને શત્રુના સદ્ભાવે તથા હીનભાવની અપેક્ષાએ આપ બન્નેમાં ભેદ છે – સમાનતા નથી.

**ભાવાર્થ** :- કેટલાક જીવો કહી રહ્યા છે કે સમવસરણમાં બિરાજમાન શ્રી જિનેન્દ્રદેવનો પ્રકાશ-પ્રભા કરોડ સૂર્ય સમાન હોય છે, પરંતુ આચાર્ય શ્રી સમન્તભદ્ર દેવને તે કથન માન્ય નથી-પસંદ નથી, એટલે વ્યતિરેકરૂપથી સૂર્ય અને ભગવાન શ્રી શાન્તિનાથનું વિસદ્રશ્યપણું – જુદાપણું સિદ્ધ કરવા અહીં સફળ પ્રયત્ન કર્યો છે. (૭૨)

( સુરજ બંધ )

**नयसत्त्वर्त्तवः सर्वे गव्यन्ये चाप्यसंगताः ।**
**श्रियस्ते त्वयुवन्न सर्वेविव्यर्द्धया चावसंभृताः ॥- ७३ ॥**

**અર્થ** :- હે પ્રભો ! દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક અથવા નૈગમ આદિ નયો, નોળીઆ અને સર્પ આદિ પ્રાણીઓ અને



વસંત-ગ્રીષ્મ આદિ ઋતુઓ, તે સર્વે અને તે ઉપરાંત પૃથ્વી ઉપર જે જે વિરોધી-પરસ્પર વિરોધી પદાર્થો છે તેનો કદી પણ પરસ્પર મેળ થતો નથી-વિરોધ જ રહે છે, પરંતુ આપના પ્રભાવથી, આપના માહાત્મ્યથી તે તે પદાર્થોનો એક સાથે મેળ થઈ ગયો હતો. વિરોધ ને વૈર ભુલાઈ ગયા હોય છે, સર્વે એક સાથે ત્યાં બેઠા હોય છે. આ સિવાય પણ ત્યાં આપના પ્રભાવથી અનેક અન્ય કાર્યો દેવોએ પોતાની ઋદ્ધિથી કર્યાં હોય છે. તે સર્વ આપનું જ માહાત્મ્ય-આપનો જ પ્રભાવ છે.

**ભાવાર્થ** :- દ્રવ્યાર્થિક નય જે પદાર્થને નિત્ય બતાવે છે તેને પર્યાયાર્થિક નય અનિત્ય બતાવે છે. વ્યવહાર નય જે કાર્યને ધર્મ કહી ઉપાદેય બતાવે છે અને નિશ્ચય નય એ જ કાર્યને અધર્મ કહી હેય (તજવા યોગ્ય) કહે છે. એ પ્રમાણે નયોમાં પરસ્પર વિરોધ છે, પરંતુ તે તો માત્ર એકાંતવાદીઓને માટે વિરોધરૂપ છે કે જે માત્ર એકાંત – એકજ નયને-માને છે. જિનેન્દ્રદેવ સ્યાદ્વાદ ધર્મને પ્રરૂપે છે જેમાં વિવક્ષા-અપેક્ષાથી સર્વ નયોનો સ્વીકાર છે. એમ પરસ્પર ધર્મોનો વિરોધ મટે છે. અને મિત્રરૂપે સાપેક્ષ રહી જીવોને કલ્યાણકારી બને છે. સર્પ-નોળીઓ, ઉંદર-બિલાડી, ગાય-વ્યાઘ્ર વગેરે પ્રાણીઓ કે જેઓ વચ્ચે પરસ્પર વૈર-વિરોધ હોય છે, જેઓ કદી એક થઈ મળી શકે નહિ; પરંતુ શ્રી જિનેન્દ્ર દેવનો એ અતિશય (ગુણવિશેષતા) છે કે તેની સમક્ષના પ્રત્યેક પ્રાણીઓ પરસ્પરનું જન્મજાત વૈર ભૂલીને પ્રેમપૂર્વક સૌમ્ય ને શાન્તિમય નિકટ બેસી સાંભળે છે. એમ અત્રે આચાર્યદેવ કહે છે કે પરસ્પર વિરોધી જીવો પણ સાથે મળે છે. એક વર્ષ દરમિયાન વંસત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, અને શિશિર છ ઋતુઓ હોય છે. જેનો સમય ક્રમવાર, ચૈત્રથી દરેક બબ્બે મહિનાઓનો છે. મહિના અને ઋતુઓ ક્રમે પ્રવર્તે ને બદલે છે.

ઋતુઓનો પરસ્પર વિરોધ ગુણ છે પરંતુ જ્યાં શ્રી જિનેન્દ્રદેવ બિરાજતા હોય છે ત્યાં છ એ ઋતુઓના ભાવ એક સાથે પ્રગટે છે–શોભાયમાન હોય છે–ફળદાયી હોય છે. એ રીતે પરસ્પર વિરોધી ઋતુઓ પણ એક સાથે પ્રગટે છે. તે ઉપરાંત જિન ભક્ત દેવો વડે પણ કેટલાક ચમત્કાર થાય છે. જેમકે અર્ધમાગધી ભાષામાં વાણીનું પરિવર્તન, દિશાઓ નિર્મળ થવી, આકાશ નિર્મળ બનવું, વિહાર વખતે ભગવાનના ચરણે સુવર્ણકમળોની રચના કરવી, આકાશમાં જય–જયનો ધ્વનિ ઊઠવો, મંદ–સુગંધી પવન વાય, સુગંધમય જલની વૃષ્ટિ, પૃથ્વીનું કાંટા રહિત થવું, સર્વત્ર જીવોને આનંદ થવો, ભગવાનની આગળ ધર્મચક્રનું ચાલવું; છત્ર, ચામર આદિ મંગળ દ્રવ્યો સાથે રહે એવા અનેક ચમત્કારી કાર્યો દેવો દ્વારા થાય છે. અહીં "ચ" શબ્દનો મર્મ એ જ છે કે એ બધું આપનું જ માહાત્મ્ય છે. અર્થાત્ આપ જ સર્વત્ર મહાન છો–આપના તુલ્ય અન્ય કોઈ મહાન નથી.

( મુરજ બંધઃ )

ता वदास्व त्वमारूढो सूरिसूति परंपर: ।
केवलं स्वयमारूढो हरिर्भाति निरम्बर: ॥ ७४ ॥

અર્થ :– હે ભગવંત ! આપ અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યરૂપ અંતરંગ વિભૂતિયુક્ત, તથા અષ્ટપ્રાતિહાર્યરૂપ બહિરંગ–વિભૂતિ વડે શોભાયમાન છો. વળી નિરંબર એટલે વસ્ત્ર રહિત નગ્ન છો. આપ એટલા નિર્ધન છો કે આપની પાસે એક વસ્ત્ર પણ નથી. એ રીતે આપને સુશોભિત કહેવામાં પણ આશ્ચર્ય થાય છે. આવું છતાં નિશ્ચયપૂર્વક સત્ય એ છે કે જે પ્રસિદ્ધ સિંહાસન ઉપર આપ બિરાજમાન રહો છો, તે



અત્યંત શોભી ઊઠે છે, તેનું કારણ પણ આપ છો. તો પછી આપ સ્વયં સુશોભિત હો તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી.

ભાવાર્થ :– શાન્તિનાથના દેહપર એક પણ વસ્ત્ર નહિ, તેઓ અસંગ ને અપરિગ્રહી છતાં અનંત ચતુષ્ટયસંપન્ન સાચી સંપદા સાથે પ્રાતિહાર્ય આદિ વિભૂતિરૂપ દેવરચિત અનેક સંપદાથી સુશોભિત હતા. એમ વિરોધાભાસનું નિરાકરણ કરતાં આચાર્ય દેવ કહે છે કે એ બધો આપનો જ પ્રભાવ હતો; કેમકે તેવું સુવર્ણનું બનેલ રત્નજડિત સિંહાસન પણ ભગવાનની હાજરી ન હોય તો, જેમ પૂર્વ દિશા સૂર્ય વિનાની હોય તો શોભે નહિ તેમ આપના પ્રભાવે જ એ સર્વ સંપદા શોભે છે. અત્રે સિંહાસન પ્રાતિહાર્યનું વર્ણન કરવામાં આવ્યું છે. [ ૭૪ ]

( મુરજ બન્ધઃ )

नागसे त इनाजेय कामोद्यन्महिमार्दिने ।
जगत्त्रितयनाथाय नमो जन्मप्रमाथिने ॥ ७५ ॥

અર્થ :– હે સ્વામિન્ ! હે અજેય ! આપ અપરાધ રહિત નિષ્પાપ છો, સંસારમાં ચારે તરફ ફેલાએલા કામદેવની મહિમાનો નાશ કરનાર છો, ત્રણ લોકના સ્વામી છો, જન્મ–મરણરૂપ સંસારનો નાશ કરનાર છો, હે દેવ ! આપને હું નમસ્કાર કરું છું. [ ૭૫ ]

( મુરજ બન્ધઃ શ્લોકયમકાલંકારશ્ચ )

रोगपातविनाशाय तमोनुन्महिमायिने ।
योगख्यातजनार्चाय श्रभोच्छिन्नंदिमासिने ॥ ७६ ॥

**અર્થ** :– હે ભગવંત! આપ અનેક રોગ તથા પાપનો નાશ કરનાર છો, અજ્ઞાનરૂપી અંધકારનો આપે નાશ કર્યો છે, આપનો મહિમા જગત્પૂજ્ય છે કેમકે યોગીઓમાં પ્રસિદ્ધ ગણધર આદિ દેવ, તેઓ આપની પૂજા કરે છે. જીવો પ્રત્યેની આપની અનંત કરુણા છે. આપ ખેદ, સ્વેદ આદિ દોષોથી રહિત છો. આપ અત્યંત મૃદુ છો–દયાળુ છો, જેથી આપને ફરી ફરીને–વારંવાર નમસ્કાર હો. [ ૭૬ ]

( મુરજ બન્ધઃ શ્લોકયમકાલંકારશ્ચ )

**रोगपात विनाशाय तमोनुन्महिमायिने ।**
**योगख्यातजनार्चायः श्रमोच्छिन्मन्दिमासिने ॥ ७७ ॥**

**અર્થ** :– હે પ્રભો શાન્તિનાથ! આત્માનો પરાભવ કરનાર કર્મસમૂહનો આપ ઘાત કરનાર છો. આપ અજેય છો. આપ નાશ અર્થાત્ મૃત્યુ રહિત છો, અલોક આકાશને તેમજ ચાર ગતિમાં પરિભ્રમણના કારણ કર્મપ્રચયને તથા છ દ્રવ્યાત્મક પૃથ્વીલોકને જાણનાર–જ્ઞાતા છો. ઈન્દ્ર આદિ દેવો દ્વારા પ્રસિદ્ધ મેરુગિરિ ઉપર આપની પૂજા થઈ છે, તેમજ આપ ક્લેશ–વિનાશ અને જડતાનો નાશ કરનાર છો. હે પ્રભો! આપને વારંવાર નમસ્કાર હો.

( મુરજ બન્ધઃ )

**प्रयत्येमान् स्तवान् वश्मि प्रास्तश्रान्ताकृशार्त्तये ।**
**नयप्रमाणवाग्रश्मिध्वस्तध्वान्ताय शान्तये ॥ ७८ ॥**

**અર્થ** :– હું પ્રયત્નપૂર્વક, અનેક સ્તોત્રો રચીને શ્રી શાન્તિનાથ ભગવાનને એ પ્રાર્થના કરવા ઈચ્છું છું કે જેઓ



દુઃખી પ્રાણીઓની અતિ મોટી મોટી પીડાઓના નાશ કરનાર છે, જેણે નય અને પ્રમાણ વડે વચનરૂપી કિરણોદ્વારા જીવોના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે, તેમને આ પ્રાર્થના દ્વારા કંઈક કહું છું. [ ૭૮ ]

( સર્વપાદ મધ્યયમકઃ )

**स्वसमान समानन्द्या मासमान स मानघ ।**
**ध्वंसमानसमानस्तत्रासमान समानतम् ॥ ७९ ॥**

**અર્થ** :– હે સ્વસમાન! આપના સમાન આપ અર્થાત્ ઉપમાથી રહિત! હે શોભમાન! હે નિષ્પાપ! હે શ્રી શાન્તિનાથ ભગવંત! આપ મને સમૃદ્ધિસંપન્ન એટલે જ્ઞાન–દર્શનાદિ રૂપ આત્મસંપત્તિ વડે સંપૂર્ણ કરો! હું આપના ચરણે નતમસ્તક–નમેલો છું. હું આપને મન-વચન-કાયાથી નમસ્કાર કરી રહ્યો છું. જો કે મારો માનસિક ઉદ્વેગ ટળ્યો નથી તથાપિ તેનો નાશ થઈ રહ્યો છે. હે પ્રભો! મને આપના તુલ્ય જ સમૃદ્ધ બનાવો. મારા આત્માની ઉન્નતિ કરો.

**ભાવાર્થ** :– પ્રથમ તો ભગવાનને સ્વસમાન સંબોધન કરી કહ્યું કે સંસારમાં કોઈ પદાર્થની આપને ઉપમા આપી ન શકાય તેવા અનુપમ છો. આચાર્યદેવે અહીં અનન્વય અલંકારથી કહ્યું છે, આપ આપના કાર્યમાં સર્વથા સમર્થ, આપ નિષ્પાપ, અને શોભાયમાન, આપ દ્વેષાદિથી રહિત છતાં સ્વાભાવિક દયાને કારણે મારી કરુણા કરનાર છો. સંસારના દુઃખોથી આકુળ એવા મને મારા ત્રાસ-સંતાપનો ધ્વંસ કરનાર છો. તે માટે સહાયક આપ જ છો. આપના આ ભક્તને પૂર્ણજ્ઞાનદર્શન આદિ આત્મીય સંપદાની શીઘ્ર પ્રાપ્તિ કરાવો એ રીતે અલંકારપૂર્વક પ્રાર્થના કરી છે. [ ૭૯ ]

(મુરજ બન્ધઃ)

**सिद्धस्त्वमिह संस्थानं लोकाग्रमगमः सताम् ।**
**प्रोद्धर्त्तुमिव सन्तानं शोकाब्धौ मग्नमंक्ष्यताम् ॥ ८० ॥**

**અર્થ** :- હે ભગવંત! જો કે આપ આલોકમાં સિદ્ધ-કૃતકૃત્ય થઈ ચૂકયા છો તોપણ આપ લોકના અગ્રે ઉત્તમ સ્થાન ઉપર-સિદ્ધ શિલા ઉપર જઈને બિરાજમાન થયા છો. તેથી એમ જણાય છે કે દુઃખરૂપ સાગરમાં ડૂબતાને તથા ભવિષ્યમાં ડૂબનારને-ભવ્ય જીવને તારવાને માટે જ ઉપર જઈને બિરાજ્યા છો-આપનું ત્યાં જવું તે નિષ્પ્રયોજન નથી થયું. [ ૮૦ ]

**ભાવાર્થ** :- શાસ્રોમાં કોઈ સ્થાનવિશેષને મોક્ષ નથી કહ્યો, પરંતુ આત્માની સર્વે કર્મથી રહિત એવી શુદ્ધ અવસ્થાને મોક્ષ માનેલ છે. કર્મોનો સર્વથા સંબંધ છૂટતાં એક જ સમયમાં આત્મા લોકાગ્રે સિદ્ધશિલા ઉપર પહોંચી જાય છે. તેને સિદ્ધિ, કે મુક્તિ અથવા કૃતકૃત્યતા કહે છે. અહીં ઉત્પ્રેક્ષાલંકારથી આચાર્ય દેવ કહે છે કે શ્રી શાન્તિનાથ ભગવાન લોકાગ્રે બિરાજ્યા તેનું કારણ દુઃખસમુદ્રમાં ડૂબતા ભવ્ય જીવોનો ઉદ્ધાર કરવા-કિનારે લાવવા-ઊંચે ચડાવવા ઉપર જઈ બિરાજમાન થયા છે જેથી ખેંચી શકે સ્વયં-નીચે રહી તે કામ ન બને. [ ૮૦ ]

## (૧૭) कुन्थु-जिन-स्तुति

(સર્વપાદાન્ત યમકઃ)

**कुन्थवे सुमृजाय ते मन्त्रयूनरुजायते ।**
**ना महीष्वनिजायते सिद्धये दिवि जायते ॥ ८१ ॥**



**અર્થ** :- હે અનિજ! હે જન્મ-મરણ રહિત કુન્થુનાથ જિનેન્દ્ર! આપ અત્યંત શુદ્ધ છો. જે પુરુષ આપને નમસ્કાર કરે છે તે જગતમાં સંપૂર્ણ રીતે નીરોગ બને છે, અને પરલોકમાં મુક્તિ પ્રાપ્ત કરે છે. અથવા તો સ્વર્ગમાં ઉત્પન્ન થાય છે. એમ સ્વર્ગ-મોક્ષ બન્ને સ્થાન પ્રાપ્ત કરે છે. [ ૮૧ ]

(મુરજ બન્ધઃ)

**यो लोके त्वा नतः सोतिहीनोप्यतिगुरुर्यतः ।**
**बालोपि त्वा श्रितं नौति को नो नीतिपुरुः कुतः ॥ ८२ ॥**

**અર્થ** :- હે ભગવાન! આપ સર્વે જીવોને માટે આશ્રય લેવા યોગ્ય છો અને આપ આશ્રય દેવાને સમર્થ છો. આ જગતમાં જે જીવ આપને નમસ્કાર કરે છે-સર્વ પ્રકારે આપનો આશ્રય-શરણ લીએ છે તે જીવ કદાચ અત્યંત હીન, કે નિકૃષ્ટ-પામર હોય તોપણ અતિમહાન (ગુરુ) અને અત્યંત શ્રેષ્ઠ, ઉચ્ચ, બની જાય છે. જ્યારે વસ્તુસ્થિતિ જ એમ છે તો હે પ્રભો! એવો કોણ મૂર્ખ હોય કે નીતિજ્ઞ હોય, પણ તેવો જીવ આપને નમસ્કાર કરી આપના આશ્રયે-આપના શરણે-આવવા ન ઈચ્છે! આપને નમસ્કાર કરે જ, અને આપના શરણે આવે જ.

**ભાવાર્થ** :- જે કાર્યમાં પ્રત્યક્ષ લાભ દેખાય તે કાર્ય બુદ્ધિમાન મનુષ્ય જરૂર કરે. અહીં જે અતિહીન-નીચ-પામર હોય તે ઉચ્ચ કેમ બને! એમ વિરોધાભાસ છે. પરંતુ મહાપુરુષના આશ્રયથી વિરુદ્ધ જણાતી સ્થિતિ પણ અનુકૂળ થઈ જાય છે તેમ વિરોધનું નિરાકરણ થઈ જાય છે. [ ૮૨ ]

(ગતપ્રત્યાગતાર્દ્ધ ભાગઃ)

**नतयात विदामीश शमी दावितयातन ।**
**रजसामन्त सन्देव वन्देसन्तमसाजर ॥ ८३ ॥**

**અર્થ** :– હે નમ્ર મનુષ્યોને પ્રાપ્ય-જ્ઞાતવ્ય ! હે જ્ઞાની-ઓના સ્વામી ! હે કેવળજ્ઞાની ! હે દુઃખોના નાશ કરનાર અનંત સુખ સમ્પન્ન ! હે પાપોના વિનાશક ! હે અજ્ઞાનશૂન્ય ! હે જરા રહિત કુન્થુનાથ જિનેન્દ્ર ! હું અત્યંત શાંત બની આપને વંદને કરું છું. કષાયોને શાંત કરી આપને મસ્તક નમાવી વંદન કરું છું. [૮૩]

(બહુ ક્રિયાપદ–દ્વિતીયપાદ મધ્યયમકાઽતાલુ વ્યંજનાઽવર્ણસ્વર ગૂઢ દ્વિતીયપાદ સર્વતોભદ્ર–ગતપ્રત્યાગતાઽર્ધ ભ્રમઃ)

**पारावाररवारापारा क्षमाक्ष क्षमाक्षरा ।**
**वामानाममनामावारक्ष मर्द्धर्द्धमक्षर ॥ ८४ ॥**

**અર્થ** :– હે પ્રભો ! આપની દિવ્યધ્વનિ સમુદ્રની ગર્જના જેવી પરમ ગંભીર છે. આપ સમસ્ત પદાર્થોના જ્ઞાતા છો. આપ પાપોનો નાશ કરનાર છો. જ્ઞાનાદિ ગુણો વડે વૃદ્ધ છો, આપ ક્ષય-રહિત અક્ષય છો. હે ભગવાન ! આપની ક્ષમા અપાર છે અને અવિનાશી (ત્રિકાળ) છો માટે મારા જેવા વૃદ્ધને–મને પણ પ્રસન્ન કરો (મારા ઉપર પ્રસન્નતા કરો) મને સુશોભિત બનાવો અને મારું રક્ષણ કરો–મને પાળો. [૮૪]

**ભાવાર્થ** :– આચાર્યદેવે અહીં ભગવાન કુંથુનાથ પાસે ત્રણ બાબતોની પ્રાર્થના કરી છે. મને–વૃદ્ધને પ્રસન્ન કરો, સુશોભિત કરો અને પાલન કરો. તે ત્રણ બાબતની પૂર્ણતા માટે તેવાજ અનુકૂળ-અનુરૂપ-વિશેષણો કહ્યાં છે. જેમકે હે ભગવંત ! આપની દિવ્યધ્વનિ સમુદ્રની ધ્વનિ જેવી અત્યંત સારગર્ભિત નીકળે છે, જે સાંભળીને સમસ્ત જીવોને આનંદનો લાભ થાય છે. હે ભગવાન ! આપ સર્વ પદાર્થોના જ્ઞાતા છો. અર્થાત્ આપનો આત્મા જ્ઞાન-ગુણો વડે અત્યંત સુશોભિત છે એમ મને પણ સુશોભિત કરો–જ્ઞાનગુણ વડે શોભાયમાન બનાવો. હે ભગવાન ! આપ વામો એટલે પાપો અથવા દુષ્ટોનો નાશ કરનાર છો અને સાધુપુરુષોની રક્ષા કરનાર છો, માટે મારી પણ રક્ષા કરો–મને સર્વ પાપોથી બચાવો, મારા પ્રત્યે દૃષ્ટિ ન કરો, કેમકે આપ અપાર ક્ષમાના ધરનાર છો. વળી તે સર્વ કાર્ય કરવાને માટે આપને સંપૂર્ણ સામર્થ્ય છે. અહીં આચાર્યદેવે પોતાને માટે ઋદ્ધ વિશેષણ વાપર્યું છે–જેનો અર્થ વૃદ્ધ કર્યો છે જેથી એમ અનુમાન થાય છે કે આ સ્તુતિ આચાર્ય શ્રી સમન્તભદ્ર સ્વામીએ તેમની વૃદ્ધાવસ્થામાં કરેલ છે. (કેટલાંક શાસ્ત્રો રચ્યા પછી આ સ્તુતિ-વિદ્યાની રચના થઈ છે, જેમાં અદ્ભુત ગંભીર ભાવો સાથે અલંકાર પૂર્વકની રચના બની છે.)



## (૧૮) अर-जिन-स्तुतिः

(ગતપ્રત્યાગત પાદપાદાભ્યાસમયકાક્ષરદ્વયવિરચિતશ્લોકઃ)

**वीरावारर वारावी वरोरुरुरोरव ।**
**वीरावाररवारावी वारिवारिरि वारि वा ॥ ८५ ॥**

**અર્થ** :– નરક આદિ કુગતિઓથી બચાવનાર–નિવારણ કરનાર–હે ભક્તજનોના રક્ષક ! હે ઈષ્ટફળના દાતા ! હે શૂર-વીર ! હે અરનાથ સ્વામી ! આપ મહાનમાં મહાન છો–સર્વથી મોટા છો–શ્રેષ્ઠ છો, તથા આપની દિવ્યધ્વનિ તેવી જ અપ્ર-તિહત-સર્વત્ર પ્રચલિત છે. જેવી રીતે સમસ્ત આકાશમાં ફેલા-એલ વાદળોમાં જળ રહે છે તેવી તે છે, એ રીતે આપ મહાન છો. હે પ્રભો ! મારી તથા અન્ય જીવોની રક્ષા કરો. [૮૫]

(અનુલોમ પ્રતિલોમ શ્લોકઃ)

**रक्ष माक्षर वामेश शमी चारुरुचानुतः ।**
**भो विभोनशनाजोरुनमेन विजरामय ॥ ८६ ॥**

**અર્થ** :– હે ત્રિલોકપતિ અરનાથ ! આપ વિનાશ રહિત છો, ઈન્દ્રોના પણ ઈન્દ્ર છો ! શાન્તરૂપ છો ! મહાનમાંમહાન ભક્તો પણ આપની સ્તુતિ કરે છે ! આપ આહાર રહિત છો ! આપ અજ છો, મોટા પુરુષો આપને નમસ્કાર કરે છે. આપ સર્વના સ્વામી છો ! આપ વૃદ્ધાવસ્થા રહિત અને વ્યાધિઓથી રહિત છો માટે હે જિનેન્દ્ર ! આપ મારી રક્ષા કરો. [ ૮૬ ]

( અનુલોમ પ્રતિલોમ શ્લોક )

**यमराज विनम्रेण (न) रुजोनाशन मो विभो ।**
**तनु चारुरुचामीश शमेवारक्ष माक्षर ॥ ८७ ॥**

( ૮૬મા શ્લોકના છેલ્લા અક્ષરથી અહીં પહેલો અક્ષર શરૂ થાય છે )

**અર્થ** :– હે પ્રભો ! આપ વ્રતોના સ્વામી – વ્રતોથી શોભાયમાન છો. ઈન્દ્ર, અહમિન્દ્ર આદિ દેવો પણ આપને નમસ્કાર કરે છે. આપ સર્વ રોગોનો નાશ કરનાર છો. આપ ઉત્તમ શોભાના સ્વામી, અવિનાશી છો. હે નાથ ! મોક્ષ સુખને વિસ્તારી મારી રક્ષા કરો.

**વિશેષાર્થ** :– આ શ્લોકનો શ્લેષ અલંકારથી અર્થ કરીએ તો સૂર્ય પક્ષમાં અર્થ થઈ શકે છે કે હે શનિગ્રહરૂપી સ્વપુત્રથી શોભાયમાન ! હે આકાશનમ્ર – આકાશમાં વિચરનાર ! હે રોગઅપહારિન્ – નાશક ! હે ગગન એકનાથ ! હે અખિલ વહેવારના દાતા, હે સુંદર કિરણોના નાયક ! હે અરનાથરૂપી સૂર્ય ! સુખને વિસ્તૃત કરી મને દુઃખોથી બચાવો–( આપનું અનંત સુખ મને પણ પ્રાપ્ત થાય તેટલું વ્યાપક કરો. )



( ગતપ્રત્યાગત ભાગઃ ) ( પહેલેથી એ જ છેલ્લેથી )

**नय मा स्वर्य वामेश शमेवार्य स्वमाय न ।**
**दमराजर्त्त वादेन नदेवार्त्त जरामद ॥ ८८ ॥**

**અર્થ** :– હે ઉત્કૃષ્ટ નાયક ! હે ઈન્દ્રોના ઈન્દ્ર ! હે માયા–રહિત ! અથવા હે સ્વપર–પ્રકાશક જ્ઞાનવંત ! હે ઇન્દ્રિય દમનરૂપી સંયમવડે શોભાયમાન ! હે સત્યવાદી ! અર્થાત્ પદાર્થોને અનેકાન્ત દૃષ્ટિ વડે સત્યરૂપ–યથાર્થ–બતાવનાર ! હે ક્રીડા, પીડા, વૃદ્ધાવસ્થા તથા અહંકારથી રહિત ! હે અરનાથ સ્વામી ! મને એક માત્ર સુખ–શાન્તિની જ પ્રાપ્તિ કરાવો. મને સંસારના દુઃખોથી છોડાવી સંપૂર્ણ સુખશાન્તિનું પ્રદાન કરો. (૮૮)

( યથેષ્ટૈકાક્ષરાન્તરિત મુરજ બન્ધઃ )

**वीरं मा रक्ष रक्षार परश्रीरदर स्थिर ।**
**धीरधीरजरः शूर वरसारर्द्धिरक्षर ॥ ८९ ॥**

**અર્થ** :–હે અરનાથ ! આપ સકળ જીવોની રક્ષા કરનાર છો, આપ ઉત્કૃષ્ટ લક્ષ્મી સંપન્ન છો, નિર્ભય છો, સ્થિર છો, અગાધ –અનંત બુદ્ધિના ધારક છો, જરા–મરણથી રહિત છો. આપ શૂરવીર છો, શ્રેષ્ઠ–અવિનાશી એવી જ્ઞાનસંપદા સહિત છો, અક્ષર છો – વિનાશ રહિત છો; માટે આપ મારી રક્ષા કરો–હું સંસાર પરિભ્રમણનાં દુઃખોથી નિવૃત્ત થવા ઈચ્છું છું. (૮૯)

## (૧૯) मल्लि-जिन-स्तुतिः

( અર્દ્ધ ભ્રમઃ )

**आस यो मतजातीर्य्यां सदा मत्वा स्तुतेकृती ।**
**यो महामतगोतेजा नत्वा मल्लिमितः स्तुत ॥ ९० ॥**

અર્થ :- જેણે ભવ્ય જીવોના જન્મ-મરણ આદિ રોગોનો નાશ કર્યો છે તથા પ્રત્યેક સમયે અનંત પદાર્થોને જાણી રહ્યાં છે, તથા જેની સ્તુતિ કરવાથી સાધુ પુરુષોને તીર્થંકરપદના સાતિશય ઉત્કૃષ્ટ પુણ્યની પ્રાપ્તિ થાય છે તથા જેના આગમ-દિવ્યધ્વનિ અને જ્ઞાન, અનંત છે-સર્વથી સંપૂર્ણ છે, વિશાલ છે, તે જિનેન્દ્ર શ્રી મલ્લિનાથ તીર્થંકર. તેની પ્રાપ્તિ થઈ તો હે ભવ્ય જીવો! હવે નમસ્કાર પૂર્વક તેમની સ્તુતિ કરો (અને એવા જ પદની પ્રાપ્તિ કરો.) (જિન થઈને જિન આરાધે સોહી જિનવર હોવે રે - આનંદઘન)

## (૨૦) मुनिसुव्रत-जिन-स्तुतिः

( નિરૌષ્ઠ્ય યથેષ્ટૈકાક્ષરાન્તારિત મુરજ બન્ધો ગોમૂત્રિકા ષોડશદલ પદ્મશ્ચ )

**ग्लानं चैनश्य नः स्येन हानहीन घनं जिन ।**
**अनन्तानशन ज्ञानस्थानस्थाऽऽनत-नन्दन ॥ ९१ ॥**

અર્થ :- હે મુનિસુવ્રત સ્વામિન્! આપ ક્ષય રહિત-અક્ષય-છો, કર્મશત્રુઓના વિજેતા છો, અનંત છો, અપરિમિત -અનંત ગુણો વડે સુશોભિત છો, નાશ-રહિત છો, અથવા આહાર રહિત છો, કેવળજ્ઞાનરૂપ સ્થાનમાં સ્થિત થયા છો, અને પ્રણુત અર્થાત્-નમસ્કાર કરનાર જીવોને સમૃદ્ધ કરનાર-ઋદ્ધિ સંયુક્ત કરનાર છો. હે પ્રભો! અમારી આ ગ્લાનિ અને (રાગાદિરૂપ) પાપ પરિણતિનો નાશ કરી આપો. (સંસારના ઉદ્વેગ અને સર્વ પાપોને દૂર કરી આપો.)

(અર્દ્ધ ભ્રમ)

**पावनाजितगोतेजो वर नानाव्रताक्षते ।**
**नानाश्चर्य सुवीतागो जिनार्य मुनिसुव्रत ॥ ९२ ॥**



અર્થ :- હે ભગવંત! આપ પરમ પવિત્ર છો-રાગાદિ દોષો રહિત છો, આપની દિવ્યધ્વનિ અને આપનું કેવળજ્ઞાનરૂપી તેજ અજેય છે-કોઈથી જીતી ન શકાય તેવા છે. આપ અત્યંત શ્રેષ્ઠ છો, આપે છદ્મસ્થ અવસ્થામાં એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પહેલાં, અનેક વ્રતોને ધારણ કર્યાં હતાં. આપ અક્ષય છો, અનેક આશ્ચર્યથી ભરેલા છો, આપ અનેક ઋદ્ધિઓ તથા પ્રાતિહાર્ય સંયુક્ત છો. આપના સર્વે પાપોનો નાશ થઈ ગયો છે. આપ જિનેન્દ્ર છો, સર્વના સ્વામી છો, હે મુનિસુવ્રત ભગવાન્! અમારા પણ સાંસારિક ઉદ્વેગો (ગ્લાનિ) અને પાપ પરિણામોનો નાશ કરી આપો. (૯૨)

## (૨૧) नमि-जिन-स्तुतिः

(ગતપ્રત્યાગતપાદ યમકાક્ષારદ્વય વિરચિત સન્નિવેશ વિશેષ સમુદ્ગતાનુલોમ પ્રતિલોમશ્લોક યુગલશ્લોકઃ)

**नमेमान नमामेनमानमाननमानमा ।**
**मनामेनु नुमेनामनमनेमम नो मन ॥ ९३ ॥**

અર્થ :- હે નમિનાથ! આપ અપરિમેય-(અમાપ-અમારા જેવાને અગોચર) છો. અમે અલ્પજ્ઞ પ્રાણીઓ આપનું યથાર્થ સ્વરૂપ જાણી શકતા નથી. આપ સર્વના સ્વામી છો, આપનું જ્ઞાન સર્વે જીવોને પ્રબોધ કરનારું છે, આપ કોઈ જીવને તેની ઈચ્છા વિરુદ્ધ નમસ્કાર કરાવતા નથી. આપ વીતરાગ છો, મોહરહિત છો. આપને હું સદૈવ-નિત્ય-નમસ્કાર કરું છું-હંમેશા આપનું જ ધ્યાન કરું છું - આપની સ્તુતિ કરું છું. હે પ્રભો! આપના શરણે આવેલ એવા મને આપ ધ્યાનમાં

રાખો—હું આપના જેવો પૂર્ણજ્ઞાની અને મોહ રહિત વીતરાગ બનવા ઈચ્છું છું. (૯૩)

**न मे माननमामेन मानमाननमानमा— ।**
**मनामो नु नु मोनामनमनोम मनोमन ॥ ९४ ॥**

**અર્થ** :— હે પ્રભો ! જે આપને ભક્તિપૂર્વક નમસ્કાર કરે છે તેના સર્વે રોગોનો આપ નાશ કરી આપો છો તેમજ તે જ્ઞાન આદિ લક્ષ્મીથી રહિત વસ્તુ સ્વરૂપે નિર્ધન-હોય તેના પણ સર્વ સાંસારિક રોગોનો આપ નાશ કરી દીઓ છો. એ ઉપરાંત આપ અત્યંત સુંદર છો. હે નમિ જિન ! જ્ઞાનગુણના ઘાતક અને જીવના શુદ્ધ સ્વરૂપના નાશક એવા આ કર્મોરૂપી રોગોએ મારું સઘળું પ્રભુત્વ અને મારી સ્વતંત્રતાને લૂંટી લીધાં છે. માટે આપ મારા હૃદયમંદિરમાં પ્રવેશ કરો જે વડે મારી સ્વતંત્રતાની મને (ફરીને) પ્રાપ્તિ થાય. (૯૪)

**ભાવાર્થ** :— આચાર્યશ્રી સમન્તભદ્ર દેવે શ્રી નમિ જિનેશ્વરની સ્તુતિ કરતાં પ્રાર્થના કરી છે કે આપ ભક્તજનોના સર્વ રોગ અને દુઃખને નષ્ટ કરો છો અને દરિદ્ર મનુષ્યોના આપ અત્યંત હિતેચ્છુ છો; તેના પણ દારિદ્રયના સમસ્ત રોગ–દુખોનો આપ નાશ કરી આપો છો. તો હે પ્રભો ! મારી પાછળ પણ એ જ દુઃખને સંસાર પરિભ્રમણનો રોગ પડેલ છે તેથી મારી સ્વતંત્રતા લૂંટાઈ ગઈ છે. મારી કેવળજ્ઞાન આદિ લક્ષ્મી પણ હરાઈ ગઈ છે. એ રીતે હું દરિદ્ર અને અશક્ત છું; તો આપ જો મારા હૃદયમાં પ્રવેશ કરો તો મારા સર્વે રોગ ને પીડાનો અંત આવે. આપમાં તે સામર્થ્ય છે. અહીં સાર એ છે કે આપનું ધ્યાન કરવાથી જ સર્વ રોગ-દુખોનો નાશ થઈ જીવ નીરોગ અને સ્વતંત્ર-મુક્ત બને છે, જેથી અનંત સુખનો ભોકતા બને છે.



(અનુલોમ પ્રતિલોમ સરલશ્લોક ગતપ્રત્યાગતાર્દ્ધઃ)

**नर्दयाभर्त्तवागोद्य द्य गोवार्त्तभयार्दन ।**
**तमिता नयजेतानुनुताजेय नतामिता ॥ ९५ ॥**

**અર્થ** :— હે નમિનાથ ! આપ પૂજ્ય છો, દયા સ્વરૂપ છો અથવા દયા વડે સુશોભિત છો. અનેકાન્તસ્વરૂપી આપની સત્ય વાણી વડે જ આપનું સ્વરૂપ જાણી શકાય છે. આપના ઉપદેશની ચર્ચામાત્ર કરવાથી પણ સર્વે ભયનો નાશ થઈ જાય છે. આપે અનેકાંતવાદ અર્થાત્ પરસ્પર સાપેક્ષ નયવાદ વડે આખા જગતને જીતી લીધું છે. સર્વે જીવ આપની સ્તુતિ કરે છે. જગતની કોઈપણ શક્તિ આપને જીતી શકે નહિ એમ આપ અજેય છો. ઈન્દ્ર–નરેન્દ્ર આદિ અસંખ્યાત જીવો આપને નમસ્કાર કરે છે. હે પ્રભો ! મારા જન્મમરણનાં દુઃખો દૂર કરી આપો. (૯૫)

(અનુલોમપ્રતિલોમ–ગતપ્રત્યાગત શ્લોકઃ)

**हतभीः स्वय मेघ्याशु शं ते दातः श्रिया तनु ।**
**नुतया श्रित दान्तेश शुद्धयामेय स्वभीत ह ॥ ९६ ॥**

**અર્થ** :— હે નમિનાથ ! આપ ભય રહિત છો. આપ મહાન પુણ્યવંત તીર્થંકર નામ કર્મ જેવી સર્વોત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિના ઉદયવાળા છો, આપ પવિત્ર છો, દાનશીલ છો, અત્યંત ઉત્કૃષ્ટ અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મીવાળા છો, મુનિઓના નાથ છો, કેવળજ્ઞાનરૂપી શુદ્ધિ વડે અમાપ છો. અમેય અર્થાત્ આપનું કેવળજ્ઞાન અમાપ–અનંત–છે. આપ અનંત વીર્યવાન છો. આ બધી હકીકત અત્યંત સ્પષ્ટ છે. હે પ્રભો ! આપને જે અનંત સ્વરૂપસુખ છે તેવું સુખ મને પણ શીઘ્ર આપો. (૯૬)

## (૨૨) नेमि-जिन-स्तुतिः

( દ્વયક્ષર શ્લોકઃ )

मानोनानामनूनानां मुनीनां मानिनामिनम् ।
मनूनामनुनौमीम नेमिनामानमानमन् ॥ ९७ ॥

**અર્થ** :- હું (સમન્તભદ્ર) અહંકાર રહિત, ઉત્કૃષ્ટ અને સંપૂર્ણ ચારિત્રના ધારક, પૂજ્ય તેમજ જ્ઞાનવંત મુનિઓના સ્વામી ભગવાન શ્રી નેમિનાથને મન-વચન-કાયા વડે ફરી ફરીને નમસ્કાર કરું છું, અને તેમની નિરંતર સ્તુતિ કરું છું. (૯૭)

( અનુલોમ પ્રતિલોમૈકશ્લોકઃ )

तनुतात्सद्यशोमेय शमेवार्य्यरो गुरू ।
रूगुरो वर्य्य वामेश यमेशोद्यत्सतानुत ॥ ९८ ॥

**અર્થ** :- હે ભગવાન! આપનો યશ અત્યંત નિર્મળ છે. આપ અલ્પજ્ઞાનીઓને અગોચર છો - તેઓ આપનું યથાર્થ સ્વરૂપ જાણતા નથી. આર્ય પુરુષોમાં આપ અત્યંત શ્રેષ્ઠ છો. ઈન્દ્ર, અહમિન્દ્ર આદિ મુખ્ય જીવોના-પ્રધાન પુરુષોના પણ આપ સ્વામી છો. વ્રતધારી-મુનિઓના આપ નાથ છો. મોટા મોટા પંડિતો પણ આપની જ સ્તુતિ કરે છે. હે પ્રભો! મને એ જ સર્વોત્કૃષ્ટ મોક્ષસુખ જ પ્રદાન કરો કે જેના આપ નેતા છો-અન્ય વિષયવાળા કોઈ સુખની મારી ઈચ્છા નથી. (૯૮)

## (૨૩) पार्श्व-जिन-स्तुतिः

( મુરજ બન્ધઃ )

जयतस्तव पार्श्वस्य श्रीमद्भर्तुः पदद्वयम् ।
क्षयं दुस्तरपापस्य क्षयं कर्तुं ददज्जयम् ॥ ९९ ॥



**અર્થ** :- હે પ્રભો શ્રી પાર્શ્વનાથ! આપ કર્મશત્રુઓના વિજેતા સર્વના સ્વામી છો; આપના ચરણકમળ અત્યંત સુશોભિત છે - તે સર્વનો જય જયકાર કરનાર છે. તથા કઠણમાં કઠણ આકરાં પાપોનો નાશ કરનાર છે - તે માટે સંપૂર્ણ સમર્થ છે. હે ભગવંત! આપનાં ચરણકમળો અમારા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે. ૯૯

( ગૂઢ તૃતીયચતુર્થાનન્તરાક્ષરદ્વય વિરચિત યમકાનન્તરપાદ મુરજ બન્ધઃ )

तमोत्तु ममतातीत ममोत्तममतामृत ।
ततामितमते तातमतातीतमृतेमित ॥ १०० ॥

**અર્થ** :- હે પાર્શ્વનાથ! આપ મમતા રહિત છો-પરપદાર્થોમાં "આ મારું" અને "હું તેનો છું" તેવા ભાવ આપને નથી થતા. આપનું આગમરૂપી અમૃત અત્યંત ઉત્કૃષ્ટ છે, આપનું કેવળજ્ઞાન અત્યંત વિશાલ અને અમાપ છે-અપાર છે-આપ સર્વે જીવોના બંધુ છો. નાશ રહિત છો તથા અપાર છો-આપનો પાર ન પામી શકાય તેવા છો. આપનાં બન્ને ચરણકમળો મારા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે. ૧૦૦

( મુરજ બન્ધઃ )

स्वचित्तपटयालिख्य जिनं चारु भजत्ययम् ।
शुचिरूपतया मुख्यमिनं पुरुनिजश्रियम् ॥ १०१ ॥

**અર્થ** :- હે ભગવાન! આપની અનંત ચતુષ્ટયરૂપ સ્વરૂપની શોભા અતિ વિશાલ છે - કર્મશત્રુઓના વિજેતા છો. સર્વમાં મુખ્ય સર્વના સ્વામી છો. હે પ્રભો! આ [સમન્તભદ્ર] જીવ આપને અત્યંત શુદ્ધ સ્વરૂપી માનીને સુંદર રીતથી પોતાના

ચિત્તપટલમાં લખીને, મનમાં ધ્યાન કરીને આપની આરાધના કરે છે. (આપને મારા હૃદયમાં બિરાજમાન કરી હું આ સ્તુતિ કરી રહ્યો છું). ૧૦૧

## (૨૪) वर्धमान-जिन-स्तुतिः

( મુરજ બન્ધઃ )

**धीमत्सुवन्द्यमान्याय कामोद्वामितवित्तृषे ।**
**श्रीमते वर्धमानाय नमो नमितविद्विषे ॥ १०२ ॥**

**અર્થ** :- હે વર્ધમાન સ્વામિન્! આપ અત્યંત બુદ્ધિવંત એવા ચાર જ્ઞાનના ધારક ગણધરદેવ આદિ પુરુષો દ્વારા વંદનીય છો, પૂજ્ય છો. જ્ઞાનની તૃષ્ણાનો આપે નાશ કર્યો છે, કેમકે આપને સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે જેથી જ્ઞાન વિષયક તૃષ્ણાનો નાશ થઈ ચૂકયો છે જ. આપ અંતરંગ-બહિરંગ લક્ષ્મીસંપન્ન છો. આપના શત્રુ પણ આપને નસ્કાર કરે છે અર્થાત્ આપની અલૌકિક શાન્તિ અને લોકોત્તર પ્રભાવ જોઈને વિરોધી જીવો પણ આપને નમસ્કાર કરવા લાગે છે. માટે હે પ્રભો! આપને મારા નમસ્કાર હો, નમસ્કાર હો. ૧૦૨

( મુરજ બન્ધ )

**वामदेव क्षमाजेय धामोद्यमितविज्जुषे ।**
**श्रीमते वर्धमानाय नमोन मितविद्विषे ॥ १०३ ॥**

**અર્થ** :- હે ભગવાન! આપ ઈન્દ્ર-ચક્રવતીં આદિ પ્રધાન પુરુષોના પણ દેવ-ઈન્દ્ર-છો. આપનો ક્ષમાગુણ સર્વથા અજેય છે, આપ તેજસ્વી કેવળજ્ઞાનરૂપ પ્રકાશને પ્રાપ્ત છો,



આપની જ્ઞાનસંપદા તથા સમવસરણ આદિ વિભૂતિ અતિ શોભાયમાન છે. આપે પ્રરૂપેલ મોક્ષમાર્ગની વૃદ્ધિ નિત્ય-હંમેશાં થયા કરે છે અથવા આપનું પુણ્ય ઉત્તરોત્તર વૃદ્ધિને પ્રાપ્ત છે. આપ જ્ઞાનલક્ષ્મી વડે પરિપૂર્ણ છો તથા મતિ-શ્રુત આદિ ક્ષાયોપશમિક-અલ્પ-જ્ઞાનને આપ દૂર કરનારા છો. (અમારી અલ્પજ્ઞતાનો આપ જ નાશ કરો છો) માટે આપને અમારા નમસ્કાર હો-નમસ્કાર હો. (૧૦૩)

( મુરજ બન્ધઃ )

**समस्तवस्तुमानाय तमोघ्नेमितवित्विषे ।**
**श्रीमतेवर्धमानाय नमोन मितविड् विषे ॥ १०४ ॥**

**અર્થ** :- હે ભગવંત! આપનું જ્ઞાન સંસારના સમસ્ત પદાર્થોને જાણનારું છે. આપે અજ્ઞાન અને મોહનો નાશ કર્યો છે. આપના શરીરની ઉત્કૃષ્ટ કાન્તિ અપાર છે - આપ સર્વાંગ સુંદર છો, અથવા આપનું વિચિટ્-કેવળજ્ઞાન અપાર છે. આપ લક્ષ્મીસમ્પન્ન છો. આપનું કેવળજ્ઞાન લોકત્તર કાન્તિ-શોભાને અને વૃદ્ધિને પ્રાપ્ત થયું છે, અર્થાત્ આપનું કેવળજ્ઞાન વિચ્છેદ રહિત-અખંડ-છે. આપ ત્રિલોકરૂપ પૃથ્વીથી રહિત નથી; અર્થાત્ આપ ત્રણ લોકના સ્વામી છો. આપે સ્વરૂપજ્ઞાન વડે સમસ્ત અંતરંગ અને બહિરંગ શત્રુઓનો નાશ કર્યો છે. માટે હે પ્રભો! આપને મારા નમસ્કાર હો. (૧૦૪)

( મુરજ બન્ધઃ )

**प्रज्ञायां तन्वृतं गत्वा स्वालोकं गोर्विदास्यते ।**
**यज्ज्ञानान्तर्गतं भूत्वा त्रैलोक्यं गोष्पदायते ॥ १०५ ॥**

અર્થ :– હે ભગવંત! આ સંસારી જીવો પોતાની તુચ્છ અલ્પ–બુદ્ધિને અનુસાર થોડા પદાર્થોને જાણી તેને સત્ય-રૂપ માની પોતાને જગતનો જ્ઞાની છું એમ માની બેસે છે, પરંતુ તે તો ચૌદ રાજલોક પ્રમાણ આ ત્રણ લોક જે આપના જ્ઞાનમાં પ્રતિબિંબિત થઈ માત્ર ગોષ્પદ એટલે ગાયની ખરી–સમાન દેખાય છે (તેમ તેઓનું તે જ્ઞાન અતિ અલ્પ–અંશ-માત્ર ગણાય ) તેવું અલ્પ છે.

ભાવાર્થ :– અહીં સંસારી જીવ અને શ્રીમહાવીર ભગ-વાન વચ્ચેનો ભેદ બતાવ્યો છે. સંસારી પ્રાણી પોતાના ક્ષયો-પશમ અનુસાર થોડા પદાર્થો જાણી પોતાને મહાન જ્ઞાની માની બેસે છે અને તેથી હર્ષ કે મદ કરવા માંડે છે; પરંતુ ભગવાન મહાવીરનું જ્ઞાન એટલું વિશાળ છે કે તેમાં ત્રણે લોક ગાયની ખરી સમાન અત્યંત તુચ્છ પ્રતિભાસે છે. ભગવાનનું કેવળજ્ઞાન મહાસાગર તુલ્ય છે તો તેની સામે આ ત્રણલોક તો ગોષ્પદ સમાન અતિ અલ્પ છે. [ કાદવમાં ગાયની ખરી પડે તેમાં જેટલું પાણી સમાય તેની સામે મહાસાગરના પાણીનું પ્રમાણ તેવો તફાવત છે ] એમ આપ મહાન જ્ઞાની-સર્વજ્ઞ-હોવા છતાં આપને કાંઈપણ હર્ષ કે વિષાદ–અભિમાન–થતું નથી; માટે આપ સર્વથા પૂજ્ય છો. [૧૦૫]

( શ્લોક યમક : )

को विदो भवतोपीडयः सुरानतनुतान्तरम् ।
शं सते साध्वसंसारं स्वमुद्यच्छन्नपीडितम् ॥ १०६ ॥

અર્થ :– હે વર્ધમાન જિનેન્દ્ર! આપના સિવાય અન્ય એવા કોણ સ્વામી છે કે જે દેવોને પણ જ્ઞાનની પ્રાપ્તિ કરાવે



તથા ભવ્ય જીવોને આત્મોત્થ, ઉત્કૃષ્ટ, બાધા રહિત એવા મોક્ષ સંબંધી સુખની પ્રાપ્તિ કરાવે, છતાં પણ તે પોતે રાગ રહિત–વીતરાગ હોય? હે નાથ! એવા તો આપ જ છો, તેથી આપને મારા નમસ્કાર છે. આપ જ અમારા સ્વામી અને સર્વજ્ઞ દેવ છો. [૧૦૬]

ભાવાર્થ :–સંસારી જીવો જેને ઈશ્વર માને છે તે તો સ્વયં એટલા અલ્પજ્ઞ હોય છે કે ભૂત–ભવિષ્યને જાણવું પણ તેમને માટે મુશ્કેલ છે; તો પછી જે જન્મથી મતિ–શ્રુત અને અવધિજ્ઞાનના ધારક દેવો છે તેને શું જ્ઞાનની પ્રાપ્તિ કરાવી શકે? પરંતુ શ્રી વર્ધમાન સ્વામી એટલા વિશેષ જ્ઞાની હતા કે જે ત્રણ કાળ અને ત્રણ લોક સંબંધી પદાર્થોનું તેમને સ્પષ્ટ જ્ઞાન હતું. તેથી તેઓ દેવોને પણ જ્ઞાનની પ્રાપ્તિ કરાવી શકતા હતા. સંસારના માનેલા ઈશ્વર કોઈને સુખપ્રાપ્તિના ઉપાય બતાવે, જે સુખ બાહ્ય, હીન, અને સંસારના ભવવૃદ્ધિના કારણરૂપ બાધક અને નાશવંત હોય છે; છતાં તેટલાથી પણ પોતાને પરમોપકારી સમજી લઈ આનંદ માને–અભિમાન કરે છે, જ્યારે ભગવાનના ઉપદેશથી તો જીવોને જે સુખની પ્રાપ્તિ થાય છે તે તો આત્મીય, ઉત્કૃષ્ટ, મોક્ષસંબંધી અને બાધા-રહિત હોય છે. છતાં ભગવાન વીતરાગ હોવાથી હર્ષ, વિષાદ કે અહંકાર તેમને થતો નથી. આ તફાવત વિચારી આચાર્ય શ્રી સમન્તભદ્રસ્વામીએ ઠીક–બરાબર કહ્યું છે કે આપના સિવાય આપના જેવા બીજા કોણ ઈશ્વર છે? અર્થાત્ કોઈપણ નથી. આપ જ અનુપમ છો.

( યમક : )

कोविदो भवतोपीड्यः सुरानत नुतान्तरम् ।
शंसते साध्वसं सारं स्वमुद्यच्छन्नपीडितम् ॥ १०७ ॥

**અર્થ** :–હે દેવ વિનત ! [ઈન્દ્રાદિ દેવો આપને નમસ્કાર કરે છે તે] હેજિનેન્દ્ર ! જે બુદ્ધિવંત જીવ આપની સ્તુતિ તથા પૂજા-વિધાન-કરે છે તેના આત્માને શીઘ્ર સફલતા પ્રાપ્ત થાય છે અને તે સંસારના દુઃખોથી પીડા પામતા નથી–અર્થાત્ તેઓ જન્મ-મરણનાં દુઃખોનો નાશ કરી શીઘ્ર મોક્ષસુખની પ્રાપ્તિ કરી લીએ છે.

**ભાવાર્થ** :–હે ભગવંત ! હું પણ અનેક પ્રકારના સ્તોત્રો વડે આપની અહીં સ્તુતિ કરી રહ્યો છું તેથી મને પણ મોક્ષ-સુખ પ્રદાન કરો. (૧૦૭)

(સમુદ્ગક યમકઃ)

**अभीत्यावर्द्ध मानेन: श्रेयोरुगुरु संजयन् ।**
**अभीत्या वर्धमानेन श्रेयोरुगुरु संजयन् ॥ १०८ ॥**

**અર્થ** :– હે વર્ધમાન જિનેન્દ્ર ! આપ વૃદ્ધ છો–અર્થાત્ જ્ઞાન આદિ ગુણોથી મહાન–મોટા છો. કેવળજ્ઞાનની સાથે ઉત્પન્ન થતું અનંત સુખ તેના દાતા છો, અભયદાન ને દયાના દાતા છો, સર્વના સ્વામી છો, સેવ્ય છો [આરાધ્ય છો] ઉત્કૃષ્ટ દિવ્ય ધ્વનિના ધારક છો, અને કર્મશત્રુને જીતનારા છો. હે પ્રભો ! મારા હૃદયમાં આપ બિરાજમાન થઈ મારી રક્ષા કરો.

**ભાવાર્થ** :– આહ્વાહનથી જિનેન્દ્રદેવ કોઈના હૃદયમાં પહોંચતા નથી; પરંતુ ભક્તિયોગમાં આ પ્રાર્થના કરવામાં આવેલ છે. (૧૦૮)

(દ્વયક્ષરવૃત્તં શાર્દૂલવિક્રીડિતમ્)

**नानानन्ततनुतान्त तान्तितनिनुन्नुन्नान्त नुन्नानृत**
**नूतोनेग नितान्ततानितनुते नेतोन्नतानां ततः**



**नुन्नातीतितनून्नतिं नितनुतान्नीतिं, नितूतातनु–**
**न्तान्तानीतिततान्नुतानन, नतान्नो, नूतनैनोत्तु नो ॥१०९॥**

**અર્થ** :– હે શ્રી વર્ધમાન જિન ! અનેક ભવ્ય આત્માઓ-એ અનેક પ્રકારે આપના ગુણોની સ્તુતિ કરી છે, આપ દુઃખોનો નાશ કરનાર છો, અંત રહિત—અનંત—છો, એકાન્તવાદરૂપી અસત્યનો આપે નાશ કર્યો છે, તેથી ગણધર આદિ દેવોએ આપની કીર્તિનો અત્યંત વિસ્તાર કર્યો છે — આપના શાસનનો પ્રચાર કરીને આપનો ઉજ્જવલ યશ ચારે તરફ સર્વત્ર ફેલાવ્યો છે. આપ ઈન્દ્ર આદિ ઉત્તમ આત્માઓના નેતા છો–પૂજિત છો તથા આપનું મુખકમળ પણ અત્યંત પ્રશંસનીય–શોભનિક–છે; હે પૂજ્ય ! અમે જગતવાસી જીવો સાંસારિક દુઃખોવડે દુખી છીએ–અનેક વ્યાધિઓથી ઘેરાએલા છીએ તથા આપના ચરણકમળમાં નમસ્કાર કરીએ છીએ. અમોને એ જ કેવળજ્ઞાનરૂપી મહાવિદ્યાનું પ્રદાન કરો, કે જે વિદ્યા અમારા જન્મ-મરણરૂપી દુઃખોનો નાશ કરનાર છે. તે ઉપરાંત હે પ્રભો ! નવા બંધાતા કર્મોનો–આસ્રવનો–અને પાપોનો નાશ કરી આપો-નિરોધ કરી આપો. એ રીતે સંવર અને નિર્જરાની કળા અમોને ખીલી ઊઠે જેથી શીઘ્ર બંધન-મુક્ત થઈએ. [હે પ્રભો ! અમોને સંસારદુઃખોથી શીઘ્ર મુક્ત કરી આપો] ૧૦૯

(ચક્રવૃત્તમ્)

**वंदारुपबलाजवंजवभयप्रध्वंसिगोप्राभव**
**वर्द्धिष्णो विलसद्गुणार्णव जगन्निर्वाणहेतोशिव ।**
**वंदीभूतसमस्तदेव वरद प्राज्ञैकदक्षस्तव**
**वंदे त्वावनतो वर भवभिदं वर्यैवंकद्याभव ॥११०॥**

**અર્થ** :– હે ભગવાન્ ! જે આપને નમસ્કાર કરે છે

તેના સંસાર સંબંધીના તીવ્ર ભયો, આપની દિવ્યધ્વનિના માહાત્મ્યવડે નાશ પામે છે. જ્ઞાનાદિ ગુણો વડે આપ હંમેશા વૃદ્ધિને પ્રાપ્ત છો, આપનો ગુણરૂપી સમુદ્ર અતિ સુંદર છે, સંસારી જીવોની મુક્તિના આપ જ કારણરૂપ છો, આપ જ તેમને માટે કલ્યાણકારી છો. સમસ્ત દેવો આપના સેવક છે, ચારણ છે અને તે નિત્ય આપના ગુણગાન-સ્તુતિ કરી રહ્યા છે. આપ મનોવાંછિત વરદાનના દાતા છો, આપ શ્રેષ્ઠ જ્ઞાની છો, મોટા મોટા પંડિતો-જ્ઞાનીઓ પણ આપનું સ્તવન-સ્તુતિ કર્યા કરે છે. આપ સર્વોત્કૃષ્ટ છો, આપ સંસાર પરિભ્રમણનાં દુઃખોનો નાશ કરનાર છો-પૂજ્ય છો-વંદન યોગ્ય છો [વંદનીય છો] તથા પંચપરાવર્તનરૂપ સંસારથી આપ રહિત છો. હે પ્રભો! ભક્તિવડે ગદ્દગદ્દચિત્તવાળો હું પણ આપને નમસ્કાર કરું છું. વારંવાર આપની સ્તુતિ કરું છું.

(ઇષ્ટપાદવલય પ્રથમ ચતુર્થ સપ્તમ વલયૈકાક્ષર ચક્રવૃત્તમ્)

**नष्टाज्ञान मलोन शासनगुरो नम्रंजनं पानिन**
**नष्टग्लान सुमान पावन रिपूनप्यालुनन् भासन ।**
**नत्येकेन रुजोन सज्जनपते नन्दन्ननन्तावन**
**नन्तृन् हानविहीनधामनयनो न स्तात्पुनन् सज्जिन ॥१११॥**

અર્થ :-હે ભગવંત! આપના અજ્ઞાનનો નાશ થયો છે. આપ કર્મમલથી રહિત છો, આપ જૈનશાસનના-અર્થાત્ અપ્રતિહત આજ્ઞાના સ્વામી છો, આપ મૂર્છા આદિ પરિગ્રહથી રહિત છો, આપનું જ્ઞાન અત્યંત શોભાયમાન છે, આપ અત્યંત પવિત્ર છો-પ્રકાશવંત છો. આપ નમસ્કાર માટે મુખ્ય સ્વામી છો અર્થાત્ ઈન્દ્ર આદિ મુખ્ય પુરુષો જ આપને નમસ્કાર કરે છે. આપ રોગ રહિત છો, આપ સજ્જનોના અધિપતિ છો, આપ અંત રહિત-અનંત છો, રક્ષક છો, અથવા તો અનંત



જીવોના આપ રક્ષક છો, અને ઉત્તમ જિનેન્દ્ર છો. હે પ્રભો! આપ નમ્ર જીવોની રક્ષા કરતાં કરતાં કામ-ક્રોધ આદિ અંતરંગ શત્રુઓનો નાશ કરી નમસ્કાર કરનાર એવા ભવ્યોને સમૃદ્ધ-સંપન્ન કરનાર છો તો મને (સમન્તભદ્રને) પવિત્ર કરી-રાગદ્વેષ રહિત બનાવી અનંતકાળ પર્યંત હાનિવિહીન કેવળજ્ઞાન ચક્ષુથી યુક્ત કરો. "વિનાશ રહિત કેવળજ્ઞાનરૂપ નેત્રના ધારક" એવું જે આપનું પ્રસિદ્ધ નામ છે તે સાર્થક કરો-મને પવિત્ર બનાવો. ૧૧૧

(ઇષ્ટપાદવલય પ્રથમ ચતુર્થ સપ્તમ વલયૈકાક્ષર ચક્રવૃત્તમ)

**रम्यापारगुणारजस्सुरवरैरर्च्याक्षर श्रीधर**
**रत्यूनारतिदूर भासुर सुगीरर्य्योत्तर्द्धीश्वर ।**
**रक्तान् क्रूरकठोरदुर्द्धररुजोरक्षन् शरण्याजर**
**रक्षाधीर सुधीर विद्वर गुरो रक्तं चिरं मा स्थिर ॥ ११२ ॥**

અર્થ :-હે અત્યંત સુંદર! હે અનંત ગુણોના ધારક! હે જ્ઞાનાવરણ આદિ કર્મસમૂહથી રહિત! હે ઈન્દ્રો દ્વારા પૂજ્ય! હે અવિનાશી! હે સમવસરણ આદિ લક્ષ્મીના ધારક! હે રાગ રહિત! હે દ્વેષથી દૂર વર્તનાર! હે શોભાયમાન! હે ઉત્તમ વાણીના ધારક! હે સ્વામિન્! હે શ્રેષ્ઠ ઋદ્ધિઓના નાયક! હે રક્ષક! હે જરા રહિત! હે માનસિક વ્યથાઓને હરનાર! હે ક્ષોભ રહિત! હે વિદ્વાનોમાં શ્રેષ્ઠ! હે ગુરો! હે નિત્ય! શ્રી વર્ધમાન જિનેન્દ્ર! આપ આપના ભક્તોને ભયંકર, નિષ્ઠુર અને દુર્ધર એટલે કષ્ટસાધ્ય રોગોથી બચાવનાર છો-રક્ષા કરો છો, તે જ પ્રમાણે હું આપનો લાંબા સમયથી [રાગી છું] સ્નેહી છું-તો મારી પણ રક્ષા કરો. ૧૧૨

**ઈતિ વર્ધમાન સ્તુતિ**

# उपसंहार

(ચક્રવૃત્તમ્)

प्रज्ञा सा स्मरतीति या तव शिरस्तद्यन्नतं ते पदे
जन्मादः सफलं परं भवभिदी यत्राश्रिते ते पदे ।
मांगल्यं च स यो रतस्तव मते गीः सैव या त्वा स्तुते
ते ज्ञा ये प्रणता जनाः क्रमयुगे देवाधिदेवस्य ते ॥११३॥

અર્થ :–હે દેવાધિદેવ ! એનું નામ બુદ્ધિ કે બુદ્ધિ આપનું જ સ્મરણ–ધ્યાન–કરે. મસ્તક એજ સાચું કે જે આપના ચરણોમાં ઝૂકેલું–નમન કરતું રહે, જન્મ તો એ જ સફળ કે શ્રેષ્ઠ છે, જેમાં સંસાર પરિભ્રમણનો નાશ કરનાર એવા આપના ચરણકમળમાં આપની સાંનિધ્યમાં વસીને તેનો આશ્રય કરવામાં આવ્યો હોય, અને એ જ પવિત્ર છે કે જે આપના મતમાં–આગમમાં અનુરક્ત હોય, વાણી તો એ જ કહેવાય કે જેમાં માત્ર આપની સ્તુતિ જ કરવાની હોય, તથા બુદ્ધિવંત પંડિત તો તે કહેવાય કે જે આપના બન્ને ચરણોમાં વારંવાર નમસ્કાર કરી રહ્યા છે.

(ચક્રવૃત્તમ્)

सुश्रद्धा मम ते मते स्मृतिरपि त्वय्यर्च्चनं चापि ते
हस्तावंजलये कथाश्रुतिरतः कर्णोऽक्षि संप्रेक्षते ।



सुस्तुत्यां व्यसनं शिरो नतिपरं सेवेदृशी येन ते
तेजस्वी सुजनोऽहमेव सुकृती तेनैव तेजःपते ॥११४॥

અર્થ :– હે ભગવાન ! મારી શ્રદ્ધા માત્ર આપના જ મતમાં છે. હું સ્મરણ પણ આપનું જ કરું છું–પૂજન પણ આપનું જ કરું છું. મારા હાથ પણ અંજલી પૂર્વક આપના પ્રત્યે જ જોડાયેલા છે. મારા કાન પણ આપની જ કથા સાંભળવાને આસક્ત છે. મારી આંખો માત્ર આપના દર્શન જ કરી રહી છે – આપનું રૂપ જ નિહાળે છે, મને વ્યસન પણ આપની સ્તુતિ કરવાનું જ છે, હું નિત્ય આપની સ્તુતિમાં જ તલ્લીન છું, અને મારું શિર પણ આપને જ નમસ્કાર કરવા તત્પર રહે છે. હે તેજઃપતે ! હે કેવળજ્ઞાનના સ્વામી, હું આ રીતે આપની સેવા જ કરતો રહું છું, જેથી આ સંસારમાં હું તેજસ્વી, સજ્જન અને પુણ્યવાન જ છું.

ભાવાર્થ :– જિનેન્દ્રદેવનો આરાધક જીવ પોતાના આત્મીય તેજ–પ્રકાશ વડે ઝળહળી ઊઠે છે–ઝગમગી ઊઠે છે, અને તે આત્મા સર્વોત્કૃષ્ટ ગણાય છે. સાથે તેને ઘણા મહાન પુણ્યો – લોકોત્તર પુણ્ય – બંધાય છે. અહીં આચાર્યદેવ શ્રી સમન્તભદ્ર સ્વામીએ ભગવાનની આરાધના કરીને સ્વયં પોત ને આરાધનાના ફળના અધિકારી કહ્યા છે. (લોકોત્તર પુણ્યના ફળરૂપે તીર્થંકર નામગોત્ર, સ્વર્ગ અને અર્હંતપદ અને મોક્ષપ્રાપ્તિના અધિકારી બતાવ્યા છે.) ૧૧૫

(ચક્રવૃત્તમ્)

जन्मारण्यशिखी स्तवः स्मृतिरपि क्लेशाम्बुधेनर्नौः पदे
भक्तानां परमौ निधि प्रतिकृतिः सर्वार्थसिद्धिः परा ।

**वन्दीभूतवतोपि नोन्नतिहतिर्नन्तुश्च येषां मुदा**
**दातारो जयिनो भवन्तु वरदा देवेश्वरास्ते सदा ॥११५॥**

**અર્થ** :–જેના ગુણસ્તવન જન્મ–મરણરૂપી સંસારવનનો નાશ કરવા અગ્નિ સમાન છે, અને જેનું સ્મરણ દુ:ખરૂપી સંસારસાગરને પાર કરવાને માટે નૌકા સમાન છે, તથા જેના ચરણો ભક્તજનોને માટે ઉત્કૃષ્ટ નિધિ નિધાન – ખજાના કે ભંડાર સમાન છે, જેની શ્રેષ્ઠ પ્રતિકૃતિ–પ્રતિમા સર્વ કાર્યોની સિદ્ધિ કરનાર છે, અને જેને હર્ષપૂર્વક પ્રણામ કરનાર – જેના મંગળ ગાન કરનાર નગ્નાચાર્યરૂપ (પક્ષમાં સ્તુતિના કરનાર ચારણરૂપ) હોવા છતાં પણ તેની અર્થાત્ એવો હું જે સમન્તભદ્ર, તેની ઉન્નતિ માટે સંસારમાં કોઈ પણ વસ્તુ બાધાકારક–અવરોધરૂપ–થઈ શકતી નથી, એવા દેવોના દેવ શ્રી જિનેન્દ્ર ભગવાન દાનશીલ છે, કર્મશત્રુઓના વિજેતા છે અને સર્વેના મનોરથ પૂર્ણ કરનાર છે.

**ભાવાર્થ** :– અહીં રૂપક અલંકાર અને પછી વિરોધ અલંકારથી કહ્યું છે જેમકે જે કોઈનો સેવક હોય – સ્તુતિ કરનાર હોય અથવા પ્રશંસક હોય તે અન્યને નમસ્કાર અને ગુણગાન કરનાર હોવાથી સંસારમાં હીનપદ – નીચો ગણાય છે, પરંતુ શ્રી જિનેન્દ્રની સ્તુતિ કરનાર, નમન કરનાર, પ્રશંસક, એવા શ્રી સમન્તભદ્ર સ્વામીની મહત્તા ઘટી નથી. ઊલટું તેમણે સાતિશય પુણ્યનો બંધ કરી પ્રથમ હતા તેના કરતાં પણ વિશેષ ઉત્કૃષ્ટપદને પામ્યા છે. અર્થાત્ મહાપુરુષોના સંસર્ગ વડે સર્વે વિરોધાભાસ દૂર જ થઈ જાય છે. (૧૧૫)

એ રીતે હે દેવ! દેવાધિદેવ! આપ સદા દાનશીલ, જયશીલ અને ઇચ્છિત વસ્તુના દાતા અમને પાર ઉતારો.



(કવિ કાવ્ય નામ ગર્ભચક્રવૃત્તમ)

**गत्वैकस्तुतमेव वासमधुना तं येच्युतं स्वीशते**
**यन्नत्यैति सुशर्म पूर्णमधिकां शान्तिं व्रजित्वाध्वना ।**
**यद्भक्त्या शमिताकृशाघमरुजं तिष्ठेज्जन: स्वालये**
**ये सद्भोगकदायतीव यजते ते मेजिना: सुश्रिये ॥११६॥**

**અર્થ** :– અહીં જેણે પરમ પૂજ્ય–અવિનાશી એવા મોક્ષસ્થાનની પ્રાપ્તિ કરીને પરમ ઐશ્વર્યપદનો સતત અનુભવ કરી રહ્યા છે એવા દેવાધિદેવને નમસ્કાર કરવા માત્રથી સંપૂર્ણ–અનંત સુખની પ્રાપ્તિ થાય છે, તથા જેની ભક્તિથી જીવોને અત્યંત અધિક શાન્તિની પ્રાપ્તિ થાય છે, તેમ જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપી મોક્ષમાર્ગ-દ્વારા સ્વાલયની અર્થાત્ ઉત્તમ સ્થાન–આત્મગૃહ એવા મોક્ષ-મંદિરમાં જઈ નિવાસ થાય છે. વળી જે ભક્તિવડે જીવોના પ્રચંડ ઘોર પાપોનો નાશ થઈ જાય છે અને સર્વે રોગો દૂર થઈ જાય છે તથા નિત્ય પૂજા કરનાર તેના ભક્તજનને ઉત્તમ ભોગોનું જે પ્રદાન કરે છે એવા દેવાધિદેવ શ્રી જિનેન્દ્ર ભગવાન મને–શ્રી સમન્તભદ્ર આચાર્યને પણ મોક્ષલક્ષ્મીનું પ્રદાન કરો – અર્થાત્ મને મોક્ષસુખની પ્રાપ્તિમાં મુખ્ય સહાયક બનો! (સર્વે ભવ્ય જીવોને બોધી-સમાધિની પ્રાપ્તિમાં સહાયક શ્રી જિનેન્દ્રદેવ જ શરણભૂત છે) એમ આ સ્તુતિ–વિદ્યા વડે પ્રાર્થના કરેલ છે.

## ઇતિ સ્તુતિ વિદ્યા (જિનશતક)

ઇતિ, કવિ-ગમક વાદિ-વાગ્મિત્વ-ગુણાલંકૃતસ્ય શ્રી સમન્તભદ્ર-સ્યકૃતિરિયં સ્તુતિ-વિદ્યા જિનશતાલંકારા પરનામ સમાપ્તા.

શ્રી

# સ્યાદ્વાદ–મંજરી

અથવા

# શ્રી મહાવીર જિનેશ્વરની સ્તુતિ

ભાગ ૧ લો

અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા.

સંસ્કૃત રચયિતા = કળિકાળ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્ય**

ગુજરાતી પદમાં = **શ્રી મગનલાલ મોતીચંદ શાહ**

**( उपजाति वृत्ताम् )**

**अनंत विज्ञानमतीत दोष–मबाध्यसिद्धान्तममर्त्य पूज्यम्**
**श्री वर्धमानं जिनमाप्तमुख्यं, स्वयंभुवंस्तोतुमहं यतिष्ये ॥ १ ॥**

જ્ઞાનના સહજ અતિશયને લીધે અનંત કેવલ્યજ્ઞાનને ધારણ કરવાવાળા, રાગદ્વેષ તથા મોહ તેમ જ અઢારે દોષથી મુક્ત

અપાય અપગમ અતિશયવાળા, તેમજ યથાર્થ વક્તાઓમાં પ્રધાન અર્થાત્ પ્રતિવાદીઓ જેને શાસ્ત્રાર્થમાં બાંધી શકતા નથી એવા સ્યાદ્વાદની પ્રરૂપણા કરનારા વચન અતિશયવાળા, વળી સહજ ભક્તિભાવથી વિનય ભાવે દેવ અને અસુરોના ઈન્દ્રોથી પૂજાએલા એમ પૂજા અતિશયવાળા, અને પોતાની મેળે જ સ્વશક્તિથી આત્મજ્ઞાન પામેલા ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીની – કળિકાળ સર્વજ્ઞ (સમયજ્ઞ) શ્રી હેમચંદ્ર આચાર્ય કહે છે કે હું સ્તુતિ કરવાનો પ્રયત્ન કરીશ. (૧)

ઉપજાતિ

અનંતજ્ઞાની દળદોષ-મુક્ત, અબાધ્ય ધર્મે સુરદેવ પૂજ્ય;
યથાર્થ વક્તા જિનવીર સ્વામી! પ્રાર્થું જ તેને સ્વગુણાત્મ રામી.

## પ્રભુના યથાર્થવાદીત્વ ગુણનું સ્તવન

### ( उपजति वृत्ताम् )

**अयं जनो नाथ! तवस्तवाय, गुणान्तरेभ्यः स्पृहयालुरेव ।**
**विगाहतां किन्तु यथार्थवाद,–मेकं परीक्षा विधिदुर्विदग्धः ॥२॥**

હે નાથ! તારા ગુણ જે ઘણેરા, શ્રદ્ધા થકી એ સહુએ ભરેલા;
યથાર્થવાદી સ્તવના ગણીને, ગ્રહું પરીક્ષા વિધિએ કરીને.

હે નાથ! અલ્પજ્ઞ જીવો ન જાણી શકે પરંતુ યોગીઓ પોતાના યોગબળથી જેની કાંઈક ઝાંખી કરી શકયા છે એવા અનંત ગુણોથી આપ વિભૂષિત છો જેથી તે દરેક ગુણ શ્રદ્ધા-વડે–સ્તવના કરવા યોગ્ય છે; પરંતુ "યથાર્થવાદ" નામનો



આ એક જ ગુણ જે અન્ય મતવાદીઓને પરાસ્ત કરવામાં કારણભૂત છે, તેમજ જિજ્ઞાસુના હૃદયને પ્રદીપ્ત કરનાર છે તે એક જ ગુણની પરીક્ષા બુદ્ધિએ કરી જાણે પંડિત બન્યો હોઉં એવી ભાવનાવાળો હું હેમચંદ્ર આચાર્ય આ "યથાર્થવાદ" ગુણની સ્તુતિ કરું છું, કારણ કે પ્રભુના આ મહાન ગુણની સ્તુતિ જ સમ્યગ્ શ્રદ્ધા અને ભક્તિ પ્રગટ કરે છે એમ હું માનું છું.

મિથ્યા શાસ્ત્રોની વાસનાથી દૂષિત થયેલા પરમત–અવલંબીઓ ત્રણલોકના સ્વામી શ્રી જિનેન્દ્ર દેવને પ્રભુ તરીકે માનતા નથી જેથી તેને ઉપદેશાર્થે કહે છે કે :–

### ( उपजाति वृत्तम् )

**गुणेष्वसूयां दधतः परेऽमी, माशिश्रियन्नाम भवन्तमीशम् ।**
**तथापि संमील्य विलोचनानि, विचारयन्तां नयवर्त्मसत्यम् ॥३॥**

હે ઈશ! તારો મહિમા ન જાણે, ઈર્ષાળુ જીવો કુમતિ પ્રમાણે
આંખો કરી બંધ કદી વિચારે, તો સત્ય એવા જનને જણાએ.

**અર્થ** :– હે પ્રભુ! એકાન્તદૃષ્ટિએ વસ્તુ સ્વરૂપનો સ્વીકાર કરવાવાળા અન્ય મતાવલંબીઓ આપના મહાન ગુણોનો મહિમા નહીં સમજનારા કાંઈક ઈર્ષાબુદ્ધિથી આપને ઈષ્ટદેવ તરીકે ન માને, પરંતુ તેવો એકાંત આગ્રહ છોડી સરલ સ્વભાવે આપનો પ્રરૂપેલો–પ્રતિપાદન કરેલો – વિશુદ્ધ ન્યાયમાર્ગ કે જે ત્રણે કાળ અબાધિત છે તેનો હિતબુદ્ધિએ અભ્યાસ કરે, એટલે કે આંખો બંધ કરીને હૃદયના ઊંડાણથી વિચારે તો એવા જીવોને આપના ગુણોનો સહજમાં ખ્યાલ આવી જાય.

આ એક જ ગુણ જે અન્ય મતવાદીઓને પરાસ્ત કરવામાં કારણભૂત છે, તેમજ જિજ્ઞાસુના હૃદયને પ્રદીપ્ત કરનાર છે તે એક જ ગુણની પરીક્ષા બુદ્ધિએ કરી જાણે પંડિત બન્યો હોઉં એવી ભાવનાવાળો હું હેમચંદ્ર આચાર્ય આ "યથાર્થવાદ" ગુણની સ્તુતિ કરું છું, કારણ કે પ્રભુના આ મહાન ગુણની સ્તુતિ જ સમ્યગ્ શ્રદ્ધા અને ભક્તિ પ્રગટ કરે છે એમ હું માનું છું.

મિથ્યા શાસ્ત્રોની વાસનાથી દૂષિત થયેલા પરમત-અવલંબીઓ ત્રણલોકના સ્વામી શ્રી જિનેન્દ્ર દેવને પ્રભુ તરીકે માનતા નથી જેથી તેને ઉપદેશાર્થે કહે છે કે :–

(ઉપજાતિ વૃત્તમ્)

**गुणेष्वसूयां दधत: परेऽमी, माशिश्रियन्नाम भवन्तमीशम् ।**
**तथापि संमील्य विलोचनानि, विचारयन्तां नयवर्त्मसत्यम् ॥३॥**

હે ઈશ ! તારો મહિમા ન જાણે, ઈર્ષાળુ જીવો કુમતિ પ્રમાણે
આંખો કરી બંધ કદી વિચારે, તો સત્ય એવા જનને જણાએ.

**અર્થ** :– હે પ્રભુ ! એકાન્તદૃષ્ટિએ વસ્તુ સ્વરૂપનો સ્વીકાર કરવાવાળા અન્ય મતાવલંબીઓ આપના મહાન ગુણોનો મહિમા નહીં સમજનારા કાંઈક ઈર્ષાબુદ્ધિથી આપને ઈષ્ટદેવ તરીકે ન માને, પરંતુ તેવો એકાંત આગ્રહ છોડી સરલ સ્વભાવે આપનો પ્રરૂપેલો–પ્રતિપાદન કરેલો – વિશુદ્ધ ન્યાયમાર્ગ કે જે ત્રણે કાળ અબાધિત છે તેનો હિતબુદ્ધિએ અભ્યાસ કરે, એટલે કે આંખો બંધ કરીને હૃદયના ઊંડાણથી વિચારે તો એવા જીવોને આપના ગુણોનો સહજમાં ખ્યાલ આવી જાય.



"યથાર્થ નયમાર્ગને" સ્પષ્ટ કરવા પરમતવાદીઓના પ્રમાણમાં આવતાં દૂષણો બતાવતાં પહેલાં સામાન્ય અને વિશેષમાં થતો દોષ બતાવે છે :–

(ઉપજાતિ વૃત્તમ્)

**स्वतोऽनुवृत्ति व्यतिवृत्तिभाजो, भावा न भावान्तर नेयरूपा: ।**
**परात्मतत्त्वादतथात्मतत्त्वाद् द्वयंवदन्तोऽकुशला: स्खलन्ति ॥४॥**

સામાન્ય વિશેષ સ્વરૂપમાં જે, દ્રવ્યો રહે માત્ર સ્વભાવથી તે
નથી પ્રતીતિ પરથી કદી જ્યાં, મૂર્ખો પડે ભિન્ન જ માન્યતામાં–૪

જૈન સિદ્ધાંત પ્રમાણે સ્વભાવથી જ સામાન્ય અને વિશેષપણાને પામે છે, એટલે કે દ્રવ્ય પોતે જ પોતાની અનુવૃત્તિ, અન્વય, કે સામાન્યપણું અને વ્યતિવૃત્તિ—વ્યતિરેક કે વિશેષપણું ધારણ કરે છે. આ સ્વરૂપની પ્રતીતિ કરાવનાર વૈશેષિકમત પ્રમાણે કોઈ બીજો પદાર્થ માનવાની આવશ્યકતા નથી; કારણ કે સામાન્ય અને વિશેષપણું એ દ્રવ્યનો – પદાર્થનો ગુણ છે પણ કોઈ સ્વતંત્ર પદાર્થ નથી કે જે તેનાથી જુદો હોય, પરંતુ અકુશળવાદી–એકાંતમતનો સ્વીકાર કરવાવાળા–પદાર્થથી ભિન્ન જે સામાન્ય અને વિશેષપણું કહે છે તે ન્યાયમાર્ગથી ચલિત થયા છે એમ સમજવું, કેમ કે સામાન્ય અને વિશેષ પદાર્થો સર્વથા ભિન્ન નથી તેમ સર્વથા અભિન્ન નથી. જૈન શાસ્ત્રનો ન્યાય જ યુક્તિયુક્ત છે.

હવે વૈશેષિકોને એકાંત નિત્ય અથવા એકાંત અનિત્ય પક્ષમાં આવતા દોષો બતાવે છે.

"યથાર્થ નયમાર્ગને" સ્પષ્ટ કરવા પરમતવાદીઓના પ્રમાણમાં આવતાં દૂષણો બતાવતાં પહેલાં સામાન્ય અને વિશેષમાં થતો દોષ બતાવે છે :–

(उपजाति वृत्तम्)

**स्वतोऽनुवृत्ति व्यतिवृत्तिभाजो, भावा न भावान्तर नेयरूपा: ।**
**परात्मतत्त्वावतथात्मतत्त्वाद् द्वयंवदन्तोऽकुशलाः स्खलन्ति ॥४॥**

સામાન્ય વિશેષ સ્વરૂપમાં જે, દ્રવ્યો રહે માત્ર સ્વભાવથી તે
નથી પ્રતીતિ પરથી કદી જ્યાં, મૂર્ખો પડે ભિન્ન જ માન્યતામાં–૪

જૈન સિદ્ધાંત પ્રમાણે સ્વભાવથી જ સામાન્ય અને વિશેષપણાને પામે છે, એટલે કે દ્રવ્ય પોતે જ પોતાની અનુવૃત્તિ, અન્વય, કે સામાન્યપણું અને વ્યતિવૃત્તિ—વ્યતિરેક કે વિશેષપણું ધારણ કરે છે. આ સ્વરૂપની પ્રતીતિ કરાવનાર વૈશેષિકમત પ્રમાણે કોઈ બીજો પદાર્થ માનવાની આવશ્યક્તા નથી; કારણ કે સામાન્ય અને વિશેષપણું એ દ્રવ્યનો–પદાર્થનો ગુણ છે પણ કોઈ સ્વતંત્ર પદાર્થ નથી કે જે તેનાથી જુદો હોય, પરંતુ અકુશળવાદી–એકાંતમતનો સ્વીકાર કરવાવાળા–પદાર્થથી ભિન્ન જે સામાન્ય અને વિશેષપણું કહે છે તે ન્યાયમાર્ગથી ચલિત થયા છે એમ સમજવું, કેમ કે સામાન્ય અને વિશેષ પદાર્થો સર્વથા ભિન્ન નથી તેમ સર્વથા અભિન્ન નથી. જૈન શાસ્ત્રનો ન્યાય જ યુક્તિયુક્ત છે.

હવે વૈશેષિકોને એકાંત નિત્ય અથવા એકાંત અનિત્ય પક્ષમાં આવતા દોષો બતાવે છે.



(उपजाति वृत्तम्)

**आदीपमाव्योमसमस्तभावं, स्याद्वादमुद्रानतिमेदिवस्तु ।**
**तनित्यमेवैकमनित्यमन्य, दितित्वदाज्ञाद्विषतांप्रलापाः ॥५॥**

આકાશદીપાદિ સમાન ભાવે, સ્યાદ્‌વાદમાં એ સહુએ સમાએ
જે સર્વથા નિત્યઅનિત્ય માને, પ્રલાપ એ છે તુજ દ્વેષ માટે–૫

દીપકથી આકાશપર્યંત સર્વ પદાર્થો સમાન ધર્મોવાળા એટલે અપેક્ષા ભેદે કરીને નિત્યાનિત્ય સ્વભાવવાળા છે. તે સર્વે સ્યાદ્‌વાદની મર્યાદાને ઉલ્લંઘન કરી શક્તાં નથી કેમકે સ્યાદ્‌વાદથી જ તેનું નિત્યાનિત્યપણું અર્થાત્ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્યપણું સાબિત થાય છે, પરંતુ વૈશેષિક મતવાળા દીપક આદિ કેટલાક પદાર્થોને સર્વથા અનિત્ય માને છે અને આકાશ આદિ કેટલાક પદાર્થોને સર્વથા નિત્ય માને છે; જેથી આ માન્યતા દોષવાળી છે એવું જણાવી શાસ્ત્રકાર આવા પ્રલાપોને જિનેશ્વર દેવના દ્વેષ માટે અન્ય દર્શનીઓ તરફથી થયેલા જણાવે છે.

ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ દૃષ્ટિએ દીપકનો સર્વથા નાશ અને આકાશને સર્વથા નિત્ય માનવું એ વ્યાપ્તિ દોષવાળી છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય છે એટલે કે દરેક દ્રવ્ય નિત્યાનિત્ય છે અને પર્યાય પામતા કોઈપણ દ્રવ્ય પોતાનો મૂળ ગુણ (સ્વભાવ) તજતો નથી.

હવે વૈશેષિકોની માન્યતા મુજબ ઈશ્વરને જગત્‌કર્તા માનવાથી દોષ આવે તે બતાવે છે.

## (उपजाति वृत्तम्)

**आदीपमाव्योमसमस्तभावं स्याद्वादमुद्रानतिमेदिवस्तु ।**
**तन्नित्यमेवैकमनित्यमन्य, दितित्वदाज्ञाद्विषतांप्रलापाः ॥५॥**

આકાશદીપાદિ સમાન ભાવે, સ્યાદ્વાદમાં એ સહુએ સમાએ
જે સર્વથા નિત્યઅનિત્ય માને, પ્રલાપ એ છે તુજ દ્વેષ માટે–૫

દીપકથી આકાશપર્યંત સર્વ પદાર્થો સમાન ધર્મોવાળા એટલે અપેક્ષા ભેદે કરીને નિત્યાનિત્ય સ્વભાવવાળા છે. તે સર્વે સ્યાદ્વાદની મર્યાદાને ઉલ્લંઘન કરી શક્તાં નથી કેમકે સ્યાદ્વાદથી જ તેનું નિત્યાનિત્યપણું અર્થાત્ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્યપણું સાબિત થાય છે, પરંતુ વૈશેષિક મતવાળા દીપક આદિ કેટલાક પદાર્થોને સર્વથા અનિત્ય માને છે અને આકાશ આદિ કેટલાક પદાર્થોને સર્વથા નિત્ય માને છે; જેથી આ માન્યતા દોષવાળી છે એવું જણાવી શાસ્ત્રકાર આવા પ્રલાપોને જિનેશ્વર દેવના દ્વેષ માટે અન્ય દર્શનીઓ તરફથી થયેલા જણાવે છે.

ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ દૃષ્ટિએ દીપકનો સર્વથા નાશ અને આકાશને સર્વથા નિત્ય માનવું એ વ્યાપ્તિ દોષવાળી છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય છે એટલે કે દરેક દ્રવ્ય નિત્યાનિત્ય છે અને પર્યાય પામતા કોઈપણ દ્રવ્ય પોતાનો મૂળ ગુણ ( સ્વભાવ ) તજતો નથી.

હવે વૈશેષિકોની માન્યતા મુજબ ઈશ્વરને જગત્કર્ત્તા માનવાથી દોષ આવે તે બતાવે છે.



## (उपजाति वृत्तम्)

**कर्तास्ति कश्चिद् जगतः सचैकः ससर्वगः सस्ववश सनित्यः ।**
**इमाः कुहेवाक विडम्बनाः स्यु–स्तेषां न येषामनुशासकस्त्वम् ॥६॥**

માને જ કર્ત્તા જગનો સ્વતંત્ર તે એકને નિત્ય જ સર્વ વ્યાપ્ત,
વિડંબના આ જ દુરાગ્રહીની, જેના નથી શાસક આપ કાંઈ–૬

હે નાથ ! જેઓ અજ્ઞાન દશાને લઈ સ્યાદ્વાદ તત્ત્વને સમજતા નથી અને કાર્ય–કારણનો ભેદ જાણ્યા સિવાય, એકાંતવાદ પકડી એવું કહે છે કે આ જગતનો કોઈ કર્ત્તા હોવો જોઈએ તેમજ તે એક જ હોવો જોઈએ, એટલું જ નહિ પણ તે સ્વતંત્ર, સર્વવ્યાપી અને નિત્ય હોવો જોઈએ. આ માન્યતા એ તો પરમતાર્થી-દુરાગ્રહીઓની વિડમ્બનારૂપ છે કે જેના આપ શાસક નથી.

પ્રભો ! જગતનો કર્ત્તા માનવામાં તેમજ તેને એક સ્વતંત્ર, સર્વવ્યાપી અને નિત્ય માનવામાં કેવા કેવા દોષો આવે છે અને તેના હેતુઓ કેવી કેવી રીતે ખંડિત થાય છે તેનું આ એકાંતપક્ષી, દુરાગ્રહીઓને ભાન નથી કેમકે તેઓ આપના શાસનને અનુસરનારા નથી.

ધર્મ અને ધર્મી સંબંધી વૈશેષિકોની એકાંતદોષવાળી માન્યતાને હવે સિદ્ધ કરી નિષેધે છે.

## ( उपजाति छंद )

**न धर्मधर्मित्वमतीवभेदे वृत्यास्तिचेन्नत्रितयंचकास्ति ।**
**इहेदमित्यस्तिमतिश्चवृत्तौ, नगौणभेदोऽपिचलोकबाधः ॥७॥**

(उपजाति वृत्तम्)

**कर्तास्ति कश्चिद् जगतः सचैकः ससर्वगः सस्ववशः सनित्यः ।**
**इमाः कुहेवाक विडम्बनाः स्यु–स्तेषां न येषामनुशासकस्त्वम् ॥६॥**

માને જ કર્તા જગનો સ્વતંત્ર તે એકને નિત્ય જ સર્વ વ્યાપ્ત,
વિડંબના આ જ દુરાગ્રહીની, જેના નથી શાસક આપ કાંઈ–૬

હે નાથ ! જેઓ અજ્ઞાન દશાને લઈ સ્યાદ્વાદ તત્ત્વને સમજતા નથી અને કાર્ય–કારણનો ભેદ જાણ્યા સિવાય, એકાંતવાદ પકડી એવું કહે છે કે આ જગતનો કોઈ કર્તા હોવો જોઈએ તેમજ તે એક જ હોવો જોઈએ, એટલું જ નહિ પણ તે સ્વતંત્ર, સર્વવ્યાપી અને નિત્ય હોવો જોઈએ. આ માન્યતા એ તો પરમતાથી-દુરાગ્રહીઓની વિડમ્બનારૂપ છે કે જેના આપ શાસક નથી.

પ્રભો ! જગતનો કર્તા માનવામાં તેમજ તેને એક સ્વતંત્ર, સર્વવ્યાપી અને નિત્ય માનવામાં કેવા કેવા દોષો આવે છે અને તેના હેતુઓ કેવી કેવી રીતે ખંડિત થાય છે તેનું આ એકાંતપક્ષી, દુરાગ્રહીઓને ભાન નથી કેમકે તેઓ આપના શાસનને અનુસરનારા નથી.

ધર્મ અને ધર્મી સંબંધી વૈશેષિકોની એકાંતદોષવાળી માન્યતાને હવે સિદ્ધ કરી નિષેધે છે.

( उपजाति छंद )

**न धर्मधर्मित्वमतीवभेदे वृत्यास्तिचेन्नत्रितयंचकास्ति ।**
**इहेदमित्यस्तिमतिश्चवृत्तौ, नगौणभेदोऽपिचलोकबाधः ॥७॥**



ન ધર્મ ધર્મિત્વ સદાય ભિન્ન, ભાસે ન ત્યાં વસ્તુ ત્રણે અભિન્ન;
જુદા મનાતાં મતિ દોષ લાગે, જો ગૌણ ભેદે પણ લોક બાધે–૭

વૈશેષિકો માને છે કે ધર્મ અને ધર્મી સર્વથા ભિન્ન છે. આમ માનવામાં ધર્મ અને ધર્મીનો વ્યવહાર થઈ શકતો નથી. ધર્મ અને ધર્મીનો સમવાય સંબંધ છે. આ સંબંધ વસ્તુને જોતાં જ પ્રત્યક્ષ થાય છે. આ સંબંધ બતાવવા માટે કોઈ ત્રીજી વસ્તુનું આરોપણ કરવાની જરૂર નથી. વૈશેષિક મત પ્રમાણે ત્રીજી વસ્તુ ગણવામાં આવે તો અનવસ્થા દોષ લાગે, કારણ કે જે વખતે ધર્મ અને ધર્મીનું જ્ઞાન થાય છે, તે વખતે સમવાયનું જ્ઞાન હોતું નથી. જો સમવાયનું જ્ઞાન છે એમ માનીએ તો આ પ્રકારની બુદ્ધિથી એક સમયવાયમાં બીજા અનંતા સમવાય માનવા પડે, એ પ્રત્યક્ષ દોષ છે. હવે સમવાયમાં સમવાયત્વનું ગૌણરૂપ માનીએ તો તે પણ કલ્પના માત્ર છે; આમાં પણ લોક વિરોધ આવે છે. એટલે નક્કી થાય છે કે ધર્મ અને ધર્મી સર્વથા ભિન્ન નથી.

સત્તા ભિન્ન પદાર્થ છે, આત્માથી જ્ઞાન ભિન્ન છે, આત્માના વિશેષ ગુણો નાશ પામવાથી મોક્ષ થાય છે, આવી અજ્ઞાનવાદીઓની માન્યતાનો જવાબ આપે છે :—

(उपजाति)

**सत्तामपि स्यात् क्वचिदेवसत्ता, चैतन्यमौपाधिकमात्मनोऽन्यत् ।**
**न संविदानन्दमयी च मुक्तिः स सूत्र मा सूत्रि तमत्व दीयैं ॥८॥**

સત્તા જ માને સતમાં જ બીજી, માને વળી જ્ઞાન ઉપાધિ નીતિ;
માને ન આનંદ સમી જ મુક્તિ, આ નાથ ! તારી કૃતિ બાહ્ય ઉક્તિ ૮

ન ધર્મ ધર્મિત્વ સદાય ભિન્ન, ભાસે ન ત્યાં વસ્તુ ત્રણે અભિન્ન;
જુદા મનાતાં મતિ દોષ લાગે, જો ગૌણ ભેદે પણ લોક બાધે–૭

વૈશેષિકો માને છે કે ધર્મ અને ધર્મી સર્વથા ભિન્ન છે. આમ માનવામાં ધર્મ અને ધર્મીનો વ્યવહાર થઈ શકતો નથી. ધર્મ અને ધર્મીનો સમવાય સંબંધ છે. આ સંબંધ વસ્તુને જોતાં જ પ્રત્યક્ષ થાય છે. આ સંબંધ બતાવવા માટે કોઈ ત્રીજી વસ્તુનું આરોપણ કરવાની જરૂર નથી. વૈશેષિક મત પ્રમાણે ત્રીજી વસ્તુ ગણવામાં આવે તો અનવસ્થા દોષ લાગે, કારણ કે જે વખતે ધર્મ અને ધર્મીનું જ્ઞાન થાય છે, તે વખતે સમવાયનું જ્ઞાન હોતું નથી. જો સમવાયનું જ્ઞાન છે એમ માનીએ તો આ પ્રકારની બુદ્ધિથી એક સમયવાયમાં બીજા અનંતા સમવાય માનવા પડે, એ પ્રત્યક્ષ દોષ છે. હવે સમવાયમાં સમવાયત્વનું ગૌણરૂપ માનીએ તો તે પણ કલ્પના માત્ર છે; આમાં પણ લોક વિરોધ આવે છે. એટલે નક્કી થાય છે કે ધર્મ અને ધર્મી સર્વથા ભિન્ન નથી.

સત્તા ભિન્ન પદાર્થ છે, આત્માથી જ્ઞાન ભિન્ન છે, આત્માના વિશેષ ગુણો નાશ પામવાથી મોક્ષ થાય છે, આવી અજ્ઞાનવાદીઓની માન્યતાનો જવાબ આપે છે :—

(उपजाति)

**सत्तामपि स्यात् क्वचिदेवसत्ता, चैतन्यमौपाधिकमात्मनोऽन्यत् ।**
**न संविदानन्दमयी च मुक्तिः स सूत्र मा सूत्रि तमत्व दीयैं ॥८॥**

સત્તા જ માને સતમાં જ બીજી, માને વળી જ્ઞાન ઉપાધિ નીતિ;
માને ન આનંદ સમી જ મુક્તિ, આ નાથ! તારી કૃતિ બાહ્ય ઉક્તિ ૮



હે નાથ! જે સત્ પદાર્થો છે તેમાં કોઈ કોઈમાં સત્તા છે, ને કોઈ કોઈમાં નથી એટલે કે બધા સત્ પદાર્થોમાં સત્તા રહેવી જોઈએ તે નથી. તેમ જ જ્ઞાન એ એક ઉપાધિજન્ય છે, જેથી આત્માથી ભિન્ન છે, મતલબ કે જ્ઞાન એ આત્માનો સ્વભાવ કે ગુણ નથી, વળી મોક્ષ જે પરમ–આનંદ અને સુખનું શાશ્વત સ્થાન કહેવાય છે તે નથી. આવા પ્રકારની માન્યતાઓનું પ્રતિપાદન કરવાળાં શાસ્ત્રો કે જે આપની આજ્ઞાથી બાહ્ય છે તે વૈશેષિક મતવાળાઓએ બનાવ્યાં છે.

હવે આત્માને શરીર પ્રમાણ ન માનતાં સર્વવ્યાપક માનવાવાળા વૈશેષિકોની માન્યતાનું ખંડન કરે છે.

(उपजाति वृत्तम्)

**यत्रैव यो दृष्टगुणः स तत्र, कुम्भादिवद् निष्प्रतिपक्षमेतत् ।**
**तथापि देहाद् बहिरात्मतत्त्व मतत्त्व वादोपहताः पठन्ति ॥९॥**

ભાસે ગુણો જ્યાં ગુણ દૃષ્ટિ લાભે, ઘટાદિ પેઠે જ અપક્ષ પાતે;
આત્મા રહ્યો દેહ બહાર વ્યાપ્ત; બોલે અહીં દુર્મતિ જ્ઞાન પ્રાપ્ત–૯

એ તો નિર્વિવાદ છે કે જે પદાર્થનો ગુણ જે સ્થાનમાં દેખાય છે તે સ્થાનમાં તે પદાર્થ અવશ્ય રહેલો જ હોય છે. જ્યાં ઘડાના રૂપ આદિ ગુણ જોવામાં આવે છે ત્યાં ઘડાની ઉપલબ્ધિ છે જ; એમ છતાં વૈશેષિકો દુર્મતિના કારણે આત્માને દેહ પ્રમાણ નહિ માનતાં દેહની બહાર રહેલો સર્વવ્યાપક માને છે. આત્માનો ચૈતન્ય ગુણ શરીરમાં દેખાય છે, પણ શરીરની બહાર દેખાતો નથી. આથી આત્મા શરીર પ્રમાણ સિદ્ધ થાય

હે નાથ! જે સત્ પદાર્થો છે તેમાં કોઈ કોઈમાં સત્તા છે, ને કોઈ કોઈમાં નથી એટલે કે બધા સત્ પદાર્થોમાં સત્તા રહેવી જોઈએ તે નથી. તેમ જ જ્ઞાન એ એક ઉપાધિજન્ય છે, જેથી આત્માથી ભિન્ન છે, મતલબ કે જ્ઞાન એ આત્માનો સ્વભાવ કે ગુણ નથી, વળી મોક્ષ જે પરમ–આનંદ અને સુખનું શાશ્વત સ્થાન કહેવાય છે તે નથી. આવા પ્રકારની માન્યતાઓનું પ્રતિપાદન કરવાળાં શાસ્ત્રો કે જે આપની આજ્ઞાથી બાહ્ય છે તે વૈશેષિક મતવાળાઓએ બનાવ્યાં છે.

હવે આત્માને શરીર પ્રમાણ ન માનતાં સર્વવ્યાપક માનવાવાળા વૈશેષિકોની માન્યતાનું ખંડન કરે છે.

(उपजाति वृत्तम्)

**यत्रैव यो दृष्टगुणः स तत्र, कुम्भादिवद् निष्प्रतिपक्षमेतत् ।**
**तथापि देहाद् बहिरात्मतत्त्व मतत्त्व वादोपहताः पठन्ति ।।९।।**

ભાસે ગુણો જ્યાં ગુણ દૃષ્ટિ લાભે, ઘટાદિ પેઠે જ અપક્ષ પાતે;
આત્મા રહ્યો દેહ બહાર વ્યાપ્ત; બોલે અહીં દુર્મતિ જ્ઞાન પ્રાપ્ત–૯

એ તો નિર્વિવાદ છે કે જે પદાર્થનો ગુણ જે સ્થાનમાં દેખાય છે તે સ્થાનમાં તે પદાર્થ અવશ્ય રહેલો જ હોય છે. જ્યાં ઘડાના રૂપ આદિ ગુણ જોવામાં આવે છે ત્યાં ઘડાની ઉપલબ્ધિ છે જ; એમ છતાં વૈશેષિકો દુર્મતિના કારણે આત્માને દેહ પ્રમાણ નહિ માનતાં દેહની બહાર રહેલો સર્વવ્યાપક માને છે. આત્માનો ચૈતન્ય ગુણ શરીરમાં દેખાય છે, પણ શરીરની બહાર દેખાતો નથી. આથી આત્મા શરીર પ્રમાણ સિદ્ધ થાય છે. આત્માને એક અને સર્વવ્યાપક માનવાથી થતા પ્રત્યક્ષ દોષો વૈશેષિકો સમજતા નથી.



હવે નૈયાયિક ગૌતમ ઋષિને વિરક્ત કહેનાર અક્ષપાદ ઋષિનો ઉપહાસ કરતાં કહે છે કે :–

( उपजाति वृत्तम् )

**स्वयंविवाद ग्रहिलें वितण्डा पाण्डित्यकण्डलमुखेजनेऽस्मिन् ।**
**मायोपदेशात् परमर्म भिन्द न्नहो विरक्तो मुनिरन्यदीयः ।। १० ।।**

વૈતંડિકો જે વદતા વિવાદે, પાંડિત્યથી ભિન્ન પ્રલાપ વાદે
એ ઉપદેશો શુભ મર્મ છેદે, વિરક્ત એ ઋષિ કયા પ્રભેદે ?–૧૦

**અર્થ** :– હેનાથ! એ જ આશ્ચર્ય છે કે, આપની આજ્ઞા વિરુદ્ધ જેઓ પોતાની જાતથી વિવાદરૂપી પિશાચથી જકડાએલા છે અને વિતંડારૂપ પાંડિત્યથી અસંબંધરૂપ પ્રલાપ કરવાવાળા તેમ જ લોકમાં છળ, જાતિ અને નિગ્રહસ્થાનના ઉપદેશમાં બીજાઓના નિર્દોષ હેતુઓનું ખંડન કરનારા એટલે કે ન્યાયના શુભ હેતુઓને દબાવનારા વૈશેષિક જેવી માન્યતાવાળા નૈયાયિક ગૌતમઋષિને શા આધારે વિરક્ત–વીતરાગ કહેવા એ સમજાતું નથી.

હવે વેદમાં કહેલી હિંસા ધર્મનું કારણ નથી તેનું યુક્તિ પૂર્વક ખંડન કરતાં કહે છે કે :–

છે. આત્માને એક અને સર્વવ્યાપક માનવાથી થતા પ્રત્યક્ષ દોષો વૈશેષિકો સમજતા નથી.

હવે નૈયાયિક ગૌતમ ઋષિને વિરક્ત કહેનાર અક્ષપાદ ઋષિનો ઉપહાસ કરતાં કહે છે કે :-

( उपजाति वृत्तम् )

**स्वयंविवाद ग्रहिलें वितण्डा पाण्डित्यकण्डलमुखेजनेऽस्मिन् ।**
**मायोपदेशात् परमर्म भिन्द ह्रहो विरक्तौ मुनिरन्यदीय: ।। १० ।।**

વૈતંડિકો જે વદતા વિવાદે, પાંડિત્યથી ભિન્ન પ્રલાપ વાદે
એ ઉપદેશો શુભ મર્મ છેદે, વિરક્ત એ ઋષિ કયા પ્રભેદે ?–૧૦

**અર્થ** :- હેનાથ! એ જ આશ્ચર્ય છે કે, આપની આજ્ઞા વિરુદ્ધ જેઓ પોતાની જાતથી વિવાદરૂપી પિશાચથી જકડાએલા છે અને વિતંડારૂપ પાંડિત્યથી અસંબંધરૂપ પ્રલાપ કરવાવાળા તેમ જ લોકમાં છળ, જાતિ અને નિગ્રહસ્થાનના ઉપદેશમાં બીજાઓના નિર્દોષ હેતુઓનું ખંડન કરનારા એટલે કે ન્યાયના શુભ હેતુઓને દબાવનારા વૈશેષિક જેવી માન્યતાવાળા નૈયાયિક ગૌતમઋષિને શા આધારે વિરક્ત–વીતરાગ કહેવા એ સમજાતું નથી.

હવે વેદમાં કહેલી હિંસા ધર્મનું કારણ નથી તેનું યુક્તિ પૂર્વક ખંડન કરતાં કહે છે કે :-



( उपजाति वृत्तम् )

**न धर्महेतुर्विहितापि हिंसा, नोत्सृष्टमन्यार्थमपोद्यते च ।**
**स्वपुत्र घाताद् नृपतित्वलिप्सा, सब्रह्मचारीस्फुरितं परेषाम् ।।११।।**

હિંસા ન જાણો કદી ધર્મ હેતુ, માને ભલે વેદ વિશેષ હેતુ;
કરી બને નૃપ સ્વપુત્ર ઘાતે, તે બ્રહ્મચારી પર સ્ફુરણાએ–૧૧

વેદમાં યજ્ઞ યાગ આદિને કારણે જે પશુઓનું બલિદાન અપાય છે તે કોઈપણ રીતે ધર્મનું કારણ નથી. મૂક પશુઓ જે પીડા પામે છે તે પ્રત્યક્ષ જોઈ શકાય છે. આથી આ હિંસા એ ખરેખર પાપનું જ કારણ છે. જ્યાં હિંસા છે ત્યાં ધર્મ નથી. હિંસામાં ધર્મ માનવો એ વ્યાપ્તિ પ્રત્યક્ષ પ્રમાણથી દોષવાળી છે; પછી આ હિંસા સામાન્ય કે વિશેષ અથવા અપવાદ કે ઉત્સર્ગ માટે હોય, પરંતુ તે સર્વથા પાપનું જ કારણ છે. આ તો પોતાના પુત્રને મારી રાજા બનવા જેવું થયું, તેમજ પારકી સ્ફુરણાએ બ્રહ્મચારી બનવા જેવું કહેવાય.

હવે જ્ઞાનને પરોક્ષ માનનાર મીમાંસકો અને એક જ્ઞાનને બીજા જ્ઞાનમાં સ્વીકારતા ન્યાય વૈશેષિકો પરત્વે કહે છે કે :-

( उपजाति वृत्तम् )

**स्वार्थाव बोधक्षम एव बोध: ।**
**प्रकाशते नार्थकथान्यथा तु ।।**
**परे परेभ्यो भयतस्तथापि ।**
**प्रपेदिरे ज्ञानमनात्मनिष्ठम् ।। १२ ।।**

જ્ઞાને જણાએ સ્વ–પરાર્થભેદ, ન અન્યથા કોઈ પ્રકાશ વેદ;
છે અન્યવાદી ભયથી જ વ્યાપ્ત, મને અનાત્મી ન સ્વસંવિદાત્મ–૧૨

( उपजाति वृत्तम् )

**न धर्महेतुर्विहितापि हिंसा, नोत्सृष्टमन्यार्थमपोद्यते च ।**
**स्वपुत्र घाताद् नृपतित्वलिप्सा, सब्रह्मचारीस्फुरितं परेषाम् ॥११॥**

હિંસા ન જાણો કદી ધર્મ હેતુ, માને ભલે વેદ વિશેષ હેતુ;
કરી બને નૃપ સ્વપુત્ર ઘાતે, તે બ્રહ્મચારી પર સ્કુરણાએ–૧૧

વેદમાં યજ્ઞ યાગ આદિને કારણે જે પશુઓનું બલિદાન અપાય છે તે કોઈપણ રીતે ધર્મનું કારણ નથી. મૂક પશુઓ જે પીડા પામે છે તે પ્રત્યક્ષ જોઈ શકાય છે. આથી આ હિંસા એ ખરેખર પાપનું જ કારણ છે. જ્યાં હિંસા છે ત્યાં ધર્મ નથી. હિંસામાં ધર્મ માનવો એ વ્યાપ્તિ પ્રત્યક્ષ પ્રમાણથી દોષવાળી છે; પછી આ હિંસા સામાન્ય કે વિશેષ અથવા અપવાદ કે ઉત્સર્ગ માટે હોય, પરંતુ તે સર્વથા પાપનું જ કારણ છે. આ તો પોતાના પુત્રને મારી રાજા બનવા જેવું થયું, તેમજ પારકી સ્કુરણાએ બ્રહ્મચારી બનવા જેવું કહેવાય.

હવે જ્ઞાનને પરોક્ષ માનનાર મીમાંસકો અને એક જ્ઞાનને બીજા જ્ઞાનમાં સ્વીકારતા ન્યાય વૈશેષિકો પરત્વે કહે છે કે:–

( उपजाति वृत्तम् )

**स्वार्थाव बोधक्षम एव बोधः ।**
**प्रकाशते नार्थकथान्यथा तु ॥**
**परे परेभ्यो भयतस्तथापि ।**
**प्रपेदिरे ज्ञानमनात्मनिष्ठम् ॥ १२ ॥**

જ્ઞાને જણાએ સ્વ–પરાર્થભેદ, ન અન્યથા કોઈ પ્રકાશ વેદ;
છે અન્યવાદી ભયથી જ વ્યાપ્ત, મને અનાત્મી ન સ્વસંવિદાત્મ–૧૨



જ્ઞાન એ એક પ્રતિભાવાળી સત્તા છે કે જેનાથી પોતે પોતાને અથવા પર પદાર્થને જાણી શકે છે; જ્ઞાન સિવાય બીજી રીતે દ્રવ્યોની પિછાન થઈ શકતી નથી. આવો સર્વમાન્ય સિદ્ધાંત છતાં હે નાથ! જ્ઞાનને પરોક્ષ મનનારા મીમાંસકો પૂર્વપક્ષવાદીઓના ભયથી જ્ઞાનને પ્રત્યક્ષ સ્વસંવેદ્ય માનતા નથી. તેઓ જ્ઞાનને પરપ્રકાશક માનવામાં આવતો અનવસ્થા દોષ અનાત્મભાવને લઈને જોઈ શક્તા નથી.

હવે સમસ્ત પદાર્થોને માયારૂપ માનવાવાળા બ્રહ્મા-દ્વૈતવાદીઓનું ખંડન કરે છે :–

(उपजाति वृत्तम्)

**मायासती चेद् द्वयतत्त्व सिद्धि–**
**रथा सती हन्त कुतः प्रपञ्चः ।**
**मायैव चेदर्थ सहाच तत्किं,**
**माता च वन्ध्या च भवत्परेषाम् ॥ १३ ॥**

જો સત્ય માયાદ્વય તત્ત્વસિદ્ધિ, અસત્યથી નાશ પ્રપંચસિદ્ધિ,
માયા કરે અર્થ ક્રિયા કદી જો, વંધ્યા બને માત સમી અહીં તો–૧૩

અદ્વૈત બ્રહ્મવાદીઓને ઉદ્દેશીને કહેવામાં આવે છે કે જો તમે માયાને સતરૂપ માનતા હો તો બ્રહ્મ અને માયા બન્ને પદાર્થોને સહેજે સદ્‌ભાવ થાય છે, જેથી અદ્વૈતમતની સિદ્ધિ થતી નથી. કદી માયાને અસતરૂપ માનો તો આશ્ચર્ય એ થાય છે કે ત્રણલોકવર્તી પદાર્થોના સમૂહરૂપ પ્રપંચ ક્યાંથી દૃષ્ટિ ગોચર થાય? કદી માયા પોતાના સ્વરૂપમાં રહી અર્થ અને ક્રિયા કરતી હોય તો એક સ્ત્રીમાં માતા અને વંધ્યા બન્ને ગુણો જે એકબીજાના વિરોધી છે તે રહી શકે નહિ. (માતા કહેવી ને તેને વાંઝણી છે એમ કહેવું એ ન જ બને)

હવે કથંચિત્ સામાન્ય અને વિશેષરૂપ વાચ્ય-વાચક ભાવનું સમર્થન કરવા એકાંત સામાન્ય અને વિશેષરૂપ ભાવનું ખંડન કરે છે :-

(उपजाति वृत्तम्)

अनेकसेकात्मकमेव वाच्यं,
द्वयात्मकं वाचकमप्यवश्यम् ।
अतोऽन्यथा वाचकवाच्यक्लृप्ता—
वतावकानां प्रतिभा प्रमादः ॥ १४ ॥

જ્યાં વાચ્ય માનો જ અનેક એક, ત્યાં તેમ વાચક અવશ્યમેવ.
જે અન્યથા વાચક વાચ્ય માને, તે દોષથી સૌ પ્રતિભા ગુમાવે-૧૪

જે વાચ્ય એટલે કહેવા યોગ્ય પદાર્થ અનેક છતાં એક પણ છે, એટલે સામાન્યની અપેક્ષાએ એક સ્વરૂપ છે તેમ વિશેષની અપેક્ષાએ અનેકરૂપ છે. તે પ્રકારે એ પદાર્થોને કહેવાવાળો શબ્દ જે વાચક તે પણ એક અને અનેક છે; જેથી હે નાથ! અન્ય મતવાદીઓ આ સિદ્ધાંત વિરુદ્ધ વાચ્ય-વાચક ભાવની જે કલ્પના કરે છે તે ખરેખર પોતાની પ્રતિભા ગુમાવે છે.

હવે સાંખ્યોના પ્રકૃતિ, પુરુષ આદિ તત્ત્વોનો વિરોધ બતાવી તેનું ખંડન કરે છે :-

( उपजाति वृत्तम् )

चिदर्थशून्या च जडाच बुद्धिः
शब्दादि तन्मात्रजमम्बरादि ।
न बंध मोक्षौ पुरुषस्य चेति
क्रियज्जडैर्न ग्रथितं विरोधि ॥ १५ ॥



છે ચેતનાશૂન્ય જડાત્મબુદ્ધિ, તન્માત્ર શબ્દે સઘળી જ વૃદ્ધિ;
જીવો ન બંધાય ન થાય સિદ્ધ, જડાત્મવાદી વદતાં વિરુદ્ધ-૧૫

ચેતના સ્વયં પદાર્થને જાણતી નથી, પરંતુ બુદ્ધિથી પદાર્થનું જ્ઞાન થાય છે. પણ બુદ્ધિ સ્વયં જડ-અજ્ઞાનરૂપ છે અને જગત્ પાંચ તન્માત્ર એટલે મહાભૂતોનું બનેલું છે, એટલે આકાશ શબ્દથી, પૃથ્વી ગંધથી, જળ રસથી, અગ્નિ રૂપથી, અને વાયુ સ્પર્શથી ઉત્પન્ન થયાં છે; તેમજ પ્રકૃતિથી અને વિકૃતિથી ભિન્ન પુરુષનો બંધ અથવા મોક્ષ થતો નથી; ખરી રીતે બંધ અને મોક્ષ તેમજ પરિભ્રમણ અનેક પ્રકારના આશ્રયવાળી પ્રકૃતિથી થાય છે. આ પ્રમાણે હે નાથ! સાંખ્યલોકની વિરુદ્ધ કલ્પનાઓ છે.

હવે પ્રમાણથી પ્રમિતિને ભિન્ન માનવાવાળા તથા જ્ઞાનાદ્વૈતનો સ્વીકાર કરનારા બૌદ્ધોનું ખંડન કરે છે :

( उपजाति वृत्तम् )

न तुल्यकालः फलहेतु भावो,
हेतौ विलीने न फलस्य भावः ।
न संविद द्वैत पथेऽर्थ संविद्
विलून शीर्णं सुगतेन्द्र जालम् ॥ १६ ॥

રહે ન સાથે ફળ હેતુભાવ, હેતુ હણાતાં ફળનો અભાવ;
વિજ્ઞાન માને નહિ વસ્તુજ્ઞાન, એ બૌદ્ધવાદી મત ઈન્દ્રજાળ-૧૬

હેતુ અથવા હેતુનું ફળ એ બન્ને સાથે રહી શકતાં નથી એટલે કે ઉપાદાન કારણ અને તેનું કાર્ય એ બન્ને એક સમયે હોતાં નથી અથવા હેતુના નાશથી ફળની ઉત્પત્તિ થઈ શકતી

નથી. એટલે કે ઉપાદાન કારણનો સર્વથા નાશ થાય તો કાર્યની ઉત્પત્તિ હોતી નથી; હવે જો જગતને કેવળજ્ઞાન સ્વરૂપ માનવામાં આવે તો બાહ્ય અનેક પદાર્થનું જ્ઞાન થઈ શકતું નથી. આ પ્રકારનું બૌદ્ધનું મંતવ્ય ઈન્દ્રજાળ સમાન હોઈ તુરતમાં જ ખોટું ઠરે છે.

ત્યાર પછી તત્ત્વોના નિરૂપણરૂપ પ્રમાણ, પ્રમિતિ, પ્રમેય ને પ્રમાતાના વ્યવહારનો લોપ કરવાવાળા શૂન્યવાદી બૌદ્ધોના પક્ષનું ખંડન કરે છે :

विना प्रमाणं परवन्न शून्यः
स्वपक्षसिद्धेः पदमश्नुवीत ।
कुप्येत्कृतान्तः स्पृशते प्रमाण–
महो सुदृष्टं त्वदसूयिदृष्टम् ॥ १७ ॥

પામે પ્રમાણે સહુ પક્ષ સિદ્ધિ, ન પામતા શૂન્યમતિ પ્રસિદ્ધિ,
પ્રમાણ માને કદી શૂન્યવાદી, ટકે ન કોપે યમ ના કદાપિ–૧૭

બૌદ્ધ સિવાય બીજા વાદીઓ પ્રમાણને માને છે, જેથી તે અપેક્ષાએ તેમની સિદ્ધિ થઈ શકે છે; પરંતુ બૌદ્ધો પ્રમાણ આપ્યા વિના પોતાના પક્ષની સિદ્ધિ કરી શક્તા નથી, કેમકે તેઓ પ્રમાણ, પ્રમિતિ અને પ્રમેયનો વ્યવહાર સ્વીકારતા નથી અને બુદ્ધિ પ્રમાણે ધર્મ અથવા ધર્મીની કલ્પનાથી અનુમાન અને અનુમેયનો વ્યવહાર થાય છે એમ માને છે. બુદ્ધિની બહાર સત્ કે અસત્ એવો કોઈ પદાર્થ નથી. આ માન્યતાથી શૂન્યવાદની સિદ્ધિ નથી. હવે જો તેઓ પ્રમાણને સ્વીકારે તો શૂન્યવાદ ટકતો નથી. આથી હે ભગવાન્! આપના મત ઉપર ઈર્ષ્યા રાખવાવાળા જે કાંઈ નવું નવું નિરૂપણ કરે છે તે મિથ્યા હોવાથી ઉપહાસને પાત્ર છે.



હવે ક્ષણિકવાદીઓના મતમાં આલોક કે પરલોકની વ્યવસ્થા બની શકતી નથી, જેથી તેના મતને અવિચારપૂર્ણ સિદ્ધ કરે છે :–

(उपजाति वृत्तम्)

कृतप्रणाशा कृतकर्म भोग–
भवप्रमोक्ष स्मृतिभङ्गदोषान् ।
उपेक्ष्य साक्षात् क्षणभङ्गमिच्छ–
न्नहो महासाहसिकः परस्ते ॥ १८ ॥

ન કીધ ભોગે કૃત કર્મ નાશે, દોષે સ્મૃતિ મોક્ષ ભવો હણાશે;
કરે ઉપેક્ષા ક્ષણભંગવાદી, બની મહા સાહસિક પ્રવાદી,

હે નાથ! આપનો પ્રતિપક્ષી ક્ષણિકવાદી બૌદ્ધ વસ્તુનો સ્વભાવ ક્ષણભંગુર માનતો હોવાથી, તેની માન્યતા મુજબ પૂર્વકૃત કર્મનું ફળ ભોગવવું પડતું નથી. એટલે વિના ભોગે તે કર્મ નાશ પામે છે, તેમ જ પોતે નહિ કરેલા એવા કર્મનું ફળ ભોગવવાનો સમય આવી જાય છે; આ માન્યતાથી પરલોકનો અભાવ, મોક્ષનો અભાવ, અને સ્મરણ શક્તિનો અભાવ નક્કી થાય છે. પરંતુ આ દોષો અનુભવસિદ્ધ જણાતા હોવાથી તેને નહિ ગણનાર ખરેખર સાહસબુદ્ધિથી પ્રતિપક્ષી તરીકે આપની ઉપેક્ષા કરે છે.

હવે "કૃતકર્મપ્રણાશ" આદિ દોષોનો સ્વીકાર નહિ કરનાર બૌદ્ધને વાસનાનું સ્વરૂપ સમજાવી, સ્યાદ્વાદના ભેદાભેદ સ્વીકારવાનું કહે છે :–

सा वासना सा क्षणसंततिश्च,
ना भेदभेदानुभयं घंटेते ।

तत स्तटादर्शिशकुन्त पोत,—
न्यायास्त्वदुक्तानिपरे श्रयन्तु ॥ १९ ॥

જ્યાં વાસનાને ક્ષણુ સિદ્ધિવાદ; ના ભિન્ન ભિન્નાનુભયે સુવાદ;
પક્ષી સમુદ્રે વળતું વહાણે વળે વિરોધી તુજ ન્યાય સ્થાને–૧૯

માળાના મણુકા જ્યમ દોરાથી જોડાયેલા છે તેમ પૂર્વ-જ્ઞાનની ક્ષણુને અને ઉત્તર જ્ઞાનની ક્ષણુને જોડનારી શક્તિને વાસના કહે છે. અને એ પૂર્વ અને ઉત્તર ક્ષણોની પરંપરાને ક્ષણસંતતિ કહે છે; એ વાસના અને ક્ષણુ સંતતિને સર્વથા એક માનવી અથવા પરસ્પર ભેદ માનવો કે ભેદ અભેદ બન્ને ન માનવા ? આ ત્રણુ પક્ષની કલ્પના બૌદ્ધમતમાં જોવામાં આવે છે, પરંતુ એ ત્રણે પક્ષમાંથી કોઈ પક્ષે આ માન્યતા સિદ્ધ થતી નથી. જેથી હે પ્રભુ ! સમુદ્રની વચમાં રહેલા જહાજ-માંથી ઊડેલું પક્ષી કિનારો ન મળતાં પાછું જહાજમાં આવી પહોંચે છે તેમ બૌદ્ધ કથંચિત્ ભેદાભેદનું શરણુ લેવા સ્યાદ્-વાદયુક્ત જહાજમાં આવીને સમાય છે.

આ પ્રકારે ક્રિયાપદી (આત્મવાદી) ના સિદ્ધાંતોનું ખંડન કરી, આક્રિયાવાદી (અનાત્મવાદી) ચાર્વાકમતનું ખંડન કરે છે અને અનુમાન આદિ પ્રમાણુ વિના પ્રત્યક્ષ પ્રમાણુની અસિદ્ધિ બતાવે છે.

विनानुमानेन पराभिसंधि—
म संविदानस्य तु नास्तिकस्य, ।
न सांप्रतं वक्तुमपि क्व चेष्टा,
क्व दृष्ट मात्र चहहाप्रमादः ॥ २० ॥

ન સત્યમાને અનુમાન ન્યાયે, નાસ્તિક પ્રત્યક્ષ અજ્ઞાનતાએ
ન યોગ્ય વક્તવ્ય કદાપિ તેનું, પ્રમાદને ખેદ વડે ભરેલું–૨૦



ચાર્વાકમવાદી નાસ્તિક લોકો પ્રમાણુને ન માનતાં માત્ર પ્રત્યક્ષ પ્રમાણુ જે ઇન્દ્રિયો દ્વારા થાય છે, તેને જ માને છે. આ માન્યતા તેમની ખોટી છે, કેમકે તે એકાંત અને અજ્ઞાન-વાળી છે. ઇન્દ્રિયોથી પર એવા કેટલાક ભાવો વિશ્વમાં રહેલા છે કે જે અનુમાનથી જ સિદ્ધ થઈ શકે છે. સાધ્યની સિદ્ધિ માટે એ પ્રમાણુ માનવામાં આવે છે. પ્રત્યક્ષ અને અનુમાન તેમાં કેવળ પ્રત્યક્ષ જ માનવામાં આવે તો સિદ્ધતા સિદ્ધ થઈ શકે નહિ. આમ ન્યાયનું ઉલ્લંઘન કરનાર નાસ્તિકવાદીઓ અનુમાન પ્રમાણુનું ખંડન કરી રહ્યાં છે, તે ખરેખર ખેદ અને પ્રમાણુનું કારણુ છે. જેથી તેઓએ શાસ્ત્રાર્થથી દૂર રહેવું જોઈએ એ જ શ્રેયસ્કર છે.

આ પ્રકારે એકાંતવાદનું ખંડન કરી અનાદિ વાસનાથી મલિન બુદ્ધિવાળા જે લોક અનેકાન્તને પ્રત્યક્ષ જોતાં છતાં તેની અવગણુના કરે છે તેનો ઉન્માદ બતાવે છે :—

प्रतिक्षणोत्पाद विनाश योगि—
स्थिरैक मध्य क्षमपोक्ष माणः ।
जिन त्वदाज्ञामवमन्य ते यः
स वातकी नाथ पिशाचकी वा ॥ २१ ॥

જ્યાં નાશ ઉત્પાદ ક્ષણે ક્ષણે છે, ત્યાં ધ્રૌવ્ય તો દ્રવ્યતણું રહે છે;
માને ન આજ્ઞા તુજ નાથ ! જેઓ, પીડાય પિશાચ દળેજ તેઓ. ૨૧

હે નાથ ! પ્રત્યેક દ્રવ્ય દરેક ક્ષણે ઉત્તર પર્યાયોથી ઉત્પાદ ભાવને અને પૂર્વપર્યાયોથી વિનાશભાવને પામે છે. આ પ્રમાણે દરેક ક્ષણે થતાં ઉત્પાદ અને વ્યયમાં તે દ્રવ્યનું સત્પણું કે ધ્રુવપણું તો અખંડ રહે છે. કેમકે તેનું અધિકરણુ દ્રવ્ય નજરે જોઈ શકાય છે, જેથી ઉત્પાદ અને વ્યયરૂપ પર્યાયોને

કથંચિત્ અનેક માનતાં દ્રવ્ય કથંચિત્ એક મનાય છે. એટલે હે નાથ ! તારી આજ્ઞાને ઉલ્લંઘીને દ્રવ્યના પર્યાય વખતે દ્રવ્યનું હોવાપણું જેઓ સ્વીકારતા નથી તે ખરેખર પિશાચી હળમાં તણાયા કરે છે. કેમકે પ્રત્યેક વસ્તુ કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય માનવી એ જ અનેકાન્ત માર્ગ સર્વથા સત્ય છે, તેનું તેઓને ભાન નથી.

હવે જિનેશ્વર ભગવાનના ઉપદેશનો કોઈપણ અંશ કુવાદીઓ ખંડન કરવા સમર્થ નથી, જેથી શાસ્ત્રકાર સ્યાદ્વાદનું પ્રતિપાદન કરે છે.

( उपजाति वृत्तम् )

अनंत धर्मात्मकमेव तत्त्व-
मतोऽन्यथा सत्त्वमसूयपादम् ।
इति प्रमाणान्यपि ते कुवादि-
कुरङ्ग संत्रासन सिंहानादाः ॥ २२ ॥

અનંત ધર્માત્મક દ્રવ્ય જાણો, ન અન્યથા સત્ય જ સિદ્ધિ માનો;
જ્યાં સિંહનાદે હરણાદિ ત્રાસે, પ્રમાણથી તેમ કુવાદી નાસે. ૨૨

જીવ અથવા અજીવ પ્રત્યેક વસ્તુમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનના અનંત ધર્મો મોજુદ છે, જેથી તે દરેક દ્રવ્ય અનંત ધર્માત્મક કહેવાય છે. અને એ જ વસ્તુનું સાચું સ્વરૂપ છે. પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મો માન્યા સિવાય તે પદાર્થની સિદ્ધિ હોતી નથી. મતલબ કે તે સિવાય તે વસ્તુની સત્તાનું પૂરેપૂરું વર્ણન થઈ શકતું નથી; માટે હે પ્રભુ ! કુવાદીરૂપ મૃગોને પરાસ્ત કરવા આપનો પ્રમાણયુક્ત અનેકાન્તવાદ જેને સિંહનાદ કહી શકાય તે જ જગતમાં વિજયને પામે છે.



હવે વસ્તુમાં રહેલા અનંત ધર્મોને સાત ભંગથી કહેવામાં આવે છે :

(उपजाति वृत्तम्)

अपर्ययं वस्तु समस्य मान-
मद्रव्यमेतश्च विविच्यमानम् ।
आदेश भेदोदित सप्तभङ्ग-
मदीदृशस्त्वं बुधरूपवेद्यम् ॥ २३ ॥

સામાન્યથી વસ્તુ પર્યાયમુક્ત, વિસ્તારથી તે જ પર્યાયયુક્ત.
આદેશભેદે નય સપ્તભંગી, જિનેશ ન્યાયે શુભકાર્ય સંગી. ૨૩

જે વસ્તુની વિસ્તારથી વિવક્ષા કરવામાં ન આવે, તે સમાન્યપણે સંક્ષેપમાં કહેવામાં આવે તો દરેક વસ્તુ પર્યાય રહિત જણાય છે કેમકે સંસારના સર્વ પદાર્થો ૬ વિભાગમાં સમાય છે; આથી શુદ્ધ સંગ્રહનયની અપેક્ષાએ સમગ્ર પદાર્થોને કેવળ દ્રવ્યરૂપ માનવામાં આવે છે. કેમકે દ્રવ્ય અને પર્યાય સર્વથા ભિન્ન નથી. બીજી રીતે દ્રવ્યનું વર્ણન કરવામાં આવે તો વસ્તુ કેવળ પર્યાયરૂપ મનાય છે. આ પ્રમાણે દ્રવ્ય અને પર્યાયની મુખ્યતા કે ગૌણતાએ કરી સકળ અને વિકળ એ બે પ્રકારના આદેશ ભેદથી સપ્તભંગીનું સ્વરૂપ જિનેશ્વર ભગવાને અજ્ઞાની જીવોને અનંત ધર્માત્મક દ્રવ્ય સમજાવવા માટે બતાવ્યું છે.

સપ્તભંગીરૂપ અનેકાન્તવાદને વિદ્વાનો સમજી શકે છે પરંતુ એકાંતવાદીઓ સપ્તભંગીમાં અસ્તિ નાસ્તિ વિરુદ્ધ ધર્મો સમજી શકતા નથી જેથી હવે તે બતાવે છે :

(उपजाति वृत्तम्)

उपाधि भेदोपहितं विरुद्धं,
नार्थेष्व सत्त्वं सदवाच्यतेच ।
इत्य प्रबुद्धयैव विरोध भीता
जडास्त देकान्तहता: पतन्ति ॥ २४ ॥

ઉપાધિભેદે ત્રિવિરુદ્ધ ધર્મે, દ્રવ્યો ગણાતા ન વિરોધ અર્થે;
અજ્ઞાન આથી ભયભીત થાતા, એકાંત મૂર્ખા પડતા જણાતા. ૨૪

પ્રત્યેક ચેતન કે અચેતન પદાર્થોમાં અસ્તિત્વ, નાસ્તિત્વ અથવા અવક્તવ્ય—આ ત્રણમૂળભંગોમાં પરસ્પર વિરોધ નહિ હોવાથી સંપૂર્ણ સપ્તભંગીમાં કોઈ વિરોધ આવતો નથી; જેથી પદાર્થની વિવક્ષાને કારણે પરસ્પર વિરુદ્ધ જે અસ્તિત્વ નાસ્તિત્વ અને અવક્તવ્ય એ ત્રણ ધર્મોમાં આરોપણ કરવામાં આવ્યા છે, કેમકે આ ત્રણ મુખ્ય ભંગોમાંથી બાકીના ભંગો તેમાં અંતર્ભાવને પામે છે એટલે સાતે ભંગ સિદ્ધ થઈ શકે છે. પરંતુ આ પ્રમાણે વિવક્ષાનો વિચાર નહિ કરવાવાળા, સિદ્ધાંતના અજાણ એકાંતવાદી વિરોધથી ભયભીત થઈ ન્યાયમાર્ગથી ચલિત થાય છે.

અનેકાંતવાદ સંપૂર્ણ દ્રવ્ય અથવા પર્યાયોમાં રહે છે; પરંતુ મુખ્ય ભેદની અપેક્ષાએ તેના ચાર ભેદ બતાવવામાં આવે છે :—

स्याज्ञाशि नित्यं सदृशं विरूपं,
वाच्यं न वाच्यं सदसत्त देव ।
विपश्चितां नाथ निपीत तत्त्व-
सुधोद्गतोद्गार परम्परेयम् ॥ २५ ॥



સામાન્ય વિશેષ અનિત્ય નિત્ય, અવાચ્ય વાચ્ય જ અસત્ય સત્ય;
પીધું સુધાતત્ત્વ અનેક ભાવી, દીધું સ્વઉદ્ગારપણે ગણાવી–૨૫

હે વિદ્વાનોના શિરોમણિ ! આપે અનેકાન્તરૂપી અમૃત પીઈને પરશ્રેયને માટે ઉદ્ગાર રૂપે તત્ત્વાર્થ જણાવી દીધો છે કે અનંત ધર્માત્મક વસ્તુનું પ્રતિપાદન આ પ્રમાણે થાય છે. વસ્તુ કથંચિદ્ નશ્વર તથા કથંચિત્ નિત્ય છે, તેમજ કથંચિત્ સામાન્ય અને કથંચિત્ વિશેષ છે. વળી કથંચિત્ વાચ્ય, અને કથંચિત્ અવાચ્ય પણ કહેવાય છે. તેમજ કોઈ અપેક્ષાએ સત્ અને અસત્ પણ કહેવાય છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય, સામાન્ય, અવાચ્ય અને સત્ તેમજ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય, વિશેષ, વાચ્ય અને અસત્ એ માન્યતા ન્યાય સંગત છે. કેમકે વસ્તુમાં એકાંતરૂપથી નિત્ય–અનિત્ય, ધર્મો માનવામાં વિરોધ જણાય છે.

એકાંત નિત્યાનિત્ય માનવાવાળા એકબીજાના દોષો જોઈને પરસ્પર લડે છે અને એક બીજાના સિદ્ધાંતનું ખંડન કરે છે; આથી જ જિન ભગવાનના શાસનની સર્વોત્કૃષ્ટતા સિદ્ધ થાય છે.

(उपजाति वृत्तम्)

य एव दोषाः किल नित्यवादे,
विनाशवादेऽपि समास्त एव ।
परस्पर ध्वंसिषु कण्टकेषु
जयत्य धृष्यं जिन शासनं ते ॥ २६ ॥

જે દોષ એકાંત જ નિત્યવાદે, તે દોષ જાણો જ વિનાશવાદે;
કાંટા સમા આમ વિવાદ જ્યાં છે, હે નાથ ! તારા વિજયો જ ત્યાં છે.

સર્વથા નિત્યપક્ષ માનવામાં જે દોષનો સંભવ છે તે જ દોષ સર્વથા અનિત્ય પક્ષ માનવામાં પણ આવે છે. જેમ એક કંટક બીજા કાંટાનો નાશ કરે છે તેમ; એટલે કે જે સર્વથા અનિત્યવાદ માનવામાં નિત્યવાદીઓ જે દોષો જુએ છે, એ જ પ્રકારે સર્વથા નિત્યપક્ષમાં અનિત્યપક્ષવાળો દોષો કાઢે છે. એટલે નિત્ય પક્ષવાળા અર્થક્રિયાને એક સાથે માનતા નથી જ્યારે અનિત્ય પક્ષવાળા એકાંત "अर्थक्रिया कारित्व" પદાર્થનું લક્ષણ માને છે. આમ બન્ને વચ્ચે વિરોધ દેખાય છે. એટલે હે નાથ! સ્વાભાવિક રીતે જ ત્હારો અનેકાન્તમત વિજયને પામે છે.

ઉપર સામાન્ય રીતે નિત્યાનિત્ય એકાંતવાદમાં આવતા દોષો બતાવ્યા, હવે એકાંતવાદીઓને કાંઈક વિશેષ દોષો બતાવે છે :-

**नैकान्तवादे सुखदुःख भोगौ,**
**नपुण्यपापे न च बंधमोक्षौ ।**
**दुर्नीतिवाद व्यसनासिनैवं**
**परै विलुप्तं जगदप्यशेषम् ॥ २७ ॥**

એકાંતવાદે નહિ બંધ મોક્ષ, ન પુણ્ય પાપો સુખદુઃખ ભોગ્ય;
દુર્નીતિ ભાવી અસિએ હણાયા, સૌ ભાવ પ્રાણો જગના જણાયા—૨૭

વસ્તુને એકાંત નિત્ય માનવામાં આત્માને સુખ અને દુઃખનો અનુભવ થતો નથી, તેમજ પુણ્ય-પાપ અને બંધ-મોક્ષની વ્યવસ્થા થઈ શકતી નથી. પરંતુ પુણ્ય અને પાપથી સુખદુઃખ ભોગવતા જીવો જોઈ શકાય છે. આમ વ્યવહારથી અવસ્થાભેદ અનાદિકાળથી ચાલ્યો આવે છે. હવે એકાંત નિત્ય માનવામાં આવે તો આ બંધ-મોક્ષનો અવસ્થાભેદ રહેતો નથી, કેમકે તેમના મત મુજબ પુણ્ય-પાપવાળી ક્રિયા કુટસ્થ નિત્ય આત્માને લાગતી નથી. એટલે કે દાનથી થતું પુણ્ય અને હિંસાથી થતું પાપ એકાંત નિત્ય માનવામાં આવી શકતું નથી. પરંતુ આ દુર્નયરૂપ વહેવાર ખોટો છે કે જેણે પોતાની માન્યતારૂપ તરવાર વડે જગતના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ભાવ પ્રાણોને હણ્યા છે.



હવે દુર્નય અથવા પ્રમાણનું લક્ષણ કહે છે અને "**प्रमाण-नयैरधिगमः**" આ સૂત્રથી જીવઅજીવ આદિ તત્ત્વોનું પ્રમાણ અને નયથી પ્રતિપાદન કરનાર સ્યાદ્વાદ વિરોધી દુર્નયોનું નિરાકરણ કરે છે:

**सदेव सत्स्यात् सदितित्रिधार्थो,**
**मीयेतदुर्नीति नय प्रमाणैः ॥**
**यथार्थदर्शी तु नय प्रमाण—**
**पथेन दुर्नीतिपथं त्वमास्थः ॥ २८ ॥**

દ્રવ્યો ત્રિભેદે સત આદિ જાણો, પ્રમાણ દુર્નીતિ નયે જ માપો;
યથાર્થવાદી નય સત્યતામાં, વિવાદવાદી નમતો બધામાં—૨૮

જેનો નિશ્ચય કરવામાં આવે છે તેને પદાર્થ કહે છે. એ પદાર્થનો દુર્નય, નય અથવા પ્રમાણથી નિશ્ચય થઈ શકે છે. એટલે કે પદાર્થ સર્વથા સત્ છે. સામાન્ય રીતે સત્ છે કે કોઈ અપેક્ષાએ સત્ છે. આ ત્રણ પ્રકારે પદાર્થનું જ્ઞાન થાય છે. દુર્નયદ્વારા સર્વત્ર સત્ સમ્યગ્નય દ્વારા સત્ અને પ્રમાણ-નય દ્વારા કથંચિત્ સત્ મનાય છે. જે દ્વારા પદાર્થના એક અંશનું જ્ઞાન થાય છે તેને નય કહે છે. એવા નયના સાત

પ્રકાર છે. જેનાથી વસ્તુના અનેક ધર્મોનું જ્ઞાન થાય તેને પ્રમાણ કહે છે. આ પ્રમાણ સ્યાદ્વાદરૂપ છે જે પ્રત્યક્ષ અને પરોક્ષથી સિદ્ધ થઈ શકે છે. આ પ્રમાણે હે નાથ! તારા સ્યાદ્વાદરૂપી નયમાર્ગથી પરાજય પામેલા દુર્નયવાદનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

હવે સાત દ્વીપ અને સાત સમુદ્ર જેટલો લોક માનવાવાળા વાદીઓ જીવોની સંખ્યા પરિમિત માને છે તેનું ખંડન કરી જીવોની અનંતતા બતાવવામાં આવે છે.

मुक्तोऽपि वाभ्येतु भवम् भवोवा
भवस्थशून्योऽस्तु मितात्मवादे ।
षड्जीवकायं त्वमनन्त संख्य,–
माख्यस्तथा नाथ यथा न दोषः ॥ २९ ॥

સંખ્યાત્મવાદે ભવમુક્ત જન્મે, સૌ મોક્ષ જાતાં જગ શૂન્ય પામે;
અનંત ષડ્કાય જ માનનારા, કદાપિ દોષો ન જ આવનારા–૨૯

જેઓ આ સંસારના જીવોને સંખ્યાએ કરીને પરિમિત માને છે, તેઓ આ માન્યતાથી બે દોષ ઉત્પન્ન કરે છે. ૧. મુક્ત જીવોને સંસારમાં ફરી જન્મ લેવો પડે, ૨. કાળે કરી બધા જીવો મોક્ષે જતાં સંસાર જીવ વિનાનો શૂન્ય બની રહે. પરંતુ આ માન્યતા ખોટી છે; સંસાર અનાદિ કાળથી ચાલ્યો આવે છે, અને ચાલશે. એટલે હે નાથ! આપે ષટ્કાય જીવોના છ મૂળ ભેદ બતાવી એક એક ભેદની અપેક્ષાએ જીવોની સંખ્યા જે અક્ષય અને અનંત બતાવી છે તે જ સર્વથા સત્ય છે, જેમાં દોષનું કારણ નથી. જીવોને પરિમિત માનતાં તત્ત્વજ્ઞાનની પર્યાપ્તિએ કોઈ કાળે બધા જીવો મુક્ત થઈ જાય, અને સંસાર



શૂન્ય બને. સંસાર શૂન્ય થતાં જીવોનું પરિભ્રમણ અટકે. આ માન્યતા સર્વથા અશક્ય છે.

હવે પરસ્પર વિરુદ્ધ ધર્મોનું પ્રતિપાદન કરનારા અન્ય દર્શનીઓ એકબીજાને ઈર્ષાથી જુએ છે, જેથી સંપૂર્ણ નય સ્વરૂપ ભગવાનનો સિદ્ધાંત નિષ્પક્ષ છે તે બતાવે છે :–

अन्योऽन्य पक्षप्रतिपक्ष भावाद्
यथा परे मत्सरिणः प्रवादाः ।
नयान शेषान विशेष मिच्छन्
न पक्षपाती समयस्तथा ते ॥ ३० ॥

જે રાખતા પક્ષ વિપક્ષ ભાવો, ત્યાં દ્વેષભાવે બનતાં બનાવો
નયાશ્રિતે જ્યાં ન વિરુદ્ધ ભાવ, તે આગમે પક્ષ તણો અભાવ-૩૦

જે પ્રકારે અન્ય દર્શનોના પ્રતિપાદનમાં પક્ષ અને પ્રતિપક્ષના કારણથી એકબીજાના પક્ષનો તિરસ્કાર કરી કષાય-ભાવથી જે દુરાગ્રહ સેવવામાં આવ્યો છે તે એક બીજા વાદીઓ પ્રત્યે હંમેશાં વિવાદ અને ઈર્ષા ઉત્પન્ન કરે છે. એક પક્ષ શબ્દને નિત્ય કહે છે ત્યારે તેનો પ્રતિપક્ષી શબ્દને અનિત્ય કહે છે. આમ વિવાદની પરંપરા ચાલે છે. ત્યારે હે નાથ! આપના સંપૂર્ણ નયને સમભાવે જોવાવાળા સ્યાદ્વાદરૂપ આગ-મમાં કોઈ જાતનો પક્ષપાત નથી; કેમકે ઇષ્ટ અર્થની ઉત્તમ-તાવાળો સર્વનયગ્રાહી પ્રવાદ એ જ આપનો નિષ્પક્ષવાદ છે કે જ્યાં વ્યાપક વિના વ્યાપ્યના અભાવે પક્ષપાતનો સહજ અભાવ સૂચવે છે. અહીં ઈર્ષારૂપ વ્યાપક પક્ષની હૈયાતી જ નથી.

હવે આ પ્રકારે કોઈ પદાર્થના વિવેચનમાં ભગવાનના યથાર્થવાદી ગુણની સ્તુતિ કરી પ્રભુના વચનાતિશય ગુણનું

વર્ણન કરવામાં અસમર્થતા બતાવી ગ્રંથકાર પોતાના વક્તવ્યનો ઉપસંહાર કરે છે :

( उपजाति वृत्तम् )

वाग्वैभवं ते निखिलं विवेक्तु
माशास्महे चेद् महनीयमुख्य ।
लङ्घेम जङ्घालतया समुद्रं,
व हेमचन्द्र द्युतिपान तृष्णाम् ॥ ३१ ॥

વાણી પ્રભુની કહી શું શકાયે? જંઘા કરી શું દરિયો તરાયે?
પિવાય શું અમૃત ચંદ્રમાંથી? આશા કરું નાથ! અપૂર્ણતાથી—૩૧

હે મહાન મુખ્ય પરમાત્મા! આપના અનેક ગુણોમાંથી વાણીના વૈભવરૂપી એટલે વચનાતિશયરૂપ જે આપનો મહાન ગુણ તેનું હું શું વર્ણન કરી શકું? એ તો પગે ચાલીને મહાસાગર તરવા જેવું ગણાય. તેમજ ચંદ્રમાં રહેલા અમૃતને પીવા જેવું ગણાય. પરંતુ તે તો ખરેખર અશકય છે અને સાહસ જ છે. આ સાહસ મારા જેવા અજ્ઞ જીવો જ કરી શકે. અહીં શ્રીમદ્ હેમચંદ્ર આચાર્યદેવ પોતાની લઘુતા બતાવે છે.

હવે અન્ય મતવાદીઓના ઉપદેશથી વ્યામોહરૂપ અંધકારમાં ડૂબેલાનો ઉદ્ધાર કરવા પ્રભુના વચનોનું સામર્થ્ય જાણી તેની સ્તવના કરે છે.

शिखरिणी वृत्तम्

इदं तत्त्वा तत्त्व व्यतिकर करालेऽन्धतमसे,
जगन्माया कारैरिव हतपरै र्हा विनिहितम् ।



तदुद्धर्तुं शक्तो नियतम विसंवादि वचन–
स्त्वमेवात स्त्रातस्त्वयि कृतसपर्याः कृतधियः ॥ ३२ ॥

ખરે! અજ્ઞાનીઓ જગતભરને ત્યાં ઘસડતા,
ભર્યા અંધારામાં કુમતિરૂપ ધર્મે વળગવા
વિભો! તારી વાણી પતિતજન ઉદ્ધારક ખરે;
વિસંવાદે મુક્તા વિબુધવર જેની સ્તુતિ કરે.

ખરેખર ઈન્દ્રજાળીઓ સમાન પરતીર્થવાદીઓએ કુતર્કપણું યુક્તિઓથી પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થતાં આ જગતને તત્ત્વ–અત્ત્વના અજ્ઞાનથી ભયાનક મિથ્યાત્વ મોહનીયરૂપ ગાઢ અંધકારમાં નાંખી દીધું છે. આ કુમતિરૂપ સમુદ્રમાં ગોથાં ખાતાં પરતીર્થવાદીઓનો ઉદ્ધાર કરવા માટે હે નાથ! આપ જ સમર્થ છો, એટલે કે પરમ પવિત્ર, વિસંવાદ રહિત અને કષ, છેદ ને તાપ–એ ત્રણે પરીક્ષાથી વિશુદ્ધ થયેલી આપની વાણી જ તારી શકે છે, કે જે વાણીમાં વિરોધનો અભાવ છે અને સર્વ નય પ્રમાણયુક્ત છે, જેથી વિદ્વાન લોકો એકાંત દેવોની નહિ પરંતુ સંપૂર્ણ એકાન્તવાદનો સમન્વય કરવાવાળા આપના અનેકાન્તવાદની જ સ્તુતિ કરે છે.

ઈતિ શુભમ્

પ્રથમભાગ સમાપ્ત

શ્રી

# સ્યાદ્‌વાદ-મંજરી

અથવા

## શ્રી મહાવીર જિનેશ્વરની સ્તુતિ

ભાગ–૨ જો

અયોગ વ્યવચ્છેદિકા

સંસ્કૃત કર્તા

કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર આચાર્ય

ગુજરાતી ગદ્ય-પદ્યાત્મક અનુવાદક

શ્રી મગનલાલ મોતીચંદ શાહ

ગ્રંથકાર પ્રારંભમાં શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ કરે છે :–

(उपजाति वृत्तम्)

अगम्यमध्यात्म विदामवाच्यं,
वचस्विनाम क्षवतां परोक्षम् ।
श्री वर्धमानाभिधमात्म रूप–
महं स्तुतेर्गोचर मानयामि ॥ १ ॥

અગમ્ય આધ્યાત્મ અવાચ્યપ્રજ્ઞે, ઇન્દ્રિયજ્ઞાને જ પરોક્ષ છે તે;
શ્રી વર્ધમાન પરમાત્મરૂપ, તે આજ મારી સ્તુતિનું સ્વરૂપ-૧

આ પ્રાર્થના બત્રીશીના પ્રારંભમાં શાસ્ત્રકાર શ્રી મહાવીરની સ્તુતિ કરતાં કહે છે કે શ્રી વર્ધમાન પ્રભુનું સ્વરૂપ અધ્યાત્મવાદીઓને અગમ્ય છે; શુષ્ક અધ્યાત્મવાદીઓ તેને જાણી શકતાં નથી, પરંતુ અધ્યાત્મવાદની પરાકાષ્ટાએ પહોંચેલા સાચા અધ્યાત્મવાદીઓ તે સ્વરૂપને પોતાના ક્ષયોપશમ પ્રમાણે સમજી શકે છે એવી રીતે સાધારણ પંડિતોના કથવામાં પણ આવી શકતું નથી અને ઇન્દ્રિયજ્ઞાન વાળાને તો તે પરોક્ષ જ છે; એટલે કે ઇન્દ્રિયજ્ઞાનથી તો તે સદા પર જ છે. મતલબ કે પ્રભુનું સ્વરૂપ સાધારણ કોટીના જીવોને લક્ષમાં આવી શકતું નથી. અનંત આત્મિક ગુણયુક્ત ૩૪ અતિશયવાળું પ્રભુશ્રીનું સ્વરૂપ ગણાય છે, તેવા પ્રભુની સ્તુતિ કરવાનો હું પ્રયત્ન કરૂં છું.

હવે ગ્રંથકાર પ્રભુના ગુણની સ્તવના કરવાની પોતાની અસમર્થતા બતાવી ગુણાનુરાગી બની ગુણ ગાવાનો પ્રયત્ન કરે છે :—

वंशस्थ वृत्तम्

स्तुतावशक्तिस्तव योगिनां न किं,
गुणानुरागस्तु ममापि निश्चलः
इदं विनिश्चित्य तव स्तवं वद–
न्नबालिशोऽप्येष जनोऽपराध्यति ॥ २ ॥

ન નાથ! યોગી તુજ સ્તુત્ય યોગ્ય જ્યાં,
ગુણાનુરાગે ન બનું અયોગ્ય ત્યાં;
ખરે! હવે હું પ્રભુના ગુણો સ્તવું,
બનું ભલે મૂર્ખ ને દોષી ત્યાં ઠરું-૨



હે નાથ! સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબન આ પાંચ પ્રકારની યોગની ભૂમિકાએ પહોંચેલા અને અવિદ્યા રહિત પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ ચાર યોગદષ્ટિવાળા તેમ જ ઇચ્છાયોગ, સામર્થ્યયોગ, અને શાસ્ત્રયોગ, એ ત્રણે યોગના સાધક યોગીઓ પણ જેનું યથાવિધ સ્તવન કરવાને અશક્ત છે છતાં ગુણના અનુરાગી થઈ ને તારી ભક્તિ કરવા પ્રેરાયા છે, તે પ્રમાણે હું પણ તારા ગુણ ગાવાને અશક્ત છું, છતાં ગુણોનો રાગી હોવાથી આ સ્તુતિ કરવા પ્રેરાયો છું. તેથી કદાચ અણઆવડતને લીધે મૂર્ખ બનીશ તો ભલે, પરંતુ તેથી કાંઈ અપરાધી બની જતો નથી.

હવે સ્તુતિકાર પોતે સમર્થ વિદ્વાન છે છતાં પોતાની લઘુતા બતાવે છે.

(उपजाति वृत्तम्)

क्व सिद्धसेन स्तुतयो महार्था,
अशिक्षितालापकला क्व चैषा ।
तथापि यूथाधिपतेः पथस्थः,
स्खलद्गतिस्य शिशुर्नशोच्यः ॥ ३ ॥

ક્યાં સિદ્ધસેનસ્તુતિ અર્થપૂર્ણ! ક્યાં વાણીની મુજ કલા અપૂર્ણ!
તથાપિ એ માર્ગ ગ્રહી શકાય, વિમુખ શિષ્યે ન જ શોક થાય-૩

કળિકાળ સર્વજ્ઞ ગણાતા, અભિધાનચિંતામણિ જેવો કોષ બનાવનાર, સિદ્ધહેમ જેવું વ્યાકરણ રચનાર, યોગશાસ્ત્ર અને બીજા ઘણાં પુસ્તકોના કર્ત્તા, વિદ્વાનો જેને સાડાત્રણ કોડ શ્લોકના બનાવનાર કહે છે એવા પ્રખર જ્ઞાની છતાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય

પોતાની લઘુતા બતાવી ગુરુભક્તિને શોભાવવા કહે છે કે :— પરમ અર્થપૂર્ણ એવી શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજની સ્તુતિઓ ક્યાં અને મારું અપૂર્ણ કળાવાળુ સાહિત્ય ક્યાં ! તેઓશ્રીના ન્યાયાવતાર, સંમતિતર્ક, તત્ત્વાર્થ ભાષ્ય અને બત્રીશબત્રીશીઓ પાસે મારી આ બત્રીશી શા હિસાબમાં ? તોપણ મારા ગુરુઓ જે માર્ગે ગયા છે તે માર્ગે ચાલવામાં એટલે કે હાથીઓના ટોળા પછવાડે જેમ તેના બચ્ચાં દોડે છે તેમ હું મારા ગુરુઓએ અંગીકાર કરેલા માર્ગે ચાલું છું. તેમાં કદાચ નાસીપાસ થઈશ તોપણ તેનો મને શોક નહિ થાય.

હવે જિનેશ્વર પ્રભુએ જે દોષોનો નાશ કર્યો છે તે દોષોને પરમતવાદીઓના દેવો આશ્રય આપે છે તે બતાવે છે.

(उपजाति वृत्तम्)

जिनेन्द्र ! यानेव विबाधसे स्म<br>
दुरंत दोषान् विविधैरुपायैः ।<br>
तएव चित्रं त्वदसूययेव,<br>
कृताः कृतार्थाः परतीर्थनाथैः ॥ ४ ॥

જિનેન્દ્ર ! જે કર્મ કુટિલ દોષો, સર્વે તજી આપ થયા અદોષ<br>
આશ્ચર્ય એ કે પરતીર્થદાતા, આ દોષધારી કૃતકૃત્ય થાતા. ૪

હે જિનેન્દ્ર ! વીર્ય, ધૈર્ય, શીલ, અને ક્ષમાએ કરી-દયાદમન અને ધ્યાને કરી, તેમ જ જપ, તપ, સ્વાધ્યાય અને સ્વરૂપ-રમણતાએ કરી આપે રાગ-દ્વેષરૂપ અઢાર દોષોનો ક્ષય કર્યો છે. (દિગંબર આમ્નાયાનુજબ એ ૧૮ દોષો આ પ્રમાણે છેઃ ૧ ભૂખ ૨ તરસ, ૩ ભય, ૪ દ્વેષ, ૫ રાગ, ૬ મોહ ૭ ચિંતા, ૮ જરા, ૯ રોગ ૧૦ મૃત્યુ, ૧૧ ખેદ, ૧૨ સ્વેદ, ૧૩ મદ, ૧૪ અરતિ, ૧૫ વિસ્મય, ૧૬ જન્મ, ૧૭ નિદ્રા, અને



૧૮ વિષાદ) ત્યારે એ જ દોષો પરતીર્થવાદીઓના દેવોમાં જોવામાં આવે છે, છતાં તેને અનુસરનારા-પૂજનારા પરતીર્થવાદીઓ પોતાને કૃતકૃત્ય માને છે, એ જ આશ્ચર્ય છે કે ઈર્ષા બુદ્ધિએ ચાલનારા આ પરતીર્થવાદી દેવો પોતાના ભક્તોનું શું કલ્યાણ કરવાના હશે ? તે સમજાતું નથી.

હવે પ્રભુનું યથાર્થવાદીપણું બતાવે છે :—

(उपजाति वृत्तम्)

यथास्थितं वस्तु विशन्न धीश<br>
न तादृशं कौशलमाश्रितोऽसि ।<br>
तुरंग भृंगाण्युपपाद यद्भ्यो<br>
नमः परेभ्यो नव पंडितेभ्यो ॥ ५ ॥

હે ઈશ ! ભાંખ્યું જ યથાર્થ એવું, ન અન્ય કૌશલ્ય પરાથી જેવું<br>
રે ! શૃંગ અશ્વો પર માનતાએ, નમોસ્તુ એવા નવ પંડિતોને—૫

હે પ્રભુ ! આપે એકાંત નિત્ય અને એકાંત અનિત્ય ભાવ છોડીને નિત્યાનિત્ય ભાવ સમજાવ્યો, તેમ જ વસ્તુને અનંત ધર્માત્મક ગણી તેમાં રહેલા ધર્મો એક એકની અપેક્ષાએ સમજાવ્યા તેમ જ દરેક દ્રવ્ય મૂળ સ્વભાવથી નિત્ય છે, અને પર્યાયે અનિત્ય છે એ વ્યાર્થિક અને પર્યાયાર્થિક નયથી સમજાવ્યું. આ યથાર્થવાદનું વર્ણન કરતાં પરવાદીઓ જેવા કોઈ કુશળ હયાતી ધરાવતા નહિ હોય કે જેઓ ઘોડાના શિર પર શિંગડાં ઊગ્યાનો અસંભવ દોષ વહોરી લીએ છે. આવી પંડિતાઈ દાખવનારા એ નવા પંડિતોને નમસ્કાર કરવા – બીજું શું કહેવું !

હવે પ્રભુમાં રહેલો વ્યર્થ દયાળુપણાનો અભાવ સમજાવે છેઃ

(उपजाति वृत्तम्)

जगत्यनु ध्यान बलेन शश्वत्
कृतार्थं यत्तु प्रसभंभवत्सु ।
किमाश्रितोऽन्यैः शरणंत्वदन्यः
स्वमांस दानेन वृथाकृपालुः ॥ ६ ॥

સદા કૃતાર્થી જગ જ્યાં બન્યું છે, જે આપના ધ્યાન બળે ભર્યું છે
શુ યોગ્ય? અન્યાશ્રિત ત્યાં દયાળુ, સ્વમાંસ દાને બનતા કૃપાળુ.–૬

પરમતવાદીઓ (બૌદ્ધમતવાદીઓ) ઉપર કટાક્ષ દષ્ટિએ કહેવામાં આવે છે કે હે નાથ! જગત ઉપરના અનેક ઉપકારથી કૃતાર્થ થયેલા એવા આપને મૂકીને આ પરમતવાદીઓ બીજાને કૃપાળુ શા આધારે કહેતા હશે? શું તે કૃપાને પાત્ર છે? શું તેમનામાં જગતનું શ્રેય કરવાની શક્તિ છે? જો તે ન હોય તો પછી તેમને વ્યર્થ કૃપાળુ કહેવામાં કોનું શરણુ લેતા હશે? આ કૃપાળુ દેવો તો પોતાના માંસના દાન વડે કૃપાળુ બન્યા હોય એમ લાગે છે. કેમકે જગતનું ભલું કરવા માટે તેમનામાં જે ગુણ જોઈએ તે નથી. તેઓની આ દયા તો હિંસક જંતુને પોતાના માંસનું દાન આપી પોષણ કરવા જેવી લાગે છે.

હવે અસત્‌વાદીઓનું લક્ષણ બતાવે છેઃ

( उपजाति वृत्तम् )

स्वयंकुमार्गं लपतां नु नाम,
प्रलम्भमन्यानपिलम्भयन्ति ।



सुमार्गगं तद्विदमा दिशन्त–
मसूययान्धा अवमन्वतेच ॥ ७ ॥

દેતા કુમાર્ગે ઉપદેશ જેઓ, વાળે કુમાર્ગે જનને જ તેઓ;
સુમાર્ગગામી વળી તે જ જ્ઞાતા, ઈર્ષાન્ધથી એ અપમાની થાતાં.

હે નાથ! એ જ ખેદનો વિષય છે કે ઈર્ષાથી અંધ થયેલા અસત્‌વાદીઓ કે જેઓ "अर्थ क्रिया कारित्व" આ સત્‌નું લક્ષણ નહિ માનનારા તેમ જ "उत्पाद व्यय ध्रौव्यंसत्" એ સિદ્ધાંતને નહિ સ્વીકારનારા એટલે કે કોઈ સત્ પદાર્થને કેવળ (સર્વથા) ધ્રુવ માનનારા, કોઈ નિરન્વય ક્ષણિક માનનારા, કોઈ સત્ તત્ત્વોને કુટસ્થ નિત્ય અને ઘટ-પટ વસ્ત્રાદિને અનિત્ય માનનારા આમ જુદી જુદી ભેદદષ્ટિવાળા અસત્‌વાદીઓ કુમાર્ગનો ઉપદેશ આપે છે, અને બીજાઓને કુમાર્ગે લઈ જાય છે, તેમજ સુમાર્ગના જ્ઞાતા તથા તેના સાચા ઉપદેશકોનું અપમાન કરે છે. આ અસત્‌વાદીઓનું કાર્ય ખરેખર દુઃખકર્તા છે.

હવે જિન ભગવાનના શાસનનું અજેયપણું બતાવે છેઃ

प्रादेशिकेभ्यः परशासनेभ्यः
पराजयो यत्तव शासनस्य ।
ख द्योतपोत द्युतिडम्बरेभ्यो,
विडम्बनेयं हरिमण्डलस्य ॥ ८ ॥

પરાર્થવાદી નય એક ગ્રાહી, તેથી શું હારે? જિન ન્યાયવાદી!
તારા પ્રકાશે ગગને ભલે જ્યાં, શું સૂર્યમાળા ભયમાં કદી ત્યાં!–૮

હે પ્રભુ! વસ્તુના અંશ માત્રને કે એક ધર્મ-નયને ગ્રહણ

કરવાવાળા અન્યદર્શનીઓ આપનો પરાજય કરવાની ઈચ્છા રાખે છે તે તો માત્ર એક તારાના પ્રકાશથી સૂર્યમંડળનો પરાજય કરવાની ધૃષ્ટતા સેવે છે. વસ્તુના એક અંશને ગ્રહણ કરવાવાળા વાદીઓ આપના સામર્થ્ય આગળ એક તાપોડિયાના પ્રકાશ જેવા (આગિયા) છે. આ એકઅંશી માનસવાળા વાદીઓ દ્રવ્યમાં રહેલું સત્‌પણું એ એક અખંડ સત્તા છે એવું માનતા નથી. દ્રવ્યમાં રહેલી સત્તા એ એનું સમુચ્ચય લક્ષણ છે, ને તે સર્વાંશે હાજર હોય છે, જેમાં એક દેશે પણ લક્ષણની ગેરહાજરી ન હોય એટલે ઉત્પાદ, વ્યય, ધ્રુવતા પ્રત્યેક સત્ પદાર્થમાં સર્વકાળે અને પ્રત્યેક સમયે હાજર હોવાથી તે હોવાપણું કે સત્તા એક જ છે. એના વિભાગ ન હોવાથી તે અખંડ છે તેમજ અબાધિત છે. આવા સૂર્યસમ પ્રકાશતા જ્ઞાન આગળ આ અજ્ઞાનવાદીઓ એક ક્ષણ પણ ટકી શકે ખરા કે?

હવે ભગવાનના પવિત્ર શાસનમાં સંદેહ કે વિવાદને સ્થાન નથી તે સમજાવે છે.

**शरण्य पुण्ये तव शासनेऽपि**
**संदेग्धि यो विप्रतिपद्यतेवा ।**
**स्वादौसतथ्ये स्वहिते च पथ्ये**
**संदेग्धि वा विप्रतिपद्यते वा ॥ ९ ॥**

હે નાથ! તારા શુભ શાસને જ્યાં, વિવાદ સંદેહ કદી નથી ત્યાં
સ્વાદિષ્ટ જ્યાં ભોજન હોય પથ્ય, ત્યાં વાદ સંદેહ ન હોય કથ્ય–૯

હે શરણાગતને આશ્રય આપનાર પ્રભુ! જે લોક આપના પવિત્ર શાસનમાં સંદેહ કે વિવાદ કરે છે, તે લોક સ્વાદિષ્ટ,



ગુણકારી અને આરોગ્યવર્ધક ખોરાકમાં સંદેહ કે ખોટો ભ્રમ રાખતા હોય તેના જેવું છે; કેમકે આપે પીરસેલું ભોજન એટલે આપેલો ઉપદેશ સર્વનયગ્રાહી હોવાથી અમૃત સમાન છે. જે જીવો શ્રદ્ધાથી આ ઉપદેશને ગ્રહણ કરે છે તે સંસારને તરે છે. આ તારક ભાવથી ભરેલો ઉપદેશ એટલો નિર્મળ છે કે તેમાં સંદેહ કે વિવાદને સ્થાન નથી. પ્રભો! આ ઉપદેશમાં આત્માના સહભાવી ધર્મો–ગુણો જેવા કે જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, આઠ પ્રદેશની નિશ્ચલતા, અમૂર્તત્વ, અસંખ્ય પ્રદેશપણું, જીવપણું વગેરે સમાએલા છે. તેમ જ અવ્યાપ્તિ, અને અતિવ્યાપ્તિના દોષ રહિત છે જેથી આ શાસન આત્માભિમુખ લઈ જનારું શાસન છે કે જેમાં કોઈ પ્રકારનો સંદેહ નથી.

હવે અન્ય આગમોની અપ્રમાણિકતા બતાવે છે.

**हिंसा द्यसत्कर्म पथोपदेशा–**
**दसर्व विन्मूलतया प्रवृत्तेः ।**
**नृशंसदुर्बुद्धि परिग्रहाच्च,**
**ब्रूमस्त्वदन्या गममप्रमाणम् ॥ १० ॥**

રે નાથ! હિંસા કરણોપદેશ, જે પાપ ભાવે કરતાં અશેષ;
પ્રવૃત્તિ એવા જનની અસત્ય, ખરે જ તે આગમ છે અસત્ય–૧૦

હે પ્રભુ! આપના આગમથી વિરુદ્ધ એટલે "**प्रमत्त योगात् प्राण व्यपरोपणं हिंसा**" પ્રમત્તયોગ–પ્રમાદ ને કષાય યોગે કરી દ્રવ્ય કે ભાવરૂપ પ્રાણોનું હરવું તે હિંસા. આ ન્યાયને નહીં અનુસરનારા પરવાદીઓના આગમોમાં હિંસા આદિ અસત્ કર્મોનો ઉપદેશ આપવામાં આવ્યો છે, તે

આગમો અસર્વજ્ઞો તરફથી કહેવાયેલા છે જેને નિર્દય અને દુર્બુદ્ધિવાળા માણસોએ સ્વીકારેલા છે. તે આગમોને અમે પ્રમાણરૂપ માનતા નથી; કેમકે જે શાસ્ત્રો યજ્ઞાદિમાં પશુઓને હોમી પુણ્ય મનાવે છે, તે શાસ્ત્રો કહેવાય જ નહિ. આ માન્યતા વિવેકશૂન્ય છે; પ્રાણીઓના વધથી પુણ્ય માનવું એ મૂઢપણાની પરાકાષ્ટા છે. પ્રાણીનો વધ કરનાર માણસ પ્રાણીને થતું દુઃખ નજરે જુએ છે. તેવું જ દુઃખ પોતાના વધથી થાય તે પણ જાણે છે. છતાં ખોટા શાસ્ત્રોના આધારે પ્રાણીને સ્વર્ગમાં મોકલવાની વાતો કરવી એ પાપીઓના ઉપદેશને શરમાવે છે, જેથી અમે તેને પ્રમાણ માનતા નથી.

હવે પ્રભુના આગમની પ્રમાણિકતા ન્યાયપુરઃસર બતાવે છે.

(उपजाति वृत्तम्)

हितोपदेशात्सकलज्ञक्लृप्ते –
र्मुमुक्षुसत्साधु परिग्रहाच्च ।
पूर्वापरार्थेष्व विरोध सिद्धे–
स्त्वदागमा एव सतां प्रमाणम् ॥ ११ ॥

સર્વજ્ઞ શિક્ષા અતિ શ્રેયકારી, મુમુક્ષુ સાધુ સહુ સેવ્યકારી,
સર્વાર્થમાં જ્યાં ન વિરોધ આવે, પ્રમાણ આ આગમ સાધુ ધ્યાવે–૧૧

હે પ્રભુ! આપે કહેલાં આગમો સમગ્ર પ્રાણીના હિતનો ઉપદેશ કરે છે, જે સર્વજ્ઞ કથિત હોવાથી તે કષ, છેદ અને તાપથી વિશુદ્ધિ પામેલ છે, એટલે કે તેનું પ્રતિપાદન “ सर्व-नयात्मक प्रमाणं ” સર્વનયની આપેક્ષાએ પ્રમાણરૂપ છે, જેથી તેના અર્થો અને ભાવોમાં વિરોધનો અભાવ છે. કેમકે તેમાં જ્ઞાનમાં જ્ઞેયનો સાચો નિર્ણય બતાવવામાં આવ્યો છે. વળી તેનાથી સ્વ એટલે આત્મા અને પર એટલે આત્માથી ભિન્ન બીજા અર્થો (પદાર્થો) સ્પષ્ટ સમજાવવામાં આવ્યા છે. ધર્મ અને ધર્મનો અભેદભાવ આ આગમમાં સમજાવવામાં આવ્યો છે. આ કારણથી હે નાથ! આપના આગમો કે શાસ્ત્રોનું સાધુ પુરુષો દ્વારા હંમેશાં સેવન થાય છે, કે જે સંસાર-સમુદ્ર તરવાનું કારણ બને છે.



હવે પ્રભુના યથાર્થવાદ ગુણની મહત્તા બતાવે છે :–

(वंशस्थ वृत्तम्)

क्षिप्येत वान्यैः सदृशी क्रियेतवा,
तवाङ्घ्रिपीठे लुठनं सुरेशितुः
इदं यथावस्थित वस्तुदेशनं,
परैः कथं कारमया करिष्यते ॥ १२ ॥

ભલે ન માને પરવાદી આપમાં, નમે સુરેન્દ્રો તુજ પીઠપાદમાં;
ગણે પરાથી જ સ્વદેવ સામ્યને, શકે ન લોપી પ્રભુના સુબોધને–૧૨

હે પરમાત્મા! જેને આપના અતિશયનું જ્ઞાન નથી, જેઓ આપના કૈવલ્ય જ્ઞાનની શક્તિ માપી શક્તા નથી તેમજ આપના પ્રમાણ અને ન્યાયને યથાર્થ જાણી શક્તા નથી એવા પરમતવાદીઓ કદાચ આપના ચરણકમળમાં ઈન્દ્રાદિ દેવો નમન, ભક્તિ અને ઉપાસના કરતા હોય એવું ન માને, અથવા પોતાના ઈષ્ટદેવને ઈન્દ્ર નમતા હોય એવી કલ્પના કરી આપની બરાબર જાણે, પરંતુ તે લોક આપના યથાર્થ પ્રતિપાદન ગુણને કોઈ પણ વખતે લોપી શકે નહિ. કારણ કે “ यथावस्थित वस्तु तत्त्व प्रख्यापनाख्यं त्वदीयं गुणं यथार्थवाद्रं ” અર્થાત્

યથાર્થવાદના એક ગુણના વર્ણનમાં અન્ય મતોના દેવતાઓથી ભગવાનની વિશિષ્ટતા સિદ્ધ થાય છે. આ ગુણમાં વચનાતિશય-નો પ્રભાવ છે, તે પ્રભાવ બીજા દેવોમાં નથી.

હવે ભગવાનના શાસનની ઉપેક્ષાનું કારણ બતાવે છે:-

(उपजाति वृत्तम्)

तद् दु:षमाकाल खलायितं वा,
पचेलिमं कर्म भवानुकूलम् ।
उपेक्षते यत्तव शासनार्थ-
मयंजनो विप्रति पद्यते वा ॥ १३ ॥

સત્ શાસ્ત્રની જે કરતા ઉપેક્ષા, વિવાદ ભાવે કરતા પરીક્ષા;
આ કાળ માહાત્મ્ય જ જાણવું જ્યાં, માનો જ કર્મોદય વર્તતો ત્યાં-૧૩

હે નાથ! જે લોક આપના શાસનની ઉપેક્ષા કરે છે અથવા તેમાં વિવાદ કરે છે, એટલે કે આત્મા શરીરથી ભિન્ન છે એવું માનતા નથી અને એવું બહાનું રજૂ કરે છે કે, આત્મા શરીરથી ભિન્ન હોય તો તે શરીરમાં પેસતો કે નીકળતો જણાતો નથી. વળી તેઓ કહે છે કે જ્ઞાનને તમે નિત્ય માનો છો પણ વૃદ્ધાવસ્થામાં કે ગાંડપણમાં જ્ઞાન રહેતું નથી; જેથી જ્ઞાનને નિત્ય કહી શકાય નહિ. આવા ખોટા પ્રલાપો આગળ ધરી ઊલટું પ્રતિપાદન કરી વિવાદ કરવા તૈયાર થાય છે. તે ખરેખર આ લોક પંચમકાળના કારણે જ એમ કરતા હશે કે અશુભ કર્મના ઉદયથી જ કરતાં હશે, એ નક્કી વાત છે.

હવે કેવળ તપથી જ મોક્ષ મળી શક્તો નથી તે બતાવે છે:—



(उपजाति वृत्तम्)

परः सहस्राः शरदस्तपांसि,
युगान्तरं योगमुपासतां वा ।
तथापि ते मार्गमनापतन्तो,
नमोक्ष्यमाणा अपियान्ति मोक्षम् ॥ १४ ॥

સહસ્ર વર્ષો તપ જે તપે છે, યુગો સુધી યોગ વહ્યા કરે છે;
સદ્ધર્મ આલંબન રે! નથી જ્યાં, વિશુદ્ધ મુક્તિ ન મળે કદી ત્યાં-૧૪

હે પ્રભુ! ભલે અન્યવાદી લોકો બાહ્ય અને અભ્યંતર તપના ભેદ જાણ્યા સિવાય સમ્યક્ શ્રદ્ધા વિના એકાંત શરીરના દમન અર્થે તેમજ બીજી ઐહિક સુખ-સામગ્રીની પ્રાપ્તિ માટે હજારો વર્ષ સુધી તપનું કષ્ટ વેઠે અને યુગો સુધી એટલે જૈન દર્શન મુજબ ૧૦ કોડાકોડી સાગરોપમ કે તેથી અધિક કાળ સુધી તેમજ અન્ય દર્શન મુજબ ૪ યુગો જેટલો કાળ ગણીએ તો ૪૩ લાખ ૨૦ હજાર વર્ષ થાય - આટલો લાંબો કાળ યોગની ઉપાસના કરીએ તોપણ આપના માર્ગના સમ્યગ્ આલંબન વિના એટલે કે "आलंबनं च मे आया अवसेसं चवोसिरे" આલંબન એ જ મારા આત્માના ગુણો છે - બીજું ત્યાજ્ય છે, એ ભાવ પ્રગટ્યા વિના કાય કષ્ટરૂપ તપથી કે યોગથી જીવ મોક્ષની પ્રાપ્તિ કરી શક્તો નથી.

હવે પરવાદીઓના ઉપદેશથી પ્રભુના માર્ગમાં કોઈ પણ જાતનો બાધ આવતો નથી તે સમજાવે છે.

( उपजाति वृत्तम् )

अनाप्त जाड्यादि विनिर्मितित्व,
संभावना संभवि विप्रलम्भाः ।

परोपदेशाः परमाप्तक्लृप्त –
पथोपदेशे किमु संरभन्ते ॥ १५ ॥

અનાપ્તવાદી જડબુદ્ધિએ જ્યાં, શાસ્ત્રો રચીને ઉપદેશ દે ત્યાં;
આદેશ શું ? આ ફળ પ્રાપ્તિ પામે ? સર્વજ્ઞના સત્પ્રતિપાદ્ય સામે–૧૫

હે દેવાધિદેવ ! જેને આત્મગુણુની પ્રાપ્તિ થઈ નથી એવા અન્ય મતના કહેવાતા સર્વજ્ઞો કે જેઓ જડબુદ્ધિએ યજ્ઞયાગાદિથી સ્વર્ગની પ્રાપ્તિ માનનારા, શબ્દને નિત્ય માનનારા, જ્ઞાનને અનિત્ય માનનારા, ઈશ્વરને સૃષ્ટિનો કર્ત્તા માનવાવાળા, પ્રમાણુ અને અપ્રમાણુને સ્વતઃ સિદ્ધ માનવાવાળા, આત્માને સ્વસંવેદક નહિ માનવાવાળા, શરીરના રૂપનો આત્યંતિક નાશ માનવાવાળા, અદ્વૈત સિદ્ધાંતને અનુસરનારા, પુણ્યપાપ આદિ પરોક્ષ વસ્તુને નહિ સ્વીકારનારા, એકાંત ભવિતવ્યતાવાળા એકાંત ક્રિયા–અક્રિયાવાદીના મંદબુદ્ધિએ રચાએલાં શાસ્ત્રોનો ઉપદેશ શું આપના એટલે પરમ આપ્ત દ્વારા પ્રતિપાદિત ઉપદેશને કાંઈ પણ બાધ કરી શકે ખરો ? નહીં જ.

હવે ભગવાનના શાસનની નિરુપદ્રવતા બતાવે છે.

यदार्जवादुक्तमयुक्तमन्यै –
स्तदन्यथा कारमकारि शिष्यैः ।
न विप्लवोऽयं तवशासनेऽभू –
दहो अधृष्या तव शासनश्रीः ॥ १६ ॥

અયુક્ત જે અન્યમતે કહ્યું જ્યાં, શિષ્યો પ્રરૂપે ઊલટું વળી ત્યાં
આ વિપ્લવો જૈનમતે ન થાતાં, તેથી જ તારા વિજયો ગણાતા–૧૬

હે પરમાત્મા ! આશ્ચર્ય એ છે કે અન્યમતવાદીઓના



ગુરુએ એ શાસ્ત્રાર્થમાં કાંઈક સરલ ભાવથી અયુક્ત હેતુ અને હેત્વાભાસનું પ્રતિપાદન કર્યું અને જ્ઞાન તેમજ પદાર્થ અભિન્ન માન્યા, તેમજ પદાર્થને જ્ઞાનનું કારણુ માન્યું. એટલે જ્યાં જ્યાં પદાર્થ છે ત્યાં ત્યાં જ્ઞાન છે તેમ જ જ્યાં જ્યાં પદાર્થ નથી ત્યાં ત્યાં જ્ઞાન નથી. આમ અન્વય અને વ્યતિરેક વ્યાપ્તિ ઠરાવી, પરંતુ મૃગજળમાં પદાર્થ વિના પાણીનું જ્ઞાન થાય છે એટલે એ વ્યાપ્તિ એમની ખોટી ઠરે છે. આવા ખોટા હેતુઓને આગળ કરી તેમના શિષ્યોએ વિરુદ્ધ પ્રતિપાદન કરી અર્થનો અનર્થ વધારી દીધો. પરંતુ હે પ્રભુ ! આપના શાસનમાં આ પ્રકારનો વિપ્લવ થઈ શક્યો નથી, કેમકે આપનો પ્રમાણુભૂત હેતુ કે જે સર્વ દૃષ્ટિએ સુસંગત થાય છે, એ જ આપના ધર્મનો વિજય છે, કે જે વિજયની પરંપરા આજે પણ અબાધિત ચાલી રહી છે.

હવે પરવાદીઓના દેવોની માન્યતામાં આવતો પરસ્પર વિરોધ બતાવે છે.

देहाद्ययोगेन सदाशिवत्वं
शरीर योगादुपदेश कर्म ।
परस्पर स्तर्धिकथं घटेत
परोपक्लृप्तेष्वधिदैवतेषु ॥ १७ ॥

છે દેહ વિના પરમાત્મરૂપે, શરીરધારી ઉપદેશ દે તે;
ગુણો વિરોધી ઘટતા હશે કે ? કુવાદિ દેવો ધરતા હશે કે ?–૧૭

હે પ્રભુ ! પરવાદીઓ ઈશ્વર સ્વરૂપને સાકાર અને નિરાકાર એમ બે સ્વરૂપે માને છે. એક રીતે ઈશ્વરનું સ્વરૂપ દેહ રહિત સત્ ચિદ્ અને આનંદ સ્વરૂપ છે, એમ માને છે. મતલબ કે " गुण विशिष्टमात्मान्तरमीश्वरः " એટલે કે ગુણ

વિશેષથી યુક્ત એક પ્રકારનો આત્મા જ ઈશ્વર છે. બીજી રીતે એમ માનવામાં આવે છે કે ઈશ્વર દેહને પ્રાપ્ત કરી, એટલે જન્મ ધારણ કરી મનુષ્યને ઉપદેશ આપે છે. આ પ્રકારે પરસ્પર વિરોધી માન્યતા એક સાથે કેમ રહી શકે? એક જ વસ્તુમાં બે વિરુદ્ધ ગુણો એક સાથે ઘટાવવામાં આવે તો અનવસ્થા દોષ લાગુ પડે. તેમ જ નિરાકાર આત્મવિશેષરૂપ ઈશ્વરમાં વિકાર કેવી રીતે આવી શકે? કે જેને ધર્મ ધારણ કરવો પડે; આમ કુમતવાદીઓના ઈશ્વરપણાની માન્યતા દોષવાળી છે.

હવે મોહનો અભાવ થવાથી પ્રભુ અવતાર ધારણ કરતા નથી તે બતાવે છે.

> प्रागेव देवांतर संश्रितानि,
> रागादि रूपाण्यवमांतराणि ।
> न मोह जन्यां करुणामपीश,
> समाधिमास्थाययुगाश्रितोऽसि ॥ १८ ॥

રાગાદિ રૂપે અવતાર ગાવા, લે આશ્રયો દેવપણે મનાવા;
સમાધિ શૂરાવશ મોહથી શું? યુગાન્તરે જન્મ ધરે કદી શું?

હે પ્રભુ! આ પરવાદીઓની માન્યતાવાળા દેવોએ પ્રારંભમાં જ રાગદ્વેષ આદિ વૃત્તિઓનો આશ્રય લીધો છે; અને જગત દેવ તરીકે પૂજે એવા પ્રયત્નો કરી મોહનીય કર્મ બાંધ્યું છે. વળી "**संभावामि युगे युगे वा युगान्तरे**" એમ કહી ભોળા ભક્તોમાં ભક્તિનું આરોપણ કર્યું છે, પરંતુ આપે તો મોહનો ક્ષય કરી, રાગ-દ્વેષરૂપ વિભાવોને તજી સ્વભાવ દશા સમાધિસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. એટલે યુગે યુગે કે યુગાન્તરે આપને



હવે જન્મ લેવાનો હોય ખરો કે? અર્થાત્ આપે જન્મ લેવાનો ન જ હોય. જન્મ લેવાનો તો વિભાવ પરિણામી જીવોને જ હોય; સ્વભાવ પરિણામી મુક્તાત્માઓ મુક્તભાવ પામ્યા પછી જન્મ પામે, એ માન્યતાથી મુક્તભાવનું શાશ્વતપણું રહેતું નથી. તેમ જ જે ઐશ્વર્યથી ઈશ્વરપણું પ્રાપ્ત થાય, તે ઐશ્વર્યની કિંમત પણ રહેતી નથી. વળી જીવે પ્રાપ્ત કરેલું મુક્તિરૂપી ધન પણ ચોરાઈ જાય છે, જે સદાય અસંભવિત જ છે.

હવે પ્રભુએ સંસાર-ક્ષય માટે આપેલા ઉપદેશનું સ્વરૂપ સમજાવે છે:-

> जगन्ति भिन्दन्तु सृजन्तु वा पुन-
> -र्यथा तथा वा पतयः प्रवादिनाम् ।
> त्वदेकनिष्ठे भगवन् भवक्षय-
> क्षमोपदेशे तु परं तपस्विनः ॥ १९ ॥

સૃજે પ્રભુ નાશ કરે ફરી ફરી, કુવાદિ માને જગને ભલે અહીં
ન તુલ્ય તારી ભવનાશ કારણે, પરોપદેશે પરદેવ ના બને-૧૯

હે પ્રભુ! અન્યમતવાદીઓ એવું માને છે કે ઈશ્વર આ જગતને બનાવે છે, અને તેનો પ્રલય પણ કરે છે; આમ ફરીફરીને આ કાર્ય થયા કરે છે એવી તેમની માન્યતા છે. તેને માટે એવા પ્રમાણો રજૂ કરે છે કે "**एकोहं बहुस्याम प्रजायेमि**" હું બહુરૂપ ધારણ કરીને જગતને ઉત્પન્ન કરું છું. એટલે કે તેની સ્થિતિ અને પ્રલયનું કારણ પણ હું જ છું, એમ તેમના ઈશ્વર કહે છે. વળી "**देवाप्तोऽयं लोकः**" આ જગત દેવોથી નિપજાવેલું છે, આમ કહી ઈશ્વરને સૃષ્ટિના કર્તા અને સંહારતા માને છે. આ માન્યતાથી થતા દોષોનો તેઓ

વિચાર કરતા નથી. તેઓની આવી ભ્રમણાત્મક માન્યતા ગમે તેવી હોય; પરંતુ હે નાથ ! કર્મનો ક્ષય કરી ભવસાગર તરવાનો આપે આપેલો ઉપદેશ એટલો નિર્મળ છે કે તેની બરોબર બીજા કોઈ દેવ કે ધર્મ આવી શકે નહિ.

હવે જિન-મુદ્રાની સર્વોત્કૃષ્ટતા બતાવે છે.

(उपजाति वृत्तम्)

वपुश्च पर्यंकशयं श्लथं च,
दृशौ च नासा नियते स्थिरे च ।
नशिक्षितेयं परतीर्थनाथै-
र्जिनेन्द्र मुद्रापि तवान्यदास्ताम् ।। २० ।।

પદ્માસને દેહ શિથિલ લાગે, દૃષ્ટિ પ્રભુની સ્થિર નાસિકાગ્રે;
ભલે ન લેતા ગુણ અન્યવાદી, જિનેન્દ્ર-મુદ્રા ન અરે ! ધરાતી-૨૦

હે જિનેન્દ્ર ! પરતીર્થિકો સંસારસમુદ્રને તારવાવાળા આપના અનેક ગુણોમાંથી કોઈ એક ગુણને ગ્રહણ કરી શકયા નથી, તેનો શોક થતો નથી, પરંતુ પદ્માસને કાયોત્સર્ગમાં રહેલી આપની ધ્યાનારૂઢ મુદ્રા એટલે કે સંસારની સ્થિતિને ભેદવાવાળાં શ્રુતવાકયો જે મુખમાંથી નીકળે છે તે મુખમુદ્રા અને રાગાદિ દોષો નષ્ટ થવાથી પ્રગટેલી સ્વયંચેતના પર્યાપ્તિવાળું આપનું અનુપમ રૂપ કે જેમાં ત્રણે જગતના દુઃખ હરનારી સર્વ દૈવી આત્મિક સમૃદ્ધિઓ સર્વાંશે વિકાસને પામેલી છે, જે અત્યંત નિર્મળ ભાવે શોભી રહી છે, વળી નાસિકાના અગ્રભાગનાં જ રહેલી દૃષ્ટિવાળી આ મુખમુદ્રા કે જેને જ્ઞાનીઓ " श्रुत वाक्य मुद्रा " એટલે વચનાતિશયના પરમ શ્રેષ્ઠ ગુણથી ભરેલી કહે છે, તે મુદ્રાને આ પરતીર્થિકો જાણી શકયા નથી.



એટલે કે તેનું માહાત્મ્ય આ લોકોને સમજાયું નથી, એ જ આજે શોકનું કારણ છે. પ્રભો ! પુણ્યવાન આત્માઓ જ આપના નૈસર્ગિક સ્વરૂપને જાણી શકે છે કે જ્યાં " गुणाधिकेषुगुण पक्षपाती " ગુણનો જ પક્ષપાત છે, નિર્ગુણીને તેથી શું ?

હવે પ્રભુના શાસનની મહત્તા બતાવે છે :-

(उपजाति वृत्तम्)

यदीव सम्यक्त्व बलात् प्रतीमो,
भवादृशानां परम स्वभावम् ।
कुवासना पाश विनाशनाय,
नमोऽस्तु तस्मै तव शासनाय ।।

ઉપજાતિ છંદ

જ્યાં જીવ સમ્યક્ બળને વધારે, સ્વભાવભાવે સ્થિરતા કરાવે;
કુવાસના બંધન છેદકારી, જિનેન્દ્રનું શાસન વંદ્ય ભારી-૨૧

હે પ્રભુ ! શાસનની આરાધનાએ જીવો સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી આપના જેવા અનંત જ્ઞાનના અધિષ્ઠાતા તીર્થપતિઓના શુદ્ધ સ્વરૂપના દર્શન કરી શકે છે, અને કુવાસનારૂપ બંધનનો નાશ કરી આત્મિક શાન્તિ આપે છે; એવું આપનું શાસન તેને કોટીશઃ વંદન હો, કારણ કે આ શાસનમાં વાસનાક્ષયની સાચી વિધિ બનાવવામાં આવી છે; આત્માને વિભાવ દશામાં રાખનાર તે વાસના જેમ " धूमेना व्रियते वह्नि " ધુમાડા વડે અગ્નિ ઢંકાય છે તેમ વાસનાથી પ્રાપ્ત થતા દુર્ગુણો-ક્રોધ, માન, માયા, અને લોભે આત્માના ગુણોને ઢાંકી દીધા છે, તે ગુણોને પ્રગટ કરવા માટે આ શાસનમાં અણુવ્રતો અને મહા-

વ્રતોની આરાધના બતાવવામાં આવી છે, તેમજ બંધ અને મોક્ષના સ્વરૂપનો યથાતથ્ય ખ્યાલ આપવામાં આવ્યો છે, તેની સાથે સમ્યક્‌ત્વની વૃદ્ધિ અને જીવની ઉપશમ અને ક્ષપક શ્રેણી બતાવી છે; વળી આ મહામાર્ગને અનુસરવા માટે પ્રવ-જ્યા વિધાન, અનુયોગ અનુજ્ઞા, અભ્યુદ્યત વિહારના ભાવો સમજાવવામાં આવ્યા છે, તેમજ ક્લિષ્ટ કર્મના ક્ષય માટે સ્થવિરકલ્પી અને જિનકલ્પીના આચારો બતાવી પ્રભુના શાસને ભારે ઉપકાર કર્યો છે, જેથી આ શાસન ખરેખર વંદન કરવા યોગ્ય છે.

હવે પ્રકાર ભેદે કરીને પ્રભુના યથાર્થવાદગુણની પ્રશંસા કરે છે.

( उपजाति वृत्तम् )

अपक्षपातेन परीक्षमाणा,<br>
द्वयं द्वयस्या प्रतिमं प्रतीमः ।<br>
यथास्थितार्थं प्रथनं तवै त-<br>
दस्थान निर्बंधरसं परेषां ॥ २२ ॥

ઉપજાતિ છંદ

નિષ્પક્ષપાતે કરતાં પરીક્ષા, બે શક્તિની ખાસ થતી સમીક્ષા;<br>
યથાર્થવાદી પ્રતિપાદનો જ્યાં, વળી વિવાદી રસ બંધનો ત્યાં–૨૨

હે પ્રભુ ! છદ્મસ્થ જીવ અતીન્દ્રિયજ્ઞાનના અગોચર ગુણને જાણી ન શકે, છતાં વિવેક ભાવે પોતાના ક્ષયોપશમ પ્રમાણે વિચારી શકે; એ ન્યાયે નિષ્પક્ષપાતથી જોતાં આપના બે મહાન ગુણો પ્રથમ જ પ્રત્યક્ષ થાય છે. એક તો આપનું નિષ્પક્ષ યથાર્થ-વાદરૂપે વસ્તુનું પ્રતિપાદન અને બીજું અન્યવાદીઓએ મૂર્છિત ભાવે પોતપોતાના મતનું કરેલું એકાંત સમર્થન કે જે આપે અનેક પ્રમાણોથી આવતા વિરોધો બતાવી ન્યાયથી અસંગત સિદ્ધ કરી બતાવ્યું છે; તે બે ગુણોની આજે નિરૂપમ પ્રતીતિ થઈ રહી છે. પ્રભો ! જુદાજુદા મતવાદીઓ પોતાનું પ્રતિપાદન જુદીજુદી દૃષ્ટિએ કરે છે અને તેમાં કદાગ્રહ સેવે છે. કોઈ કહે છે કે "**ब्रह्म सत्यं जगन्मिथ्या**" ( બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા–ભ્રમ ) કોઈ કહે છે કે પ્રત્યક્ષ અને અનુમાન આ બે જ પ્રમાણ સત્ય છે, કોઈ કહે છે કે આત્મા નથી, પણ જ્ઞાનનો જ આભાસ પ્રત્યક્ષ થાય છે, કોઈ કહે છે કે દેહ અને જીવ જુદા નથી. આવી માન્યતા ધરાવતાં દર્શનોને આપે અનેકાન્ત-વાદથી–યથાર્થવાદથી બતાવી આપ્યું છે કે "**गुण पर्यायात्मकं द्रव्यं**" પદાર્થમાત્ર પર્યાયભાવ પામે છે અને તેમાં "**तद्भाव अव्ययं नित्य**" પદાર્થના સ્વરૂપનો નાશ થતો નથી. આવું પદાર્થનું લક્ષણ બતાવી તેમાં અનંતા ગુણો અને તેના અંશો બતાવ્યા. લોકની મહત્તા અને જીવોની ગુરુતા–લઘુતા, બતાવી યથાર્થવાદની મહત્તા અને સત્યતા જગતને બતાવી મહાન ઉપકાર કર્યો છે.

હવે સૂત્રકાર અજ્ઞાનીઓને પ્રતિબોધ કરવાનું અસમર્થ-પણું બતાવે છે.

(उपजाति वृत्तम्)

अनाद्यविद्योपनिषन्निषण्णै–<br>
र्विशृंखलैश्चापलमाचरद्भिः<br>
अमूढलक्ष्योऽपि पराक्रिये,<br>
यस्त्वकिंकरः किंकरवाणि देव ! ॥ २३ ॥

અનાદ્ય વિદ્યા મતમાં પડેલા, સ્વચ્છંદચારી મનથી ચળેલા;
જે ગૂઢ તત્ત્વે વળતાં નથી જ્યાં, હે દેવ ! આ કિંકર શું કરે ત્યાં ?

પ્રભુ ! અનાદિ અવિદ્યામાં ઘેરાયેલા સ્વચ્છંદાચારી અને ચપળ ચિત્તવાળા અન્યમતવાદીઓને પ્રતિબોધવામાં અમે અસમર્થ છીએ; કેમકે આપે તેમને સત્યદર્શન કરાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ કદાગ્રહને પકડીને એકાંત પક્ષની સિદ્ધિને અનુસરનારા આ અન્યતીર્થિકો આપના ગૂઢ તત્ત્વને જાણી શક્યા નથી; તો પછી શ્રી હેમચંદ્ર આચાર્ય કહે છે કે આ સેવક તેમને વિશેષ શું સમજાવી શકે ? પ્રભો ! આ મતવાદીઓની મૂળ માન્યતા જ ભ્રમણાત્મક છે. તેઓ જગત બનાવનાર ઈશ્વર છે એમ કહી એવું પ્રમાણ રજૂ કરે છે કે "**एवं कर्माऽपि कार्यमपीश्वरे लिंग तथा हि**" એટલે કે ઘડો એક કાર્યરૂપ પદાર્થ છે અને કુંભાર એનો કર્તા છે, એ જ પ્રમાણે પૃથ્વી કાર્ય છે અને તેનો કર્તા ઈશ્વર છે. જો કાર્ય નિમિત્તથી ઉત્પન્ન થતું હોય તો તે નિમિત્તનો કોઈ કર્તા હોવો જોઈએ. આ માન્યતાવાળાને પ્રભુનો યથાર્થવાદ સારી રીતે સમજાવે છે કે ઘડો, પૃથ્વી આદિ પદાર્થોમાં રહેલાં દ્રવ્યો અનાદિ છે; અને પર્યાયથી એ ઉત્પાદ અને નાશવાળા છે. એટલે તેનો કર્તા ઈશ્વર સિદ્ધ થતો નથી. ઈશ્વરને કર્તા માનવાથી તે સાધારણ મનુષ્ય બની જાય છે, અને અશરીરીથી સંસારની રચના થઈ શકે નહીં. આમ સમજાવતાં છતાં અન્ય તીર્થંકો ન સમજે એ જ ખેદનું કારણ છે.

હવે પ્રભુની દેશના ભૂમિની સ્તુતિ કરે છે.

**(उपजाति वृत्तम्)**

**विमुक्त वैर व्यसनानुबंधाः**
**श्रयन्ति यां शाश्वैरिणोऽपि ।**



**परैरगम्यां तव योगिनाथ,**
**तां देशना भूमिमुपाश्रयेऽहं ॥ २४ ॥**

મુકાય જ્યાં વૈર વિરોધ ચિત્ત, સ્વભાવ-વૈરી બનતા સુમિત્ર
હે નાથ ! એ છે પરને અગમ્ય, તે દેશના હો મુજને સુગમ્ય-૨૪

હે યોગીઓના નાથ ! આપ જ્યારે સમવસરણમાં બિરાજો છો ત્યારે સ્વભાવથી જ વૈરભાવવાળાં પ્રાણીઓ પોતાનો વૈરભાવ છોડીને એકબીજાને પ્રેમથી આલિંગન આપે છે; એટલે કે સિંહ ને બકરી, સર્પ ને નોળીઓ; મોર ને સર્પ, બિલાડી ને ઉંદર–એ સૌ પોતાનો હિંસક સ્વભાવ ભૂલી અહિંસક બની જાય છે. એટલે કે સમવસરણ ભૂમિમાં બિરાજેલાં અષ્ટપ્રાતિહાર્યથી શોભતા એવા આપના મહિમાની છાપ આ તિર્યંચો ઉપર પડે છે અને તેઓ પોતાનો સ્વભાવ બદલે છે, પરંતુ કદાગ્રહી આ અન્ય તીર્થિકો આપનો આ મહિમા પિછાની શકતા નથી, એ જ ખેદનો વિષય છે. પ્રભો ! આપની દેશનામાં જે તારકભાવ રહેલો છે, તે મને સુગમ્ય હો.

હવે અન્ય ધર્મના દેવોના સામ્રાજ્યની વ્યર્થતા સમજાવે છે.

**मदेन मानेन मनो भवेन,**
**क्रोधेन लोभेन च संमवेन ।**
**पराजितानां प्रसभं सुराणां**
**वृथैव साम्राज्य रुजापरेषाम् ॥ २५ ॥**

કામાંધ ક્રોધી મદમાન લોભી, કુતીર્થ દેવો પરભાવ ભોગી
સામ્રાજ્ય જ્યાં આ ગુણનું ભર્યું છે, જે સત્ય ન્યાયે જ વૃથા ઠર્યું છે.

હે જિનેન્દ્ર ! જે જીવાત્મા મદ, માન, કામ, ક્રોધ, લોભ

અને રાગથી પરાજિત થયેલાં છે એવા કુતીર્થિકોના દેવોનો સામ્રાજ્ય-રોગ, તદ્દન વૃથા છે, કારણ કે નિર્ગુણી પાસેથી ગુણની આશા રાખી શકાતી નથી; કેમકે "**स्वयंतरंतारयितुं-क्षम: परं**" ગુણવાન આત્મા જ પોતે તરે છે અને બીજાને તારે છે. પરંતુ જેઓ વિષયના સામ્રાજ્યમાં ડૂબેલાં છે, જેણે સંસારનો વૈભવ છોડયો નથી, સ્ત્રીપુત્ર અને ધનની અપેક્ષાવાળા છે, સગુણ અને નિર્ગુણ બ્રહ્મની વાતો કરે છે, બ્રહ્મ-સ્વરૂપને જાણતા નથી "**ब्रह्म सत्यं जगत् मिथ्या**" કહેનારા વિશ્વના પ્રલોભનથી મુક્ત નથી, યોગીનું બિરુદ ધરાવનારાના હઠ-યોગ જાણીતા જ છે, બ્રહ્મચર્યનો ઉપદેશ આપનારા લલનાઓના રાગથી મુક્ત નથી, અને ભોગી છતાં વિદેહીનો આડંબર ધારણ કરનારાના સામ્રાજ્યનો રોગ, હે પ્રભુ ! તમારા સર્વભાવે સત્ય વચનોથી સદાને માટે તે વૃથા ઠરે છે; મતલબ કે અસત્યમાં સત્યનું આરોપણ જ તેને મિથ્યા ઠરાવે છે.

હવે પ્રજ્ઞ પુરુષો રાગ માત્રથી પ્રભુ પ્રત્યે આકર્ષિત થતા નથી તે સમજાવે છેઃ

**स्वकण्ठपीठे कठिनं कुठारं,**
**परे किरन्त: प्रलयन्तु किंचित् ।**
**मनीषिणां तु त्वयि वीतराग,**
**न राग मात्रेण मनोऽनुरक्तम् ॥ २६ ॥**

પરાથી નાખે તુજ કંઠ માંહી, કઠોર વાકયોરૂપ શસ્ત્ર કાંઈ
ધારે ગુણો જ્યાં મન બુદ્ધિમા ન, ન થાય રાગ અનુરક્તમાન. ૨૬

હે પ્રભો ! વાદી લોકો આપના ગળામાં તીક્ષ્ણ હથિયાર-રૂપ કઠોર વાકયોના પ્રહાર કરે એટલે કે આપના સર્વજ્ઞપણાનો



સ્વીકાર ન કરે અને પોતાના એકાંતિકમતનું પ્રતિપાદન કરવા યદ્વા તદ્વા બોલે કે "**य: कर्मे सुकुशल: स एव योगी**" આવી યોગની વ્યાખ્યા આપે પણ કર્મના સ્વરૂપને ન જાણે અને મુક્ત આત્માનાં લક્ષણો ન વિચારે, તેમજ કામ્યકર્મને પ્રધાન-પદ આપી ભવબંધન વધારી યોગભ્રષ્ટ થાય, આવા યોગીઓ હે નાથ ! આપના સર્વજ્ઞપણાને–યથાર્થ નામને ન જાણે અને આપની મહત્તા છેદવા પ્રયત્ન કરે; પરંતુ પ્રજ્ઞ પુરુષો તો નિરાગી થઈ આપને ભક્તિ પૂર્વક ભજે છે; માટે જ કહ્યું છે કે "**यथार्थनामा तु तवैव वीर ! सर्वज्ञता सत्यमिदं न राग:**" પ્રભો ! આપનું સર્વજ્ઞપણું જે યથાર્થ નામનું સૂચક છે, એ જ અમારી ભક્તિનું કારણ છે, પરંતુ રાગ એ કારણ નથી. કારણ કે રાગ એ બંધન છે. પ્રજ્ઞ પુરુષો રાગના બંધથી મુક્ત હોય છે.

હવે પ્રભુને માધ્યસ્થભાવે સમજનારા લોકોમાં માત્સર્ય ભાવનો કેવો અવગુણ હોય છે તે બતાવે છેઃ

**सुनिश्चितं मत्सरिणो जनस्य,**
**न नाथ मुद्रामति शेर ते ते ।**
**माध्यस्थ्यमास्थाय परीक्षकाये,**
**मणौचकाचे च समानु बंधा: ॥ २७ ॥**

માધ્યસ્થભાવે કરતાં પરીક્ષા, સમાન જાણે મણિ કાચને ત્યાં
નક્કી જ છે નાથ ! વિરોધ મુદ્રા, પામે ન તે કાંઈ અતિક્રમો ત્યાં–૨૭

હે નાથ ! આપના ગુણો અને વચનામૃતો કે જે સર્વ અપેક્ષાએ સત્ય અને હિતકર્ત્તા છે, તેની પરીક્ષા જો કોઈ મધ્યસ્થભાવથી એટલે મણિ અને કાચને સરખા ગણવાની

બુદ્ધિથી કરે, તો તે પરીક્ષા કહી શકાય નહીં. પરીક્ષા તો એ જ કહેવાય કે જ્યાં પરીક્ષકને સારાસાર સમજવાનો વિવેક હોય, ગુણની કિંમત હોય, પક્ષપાત ન હોય, કાચ અને મણિ વચ્ચેના ભેદ પારખવાની ભેદ બુદ્ધિ હોય, બાકી તો કાચ અને મણિને સરખા ગણનારા, આપના વીતરાગીપદને જાણવા અસમર્થ છે. આવા કુતર્કવાદી મત્સરી લોકોની મુદ્રાનો એટલે એમના ધર્મના સિદ્ધાંતો ઉપર અતિક્રમણનો ભય આવા લોકો તરફનો ન હોય એ દેખીતું જ છે. પ્રભુ ! માધ્યસ્થભાવ જીવને તરવાનું સ્થાન છે, પરંતુ તે "माध्यस्थभावं विपरीत वृत्तौ" શત્રુ અને મિત્રને સરખા ગણવામાં જ તારકરૂપ છે, પરંતુ તે મણિ અને કાચને એક સરખા ગણવામાં નથી.

હવે સ્તુતિકાર આ સ્તુતિની મહત્તા અંગે દૃઢતાથી પોતાની ઘોષણા રજૂ કરે છેઃ

( उपजाति वृत्तम् )

इमां समक्षं प्रतिपक्ष साक्षिणा—<br>
मुदार घोषामव घोषणां ब्रुवे ।<br>
न वीतरागा त्परमस्ति दैवतं—<br>
न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥ २८ ॥

(ઉપજાતિ છંદ)

કરું જ આજે જયઘોષણા ખરે,<br>
ઉદાર ભાવે પ્રતિપક્ષ કારણે;<br>
જિનેન્દ્રથી શ્રેષ્ઠ ન દેવ કોઈ જ્યાં,<br>
નયે અનેકાંત સમું ન કોઈ ત્યાં.

સ્તુતિકાર શ્રી હેમચંદ્ર આચાર્ય કહે છે કે હું પ્રતિપક્ષી લોકોનો સામનો કરવા દૃઢતાપૂર્વક એવી ઘોષણા કરું છું કે



"વીતરાગ" અર્થાત્ "विगतो रागो यस्य सः वीतरागः" જેણે રાગદ્વેષરૂપનું આત્માનું બંધન નષ્ટ કરી આ પરમપદ પ્રાપ્ત કર્યું છે તેની બરાબર બીજા કોઈ દેવ આ બ્રહ્માંડમાં નથી તેમજ અનેકાન્તવાદને છોડી વસ્તુનું પ્રરુપણ કરવા માટે બીજો કોઈ માર્ગ નથી. એક નયની અપેક્ષાએ જોનારો અંધ હસ્તી-ન્યાય પ્રસિદ્ધ છે, તેમજ પ્રતિપક્ષીઓએ "विनायकं प्रकुर्वाणो, —रचयामास वानरः" વિનાયક બનાવતાં વાંદરો બનાવી દીધો. આમ પ્રતિપક્ષના કલ્પિત ન્યાયો અનેકાન્ત આગળ ટકી શકતા નથી. સ્તુતિકાર દૃઢતાથી કહે છે કે "इणमेव निगांथ पावयणं सच्चं, अणुत्तरं केवलियं, पडिपुण्णं आदि" અર્થાત્ આ જ નિર્ગ્રંથનો પ્રરૂપેલ સાચો ઉત્તમ કેવળી-ભાષિત અને સંપૂર્ણ વીતરાગ માર્ગ છે. જૈન શાસન આત્માનું ખોવાએલું કેવલરત્ન પ્રાપ્ત કરવાનું સમજાવે છે. પ્રતિપક્ષમાં આ અમૂલ્ય વિધાન બતાવવામાં આવ્યું નથી; તેમજ પડતાને બચાવવાનો રાજ-માર્ગ અન્ય દર્શનકારો શોધી શકયા નથી. જેથી આ દર્શન સર્વશ્રેષ્ઠ છે.

હવે જિનેશ્વરદેવ પ્રતિ સ્તુતિકારના આકર્ષણનું કારણ સમજાવે છેઃ

न श्रद्धयैव त्वयि पक्षपातो<br>
न द्वेषमात्रादरुचिः परेषु ।<br>
यथावदाप्तत्व परीक्षयातु<br>
त्वामेव वीरप्रभुमाश्रिताः स्मः ॥ २९ ॥

શ્રદ્ધા જ માનો ન જ પક્ષપાત, પરે અવિશ્વાસ ન દ્વેષમાત્ર; કરી પરીક્ષા યથાર્થ ભાવે, હે વીર ! આશ્રિત થયા સ્વભાવે–૨૯

હે વીરપ્રભુ ! કેવળ શ્રદ્ધાના કારણે જ આપના આશ્રિ

અમારો પક્ષપાત નથી, તેમજ કોઈ પણ જાતની દ્વેષ બુદ્ધિને કારણે અન્ય ધર્મમાં મનાતા દેવો તરફ અમને અવિશ્વાસ નથી; પરંતુ યથાર્થ દૃષ્ટિએ નિષ્પક્ષાપાતે આ બન્ને વસ્તુની પરીક્ષા કરીને જ અમોએ આપનો આશ્રય લીધો છે. પ્રભો! ગુણની અપેક્ષાએ જ આપનામાં અમારો આદર પ્રગટ થયો છે. કહ્યું છે કે "गुणज्ञ पूज्योऽसि यतोऽयमादरः" ગુણની અપેક્ષાએ જ આપ જગત પૂજ્ય છો. વળી "हितान्वेषोपायस्तव गुणकथा सं'न गदितः" મુમુક્ષુ જીવો પોતાના હિતને માટે જેમ પ્રભુના ગુણ-કીર્તનમાં જોડાએલા હોય છે તેમ અમે અમારા આત્મશ્રેયને માટે પ્રભુના ગુણનો આશ્રય કરીએ છીએ. તેમાં અન્ય દેવો ઉપરની દ્વેષબુદ્ધિનું કાંઈ કારણ નથી. તેમ જ કોઈ જાતની અંધશ્રદ્ધાનું પણ કારણ નથી. માત્ર **આત્મશ્રેય અર્થે** પ્રગટની ભક્તિ એ જ કારણ છે.

હવે પ્રભુની વાણીની મહત્તા બતાવે છેઃ

**(उपजाति वृत्तम्)**

तमः स्पृशाम प्रतिभासभाजं
भवन्तमप्याशु विविन्द ते याः ।
महेम चन्द्रांशुदृशाव दाता–
स्तास्तर्क पुण्या जगदीश वाचः ॥ ३० ॥

જિનેન્દ્ર-વાણી શુભ તર્કગામી, પવિત્ર ચંદ્રાંશુ સમી ગણાતી;
પ્રકાશતી એ પ્રભુને સદાએ, અજ્ઞાનતામાં નહિ એ જણાએ-૩૦

હે જિનેન્દ્રદેવ! આપની વાણી સાત નય, ચાર નિક્ષેપો, ત્રણ પ્રમાણ અને સાત ભંગથી કહેવાએલી છે; જેને ગણધરો બુદ્ધિના આઠ ગુણથી ગ્રહણ કરે છે, જે જિનેશ્વરદેવના જ્ઞાન-



દર્શન અને ચારિત્રને પ્રગટ કરનારી છે તેમજ તેની આરાધનાથી જ્ઞાન-દર્શન ચારિત્રનો ગુણ પ્રગટ થાય છે. કહ્યું છે કે "**एगस्ससुत्तस्स अणंतोअत्थो**" એક સૂત્રમાં અનંતા અર્થ સમાએલાં છે, એવી ભાવવાહી પ્રભુની વાણી છે, જે અનુપમેય છે, છતાં ઉપમા આપવા માટે તેને ચંદ્રમાના કિરણ સરખી સ્વચ્છ અને તર્કથી પવિત્ર થયેલી ગણી છે, જે અજ્ઞાનરૂપી અંધારામાં રહેનારા જીવોને અગોચર છે. માટે જ કહ્યું છે કે '**अद्धारकं जिन तमस्तमसो विशन्ति, येषां न भन्तितवाग् द्युतयोमनस्सु**" હે પ્રભુ! જેઓના મનમાં તારી વાણીરૂપી દ્યુતિઓ પ્રવેશ પામે છે, તેઓના હૃદયને વિષે અંધકાર પ્રવેશવા પામતો નથી એવું પ્રભુની વાણીનું મહત્વ છે. પોતાના મતના કદાગ્રહમાં ડૂબેલા એકાંતપક્ષી ઉપદેશકો આ મહિમાને શી રીતે જાણે? એમ શ્રી હેમચંદ્ર આચાર્ય શ્લોકની ગૂંથણીમાં પોતાના નામનું પણ સ્મરણ કરાવે છે, એ એમની કૃતિવિશેષતા છે.

હવે પ્રભુના વીતરાગભાવની સર્વોત્કૃષ્ટતા સમજાવે છેઃ

**(रथोद्धता वृत्तम्)**

यत्र तत्र समये यथा तथा
योऽसिसोऽस्यभिधयाययातया ।
वीतदोषकलुषः सचेद्भवा,
नेक एव भगवन्नमोस्तुते ॥

(ઉપજાતિ છંદ)

લખ્યું હશે કોઈ સ્વરૂપ શાસ્ત્રે,
થયાં હશે વર્ણન દૃષ્ટિ માત્રે;
પરંતુ જીત્યા દળ દ્વેષ રાગ
નમોસ્તુતે એક જ વીતરાગ -૩૧

હે પ્રભુ! જે કોઈ શાસ્ત્રમાં, જે કોઈ રૂપમાં, જે કોઈ નામમાં જ્યાં જ્યાં વીતરાગદેવનું વર્ણન કરેલું છે તે સર્વ સ્થાને આપ એક જ સર્વજ્ઞ સ્વરૂપે છો. જેથી આપના આ વીતરાગ ભાવને અમારા નમસ્કાર હો; કેમકે મોક્ષમાર્ગ, અવિનાશીપણું, આચાર, વિનય, અને સહાયત્વ–આ પાંચ હેતુઓ વડે અરિહંતદેવ ગુણોથી ભવિ જીવાત્માઓના સદાય પૂજનીય, વંદનીય, અર્ચનીય, અને સ્મરણીય છે. જેને ભવિ જીવો પોતાના કલ્યાણનું કારણ માને છે. કારણ કે આત્માનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જો કોઈપણ ગુણ હોય તો તે જ્ઞાન છે, અને એ જ્ઞાન ગુણ અનાદિ કાળથી આત્મામાં રહેલો છે. તીર્થંકર દેવોએ આત્માની આ અનંત ઋદ્ધિ દેખી છે; તેણે એ ઋદ્ધિને પ્રાપ્ત કરીને પછી જ જગતને બતાવી છે; એટલે જ જિનેશ્વરદેવ જગત્ વંદ્ય છે; મતલબ કે જ્યાં જ્યાં આત્માની ઋદ્ધિ પ્રાપ્ત કરવાનું લખ્યું હોય, કે ઉપદેશાએલું હોય, તે સર્વનો વીતરાગ ભાવમાં જ સમાવેશ થાય છે. એ વીતરાગદેવને સદા નમસ્કાર હો.

(शिखरिणी वृत्तम्)

इद श्रद्धा मात्रं तदथपरनिन्दां मृदुधियो,
विगाहन्तांहन्त प्रकृति परवाद व्यसनिनः ।
अरक्तद्विष्टानां जिनवर परीक्षा क्षमधिया–
मंयंतत्त्वालोकः स्तुतिमयमुपाधिविधृतवान् ॥ ३२ ॥

(શિખરિણી છંદ)

ખરે માને શ્રદ્ધા મૃદુમતિ જનો સ્તોત્ર સહુ આ,
ભલે નિંદા રૂપે પ્રકૃતિ પરવાદી સમજતા;
પરીક્ષામાં સાચા જિનવર તણી નિઃસ્પૃહ મને
સદા તે માને આ સ્તવનરૂપ ભક્તિ પ્રકરણે–૩૨



પક્ષ વિપક્ષ ભાવથી દૂર રહેલાં કોમળ બુદ્ધિવાળા પુરુષો આ સ્તોત્રને શ્રદ્ધાથી બનાવેલું સમજે, તેમ જ વાદશીલ પુરુષો આ સ્તોત્રને કોઈ બીજા દેવની નિંદાને માટે બનાવેલ છે એમ સમજે, પરંતુ હે પ્રભુ! પરીક્ષા કરવામાં સમર્થ રાગદ્વેષથી રહિત પુરુષોને તો આ તત્ત્વોના પ્રકાશ કરવાવાળો, આ સ્તોત્રસમૂહ એટલે કે આ બત્રીશી સ્તુતિરૂપ ધર્મમાં આત્મચિંતનનું કારણ છે, એ નિઃસંદેહ છે. ઇતિ શમ્.

ઇતિ સ્યાદ્વાદ મંજરી સમાપ્ત